કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

સુવર્ણજયંતી-વર્ષ · અંક ૯મો · સપ્ટેમ્બર ૧૯૭૩

તંત્રી · બચુભાઈ રાવત






ઉપર: કૂમળાં પાન
ડાબી બાજુ: બતકો · નીચે: અળતો
ચિત્રકાર: રમેશ પંડ્યા
(જુઓ આ અંકની 'કલાવાર્તા')

સળંગ
અંક
૫૯૭





સાગર અને સરિતાના મિલનની જેમ રંગ અને રેખાનું સુંદર સાયુજ્ય નિરૂપતી કુ. શકુન્તલા દીવાનજી (હવે શ્રીમતી દેસાઈ)ની એક ચિત્રકૃતિ

કુમાર

સપ્ટેમ્બર ૧૯૭૩ • અંક ૫૯૭

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

વાર્તા

ચરિત્ર

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર **માસની ૧૫મી** તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો **તરત તેની ફરિયાદ** કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી **પાસે નકલો હોય છે** ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; **પરંતુ એવા ગુમ** થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે **માથે રહેતું નથી.**

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : **બચુભાઈ પોપટભાઈ રાવત**
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ **રાયપુર. અમદાવાદ.**
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ. ૪ **છૂટક નકલ: રૂ. ૧-૭૫**

પ્રીત / જયન્ત પાઠક

- વસંત-મૃદંગ -

તું પૃથ્વીને ચાહીશ?! સ્હેલું નથી જ ભાઈ!
આ તો શૂળી ઉપર સેજ, ન રૂ-તળાઈ.
એ માનિનીની અવળાઈ! રહસ્ય-ગાંઠ
વાળેલી સખ્ત વળમાં નહિ છોડવા દે;
એ મોડશે મુખ, તને નહીં મોડવા દે;
ગોખ્યા તું ભૂલી જ જશે સહુ પ્રીતિ-પાઠ;
તું મુગ્ધ માની વરતીશ, વિદગ્ધ એ તો,
એને કટાક્ષ તુજ લોળપ લોંઠી પાડશે;
ને પકવ જાણી કરશે તું અનુનયો તો
કન્યા જ કાચી વયની બની તુંથી લાડશે!
આ તો વિચિત્ર પ્રણયિનીથી છે પ્રસંગ;
તું ભાઈ, ક્યાં સુધી નિભાવી શકીશ સંગ!

તારે ખુવાર થવું છે પણ, કેમ? તો તો
લેને વહી, ચહી જ લે; (બદલાય કાં તો!)

ઘરમાં પાછો વળતો વૃદ્ધ / ઉશનસ્

- શિખરિણી -

હવે જાણે જ્યાંત્યાં થકી, બહિરથી, માર્ગ-ગલીથી,
બધેથી આવીને રજરજ સમેટાઇ—ઊખડી;
પુરાણા આ મારા લીંપણઘરની છાપરી નીચે
શિયાળુ આ રાત્રે કડકડતી ઠંડીમહીં પુનઃ
દીવાલોની ઓઢી નખશિખ ઊની ધાબળી લઈ
ભરાઈ જોઉં છું 'પડતુ' મૂકીને ભીતર-ઘરે
ભીડી દૌં' છું દ્વારો દ્રુત ગતિ તણી હાંફણ વડે.

હવે મારાં વ્હાલાં સ્વજન, મુજ સંતાન સઘળાં!
સરો થોડાં થોડાં નજીક મુજ આ ખાટલી ભણી;
કુટુમ્બી, કૂંડાળે વળી નિકટ બેસો, અતીતની
જૂની કો વાગોળો હસી હસી કથા આ ઘર તણી;
હતાં સૌયે ભેગાં સગડી ફરતાં, તે રજનીની.
તમોને તાપંતો અવ મધુ હૂંફે, તાપ ક્રમળે
ધીમેધીમે આંખો મીંચી જઈશ હું કોઈક પળે.

ઘરમાં પાછો વળતો વૃદ્ધ : સૉનેટના પૂર્વાર્ધમાં ઘરમાં પાછા વળતા વૃદ્ધની કાવ્યાત્મક ઉક્તિ મૂકી છે. જૂના ઘરમાં પ્રવેશતાં જ શિયાળાની કડકડતી રાત્રે તે હૂંફ અનુભવે છે-ચારે દીવાલોની જાણે ધાબળી ઓઢી ને! એની ઘરમાં પ્રવેશવાની દ્રુત ગતિ 'પડતું મૂકીને' ભરાઈ જવાની વાતમાં તેમજ 'હાંફણ વડે' વ્યક્ત થઈ છે. પછી ઉત્તરાર્ધમાં તેની ઉક્તિ સંબોધનમાં સરી પડે છે. સ્વજનોને પોતાની ખાટલી પાસે બોલાવી, ભૂતકાળમાં આવી જ ઠંડી રાત્રે સગડી પાસે તાપતાં તાપતાં સૌ વાતો કરતાં તે સુખદ સ્મરણો વાગોળવાની વાત કરે છે. અને એવી કોઈક સુખદ પળે કુટુંબની મધુર હૂંફમાં રહીને દેહત્યાગની જે ઇચ્છા વ્યક્ત કરે છે તેમાં સંયુક્ત કુટુંબનાં સંતોષ-સુખનો મહિમા પ્રગટ થયો છે.

નવા નવા : ઈશ્વરની, પરમ તત્ત્વની, ભિન્નતામાં એકતા અને એકતા-ભિન્નતાનું માહાત્મ્ય અહીં ગાયું છે.

બીજી એક વાત

શ્રી 'બનફૂલ'ના બંગાળી ઉપરથી
સુકન્યા ઝવેરી

'વાહ! ખૂબ શણગાર સજ્યા છે ને કંઈ! સોનેરી તડકાની પશ્ચાદ્-ભૂમિકામાં તું ખૂબ સોહામણી લાગે છે. પણ તું ક્યાં જાય છે એ તો કહે!'

'અરે, એ તો મેં વિચાર જ નથી કર્યો! પણ તમે તો જાણો છો ને? તમારે તો જાણવું જરૂરી છે. આ પથે તો તમે મારી યે પહેલાં આવ્યા છો. હું તો હજી હમણાં આવી. જવું જોઈએ એટલે જ જાઉં છું. પણ ક્યાં જવાનું છે તે તો જાણતી નથી, ભાઈ. સાચું કહું તો જાણવાની ઉત્સુકતા યે નથી થતી. આ રૂપરંગની બહારથી સર્વને મનોમુગ્ધ કરતી સૌરભની છાબ ધરી સૌની સામે ઊભી છું, એ જ મારે માટે બસ છે. જાઉં છું સીધી વાટે. ક્યાં જઈને પહોંચીશ, જાણતી નથી. પણ તમે તો જાણો છો ને?'

'થાય છે કે જાણું તો છું; પણ એ વાત તને કહેતાં જીભ ઊપડતી નથી. થાય છે કે આ વાત માંડી એ જ ભૂલ થઈ.' 'કેમ?'

'તું તો હજી તરુણી છો. તારે ય એક દિવસ વિવર્ણ વૃદ્ધત્વના દળમાં જઈ ભળવું પડશે. એ વાત તું ન સાંભળે એ જ...'

આકાશમાં એક વિશાળ ધોળું વાદળ વિરાટકાય દૈત્યની જેમ ટહેલતું હતું. સૂર્યપ્રકાશથી ચમકતો દૈત્ય જાણે લોલુપ દૃષ્ટિથી પૃથ્વી તરફ જોઈ રહ્યો હતો. એવું લાગતું હતું કે આ વાત સાંભળી તેના મુખ પર પૈશાચિક હાસ્ય ફૂટી નીકળ્યું.

'સાંભળું તો શું? પ્રવાસપથની પહેલેથી જ જાણ કરી રાખેલી ભલી.'

'મને જોઈને આછોપાતળો ખયાલ તો આવી જ ગયો હશે! તારી જેમ મારે ય શું રૂપ હતું એક જમાનામાં! હું યે એક દિવસ રંગના હિલ્લોળે માદકતા પ્રસરાવતી હતી. મારી સુવાસ અને મીઠાશે કેટલા યે મધુકરને પાગલ કર્યા'તા. પણ આજ મારા હાલ તો જો!'

'જોયા. તમારી વેશભૂષા વિખરાએલી, મલિન અને શિથિલ; છતાં તમારા મુખ પર હાસ્ય તો કરમાયું નથી! તેથી જ, મને લાગે છે કે, આપણે એક જ વંશનાં હોઈશું. મારા યે મુખ પરનું હાસ્ય ક્યારે ય વિલીન થતું નથી. પણ સાચેસાચ, તમને ખબર છે આ પ્રવાસનો અંત? મને કહોને!'

'અંત મૃત્યુમાં. મૃત્યુની છાયા મારા અંગેઅંગમાં વ્યાપી ગઈ છે. કદાચ કાલે તો હું હોઈશ પણ નહિ, સદા માટે વિદાય લઈશ.'

'મારા યે એવા જ હાલ થશે?' 'સર્વેના એ એ જ હાલ.'

સદ્ય વિકસિત ફૂલના મુખ પર શંકાની છાયા ઊતરી આવી. ભયભીત કુતૂહલી નજરે તે મરણોન્મુખ ફૂલ તરફ જોઈ રહી.

બીજે દિવસ. વહેલી પરોઢે પૂર્વાકાશ અરુણ રંગે રંજિત થઈ ઊઠયું હતું. 'સદ્ય જાગ્રત' પંખીઓએ ગાન શરૂ કર્યું. પ્રકાશના આભાસે અને પંખીના ગાને ચારે દિશા પરિપૂર્ણ.

કરમાએલા ફૂલની પાંખડીઓ એક એક કરી ખરતી હતી. તો યે તેના મુખ પર એ જ મધુર હાસ્ય. નવવિકસિત ફૂલને જતી વખતે કહ્યું : 'ડર નહિ. પૂર્વાકાશ તરફ નજર નાખ : જો મૃત્યુ આવે છે. જો, જો! કેવું અનુપમ, અપૂર્વ છે એ! આજ મેં એક બીજી વાત જાણી, જે કાલ હું જાણતી નહોતી. આજ મુહૂર્તે જાણ્યું કે આ અંત નથી. આ તો છે બીજા પ્રવાસની શરૂઆત! પેલું ઉષારંજિત આકાશ છે મારા નવીન પથનું સુવર્ણ-સિંહદ્વાર. જાઉં છું નવીન પથે.'

બાકી રહેલી પાંખડીઓ પણ ખરી પડી. □

પોતાના અસાધારણ પુરુષાર્થ વડે બ્રિટિશ શાસનકાળની વડી ધારાસભાના

વિયેનાની હૉસ્પિતાલના એક ઓરડામાં એ બપોર ગમગીન બની સ્થગિત થઈ ગઈ હતી. મૃત્યુશય્યા પર એક દર્દી જીવનયુદ્ધ ખેલી રહ્યો હતો. એને બચાવવા ડાક્તરો આકાશપાતાળ એક કરી રહ્યા હતા. મોંમાં મુકાએલી પ્રાણવાયુની નળી એ દર્દીની જીવાદોરીને તૂટતી બચાવવાનો વૃથા પ્રયત્ન કરી રહી હતી. પણ ત્યાં જ દર્દીએ સ્વ-હસ્તે એ નળીને મોંમાંથી બહાર ખેંચી કાઢતાં કહ્યું: 'હું ધારું છું કે મારો સમય પાકી ગયો છે.' અને એ પડખું ફરી સદાને માટે આંખ મીંચી ગયો. તે દિવસ ઈ. ૧૯૩૩ના ઑક્ટોબરની ૨૨મીનો; સમય બપોરના એક વાગ્યાનો. કેટલી સ્વસ્થતાથી એણે મૃત્યુને ભેટી લીધું! એ હતા નરપુંગવ વિઠ્ઠલભાઈ પટેલ. ક્યાં જન્મ! ક્યાં મૃત્યુ!

ઈ. ૧૮૭૩ની ૨૭મી સપ્ટેમ્બરે નડિયાદ મુકામે એમનો જન્મ થએલો. બાળપણનો મોટો ભાગ એમણે કરમસદમાં ગાળેલો. પિતા ઝવેર-ભાઈ અને માતા લાડબાઈને ૭ સંતાનો: પાંચ ભાઈ ને એક બહેન. વિઠ્ઠલભાઈ પાંચ ભાઈઓમાં ત્રીજા. નાનપણથી જ ટીખળી ને તોફાની. શાળામાં એક વાર માસ્તરે ધમકાવ્યા તો છૂટી સ્લેટ મારીને ભાગી આવ્યા ઘરે. એમનાં ટીખળમાં ક્રૂરતા અને જાડાપણું મુખ્યત્વે. એક વાર પોતાના પડોશીને ખોટી સહીથી પત્ર લખ્યો કે એમના જમાઈનું અવ-સાન થયું છે. છોકરીએ તો બલોયાં ફોડયાં. રોકકળ મચી ગઈ. જમાઈ ને ત્યાં કાણે ગયાં તો પેલા પડોશીને ખબર પડી કે કોઈએ એમની ક્રૂર મશ્કરી કરી છે. જમાઈ તો જીવતા હતા!

પાંચ વર્ષની ઉંમરે કરમસદની ધૂળી નિશાળમાં વિઠ્ઠલભાઈનો અભ્યા-સ શરૂ થયો. એઓ ભણવામાં હોશિયાર, પણ બેદરકાર ખૂબ. પ્રાથમિક શિક્ષણ પૂરું કર્યા બાદ કરમસદ કે આજુબાજુના કોઈ ગામડામાં ત્યારે હાઈસ્કૂલની વ્યવસ્થા ન હોવાથી નડિયાદની સરકારી હાઈસ્કૂલમાં દાખલ કરવા એમને મોસાળ મોકલ્યા. અહીં પણ એમણે પોતાની સ્મૃતિ ને કુશાગ્ર બુદ્ધિનો સહુને પરિચય કરાવી આપ્યો; જો કે શુષ્ક અભ્યાસક્રમમાં એમની રુચિ ઓછી. મહાપુરુષોનાં ચરિત્ર અને ઈતર વાચનનો જ એમને ભારે છંદ. એમાંથી જ જાણે ભાવિ જીવનકારકિર્દીનું ભાતું મળી રહેતું. આખાય વર્ગ પર આધિપત્ય જમાવવાની એમની શક્તિ એમના વિકસેલ ભાવિ નેતૃપદની આરંભિક ભૂમિકા જ હતી. કોઈ ને પણ ગાંઠવું નહિ અને જે સાચું લાગ્યું તે કરવું એ ગુણો અહીંથી જ વિકસવા લાગ્યા હતા.

એક વાર પરીક્ષામાં 'ટૉમસ વૂલ્ઝી'ના જીવનવર્ણનનો કેટલોક ભાગ એમણે શબ્દશ: લખ્યો. હેડમાસ્તરને શંકા ગઈ અને વિઠ્ઠલભાઈ પર પુસ્તકમાંથી ચોરી કર્યાનો આરોપ આવ્યો. સ્વમાની અને સાચુકલો શિષ્ય આ કેમ સાંખી લે? એમણે આરોપને પડકાર્યો. થોડી ક્ષણોના વાચન પછી બીજો એક ફકરો એ પ્રમાણે લખવા હેડમાસ્તરે કહ્યું. પુસ્તક વાંચી તરત જ વિઠ્ઠલભાઈએ એ ફકરો શબ્દશ: લખી આપ્યો! સહુ એમની આ યાદદાસ્તથી પ્રભાવિત થઈ ગયા. બધા શિક્ષકોને લાગ્યું કે આ વિદ્યાર્થી પોતાની આવી અદ્ભુત યાદદાસ્તનો ઉપયોગ નિર્ધારિત અભ્યાસક્રમમાં કરતો હોય તો કેવું અકલ્પ્ય પરિણામ લાવે! પણ એ-મનાં તો રસ-રુચિ જ જુદાં. પરિણામ એ આવ્યું કે ઈ. ૧૮૯૦માં સ્કૂલ ફાઈનલ અને સ્કૂલ લીવિંગ એમ બંને પરીક્ષામાં એઓ નિષ્ફળ ગયા! હવે? કૉલેજની ઉચ્ચ કેળવણીનું દ્વાર વણઊઘડયું રહ્યું. પરંતુ એમને તો વ્યાવહારિક ભૂમિમાં જ જીવનની કારકિર્દીનાં બીજ રોપવાં હતાં. એટલે એમણે હવે ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષામાં બેસવાનો નિર્ણય કરી લીધો. પરંતુ એ માટે સ્કૂલફાઈનલ પરીક્ષા તો પસાર કરવી જ પડે. ઈ. ૧૮૯૧માં આ પરીક્ષા એમણે આપી અને ઉત્તીર્ણ થયા. વકીલ બનવાનું સ્વપ્ન સાકાર કરવાનો માર્ગ હવે મોકળો થઈ ગયો.

ઊપડયા મુંબાઈ. ત્યાં કાયદાની પરીક્ષા માટે વિદ્યાર્થીઓને તૈયાર કરતા ગોખલેના વર્ગોમાં જોડાયા. વકીલ બનવાનું ધ્યેય એમની આંખ સામે હવે સ્પષ્ટ હતું; અને એક વાર ધ્યેય સ્પષ્ટ હોય તો ગમે તે ભોગે એને સિદ્ધ કરવાની વિઠ્ઠલભાઈની નિર્ધારશક્તિ અને પુરુષાર્થ અજબ અને અડગ હતાં. એમની ભાવિ રાજકીય કારકિર્દીમાં આ ગુણોએ સારો ભાગ ભજવ્યો હતો. ખડતલ બાંધાના અને દૃઢ નિર્ધારશક્તિવાળા આ પોલાદી પુરુષ પાસે હૈયાની ઋજુતા પણ હતી. મુંબાઈના અભ્યાસ કાળ દરમ્યાન એ કુટુંબપ્રેમને ભૂલી શકતા નહોતા. માત્ર ૯ વર્ષની ઉમર-ની સૌજિત્રાની બાળ કન્યા દિવાળીબેન સાથે એમનું લગ્ન થઈ ગએલું. ત્યારે એમની ઉમર ૧૬ વર્ષની. જો કે એમની પ્રગલ્ભ બુદ્ધિપ્રતિભાને અનુકૂળ આ પાત્ર નહોતું એટલે એમનું લગ્નજીવન પ્રસન્ન હતું એમ નહિ કહી શકાય. મુંબાઈમાં માતાપિતાનું આકર્ષણ ભારે—એમનો વિરહ સાલે એટલું ભારે! પણ એ લાગણીને તાબે થવા કરતાં એના પર કાબૂ મેળવવાનું વલણ વધારે ધરાવતા હતા. આખરે ધ્યેય સિદ્ધ કર્યું અને ઈ. ૧૮૯૫માં વકાલતની પરીક્ષા પસાર કરી.

વ્યવહારજીવનનો આરંભ ગોધરામાં એમણે વકાલતનો કર્યો. થોડા જ ગાળામાં એક યુવાન ફોજદારી વકીલ તરીકે એમનું નામ કચેરી અને સમાજમાં ગાજતું થઈ ગયું. ઉજ્જ્વળ વ્યાવસાયિક કારકિર્દીનો સંગીન પાયો ગોધરામાં ચણી એમણે ઈ. ૧૮૯૮માં બોરસદ ખાતે મુખ્ય મથક સ્થાપ્યું. એમની સચોટ દલીલશક્તિ, પુરાવા પરની ઝીણી પકડ, આક્રમક રજૂઆત, તથા નર્મમર્મ અને કટાક્ષભરી વાણીથી એમની વ્યાવસાયિક કીર્તિસરિતામાં પૂર ઊમટયું. પરંતુ એ નાના કેન્દ્રમાં એમનો મહત્ત્વા-કાંક્ષી જીવ અકળાતો હતો.


દરમિયાનમાં એમના અનુજ વલ્લભભાઈ પટેલે પણ વકાલતમાં નામના પ્રાપ્ત કરી લીધી હતી. પણ મહત્ત્વાકાંક્ષા જબરી. વિઠ્ઠલભાઈથી છાને છાને એમણે વધુ અભ્યાસાર્થે ઈંગ્લૅંડ જવાની તૈયારીઓ કરવા માંડી. એક વાર અચાનક જ ભંડો ફૂટી ગયો. સ્ટીમરશિપ કંપની સાથેનો (સરદાર) વલ્લભભાઈ પટેલનો પત્રવ્યવહાર અને પાસપોર્ટ એમના હાથમાં આવી ગયો. પાસપૉર્ટમાં વલ્લભભાઈ પટેલને બદલે નામ હતું વી. જે. પટેલ. બસ, પત્યું! તકનો લાભ લેવાની વિઠ્ઠલભાઈની બુદ્ધિએ માર્ગ શોધી કાઢયો. પોતાના આદ્યાક્ષર પણ એ જ—વી. જે. પટેલ. એમણે નાના ભાઈ પાસે રજૂઆત કરી કે પોતે વડીલપણાને નાતે ઇંગ્લૅંડ જવા માટે પ્રથમ હકદાર છે. વલ્લભભાઈ માની ગયા, કે માની જવું પડયું. એ ગમે તે હોય, પણ સમાન આદ્યાક્ષરનો લાભ લઈ વિઠ્ઠલ-ભાઈએ તક સાધી લીધી. હવે પ્રશ્ન હતો ક્લેશપ્રિય પત્નીને મનાવવા-નો. વિઠ્ઠલભાઈ માટે એ યુક્તિ તો સરળ હતી. પત્ની પાસે એક વાર મજાકમાં કોઈ સૂચન મૂકતાં એમણે કહ્યું: 'જો તું મારું આ સૂચન નહિ સ્વીકારે તો હું ઇંગ્લૅંડ ભાગી જઈશ.' ભોળી નિરક્ષર પત્ની એને માત્ર મજાક જ ગણતી હતી. માટે તો તેણે કહ્યું કે, 'જાવને, તમને કોણ રોકે છે?' ખલાસ? વિઠ્ઠલભાઈને મંજૂરીની મહોર મળી ગઈ. કજિયાથી કામ પતી ગયું! એક કેસ માટે પોતે મુંબાઈ જાય છે એવું પત્નીને સમજાવી ઈ. ૧૯૦૫માં એમણે ઇંગ્લૅંડ તરફ પ્રસ્થાન કર્યું.

ત્યાં પહોંચી એઓ કાયદાશિક્ષણની જાણીતી સંસ્થા 'લિંકન્સ ઈન'-માં દાખલ થયા. બૅરિસ્ટરની ડિગ્રી માટે ત્રણ વર્ષનો અભ્યાસક્રમ. પરંતુ અતિ ઉત્સાહી અને પરિશ્રમી વિઠ્ઠલભાઈ અઢી વર્ષમાં આ અભ્યાસક્રમ પૂરો કરી અંતિમ પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ આવ્યા. પચાસ પાઉંડનું પારિતોષિક પ્રાપ્ત થયું. એમના આ અભ્યાસકાળ દરમિયાન પણ કેવળ વિદ્યાપ્રાપ્તિને જ ધ્યેય બનાવી, મોજશોખને તિલાંજલિ આપી, સાદાઈ

અધ્યક્ષ બનનાર પ્રથમ હિંદી અને ખરાઅર્થ-માં તન-મન-ધનથી દેશની સેવામાં ખડક જેવી અડગતા દાખવી બંધારણીય ભૂમિકા પર અંગ્રેજી હકૂમતને હચમચાવનાર એક વિસ્મૃત છાતીગરા મર્દ ગુજરાતી

વિઠ્ઠલભાઈ પટેલ

લેખક
ધીરુભાઈ પરીખ



આ માસમાં જેમની જન્મશતાબ્દી આવે છે

અને સંયમભર્યું જીવન ગાળી પરદેશમાં એક આદર્શ ભારતીય વિદ્યાર્થીની છાપ એમણે ઊભી કરેલી. એમના આ લંડનવાસ દરમિયાન દાદાભાઈ નવરોજીનો પરિચય લાભદાયી નીવડ્યો. રાજકીય સફળતા માટે દાદાભાઈ-એ મંત્ર આપ્યો: 'Agitation, agitation and still more agitation.' (ચળવળ, ચળવળ, વધુ ને વધુ ચળવળ.) એમના રાજકીય ઘડતરમાં આ મંત્રબીજે મહત્ત્વનો ફાળો આપ્યો. પરંતુ ત્યારે હજુ તો એમને ખયાલ પણ ન હતો કે પોતે રાજકારણમાં સક્રિયપણે ઝંપલાવશે. ઇંગ્લૅંડમાં ક્યાંય ફર્યાકર્યા વગર નાકની દાંડીએ અભ્યાસ કરીને બૅરિસ્ટર બનવાનું ધ્યેય પાર પાડી ઈ. ૧૯૦૮માં એઓ ભારત પાછા ફર્યા.

હવે એમણે મુંબાઇને મુખ્ય વ્યાવસાયિક મથક બનાવ્યું. વકીલ તરીકે અહીં પણ એમણે નામના પ્રાપ્ત કરી. ત્યારે તો એમ જ લાગતું કે એઓ વકાલતના ધંધામાં જ સ્થિર થવાના. પરંતુ ઈ. ૧૯૧૦માં એમના જીવન-માં બે મહત્ત્વની ઘટનાઓ બની, અને એમની જીવનદિશા ફંટાવા લાગી. પ્રથમ ઘટના પત્નીનું મૃત્યુ. ત્યારે એઓ નિઃસંતાન અને ઉંમર કેવળ સાડત્રીસની. મિત્રો ને સંબંધીઓએ ફરી વાર લગ્ન કરવા ખૂબ સમજાવ્યા. પરંતુ એમના પ્રયાસો વ્યર્થ ગયા. પત્નીના મૃત્યુથી હો કે પ્રથમ લગ્ન-જીવનના અપ્રસન્ન અનુભવથી હો, પણ એમની ચિત્તવૃત્તિ સંન્યાસી જેવી બની ગઈ હતી. ધન અને ધંધો બન્નેમાંથી મન ઊઠવા લાગ્યું હતું. ત્યાં તો એ જ વર્ષે એઓ માંદા પડ્યા. સારવાર માટે વતનમાં આવ્યા. નડિયાદ અને આણંદના એમના એ રોકાણ દરમિયાન ખેડા જિલ્લાના ખેડૂતોની સાચી સ્થિતિ અને સમસ્યાઓથી માહિતગાર બન્યા. પરિણામે ખેડૂતના આ દીકરાને લાગ્યું કે પોતાનું ખરું કામ તો આ કૃષીવલોની વચમાં છે. ધીકતા ધંધામાંથી હવે સમાજસેવા અને દેશસેવા તરફ એમનું મન ઢળવા લાગ્યું. એવામાં સોજિત્રાના વતની ને અરવિંદ ઘોષ જેવાની અસર નીચે આવેલા પરમ દેશભક્ત નરસિંહભાઈ ઈશ્વરભાઈ પટેલ સામે સરકારે રાજદ્રોહનો ગુનો દાખલ કર્યો. અંગ્રેજ સરકાર વતી પ્રતિનિધિ હતા પોલી-સ ઈન્સ્પેક્ટર ખાન બહાદુર કાવસજી પેટીગરા. બચાવપક્ષના વકીલ હતા વિઠ્ઠલભાઈ. પેલા પોલીસ ઈન્સ્પેક્ટર સાક્ષીના પાંજરામાં ઊભા રહેવાને બદલે બહાર ખુરશી પર બેઠાબેઠા જ પોતાના અભિપ્રાયો આપવા માં-ડ્યા. વિઠ્ઠલભાઈએ તરત પોતાની વિશિષ્ટ કટાક્ષમય પદ્ધતિએ કહ્યું કે ખુરશીમાં બેઠેલા પેલા સજ્જન અને વિદ્વાન વકીલ કોર્ટના કામમાં આમ દખલ કરે છે તે ચલાવી ન લેવાય. આ વેધક પણ હળવી ટકોરથી આખાય કચેરી ખંડમાં હાસ્યનું મોજું વ્યાપી વળ્યું. પેલા ઈન્સ્પેક્ટર પણ સમજી ગયા અને સાક્ષીના પાંજરામાં ચાલ્યા ગયા. વિઠ્ઠલભાઈ અંતે મુકદ્દમો જીતી ગયા ને દેશબાંધવોએ એમને વધાવી લીધા. ત્યારથી પ્રજાના ન્યાય માટે અંગ્રેજ સરકાર સામે પડવાનો એમણે મનોમન નિર્ધાર કરી લીધો.

અને એક વાર નિર્ધાર કર્યો પછી તો વિઠ્ઠલભાઈ એને મૂકે જ શાના? તરત જ દાદાભાઈ નવરોજીનું પેલું સૂત્ર—ચળવળ, ચળવચ, વધુ ને વધુ ચળવળ—યાદ આવી ગયું. રાજકારણમાં સક્રિયપણે ઝંપલાવવાની શુભ ઘડી આવી પહોંચી. સૌપ્રથમ એમણે મુંબાઈની ધારાસભામાં જવાનો નિર્ધાર પાકો કરી લીધો. એ માટે બોરસદની તાલુકા પંચાયતમાં ચૂંટાઈ, ખેડાની જિલ્લા પંચાયતમાં પણ ચૂંટાઈ આવ્યા અને ૪૦માંથી ૨૮ મત મેળવીને પ્રતિસ્પર્ધીને મહાત કરી ધારાસભામાં પહોંચ્યા. આ હતો એમની દૃઢ ઇચ્છાશક્તિનો અને પલટાતી જીવનદિશાનો વિજય.


મુંબાઈ ધારાસભામાં એ આગળ આવ્યા તે પહેલાં ધારાસભાના પુસ્તકાલયમાં રોજના આઠ આઠ કલાક સતત વાચનમાં ગાળતા અને જે જે પ્રશ્નો પોતાને ચર્ચવાના હોય તેનો તલસ્પર્શી અભ્યાસ કરતા. આ રીતે, કોઈ પણ બાબતની સંપૂર્ણ પૂર્વતૈયારી વગર પોતે તેમાં પડતા જ નહિ. એ સ્વભાવગત ખાસિયતે એમને ધારાસભામાં ખ્યાતિ અપાવી. પછી તો ઈ. ૧૯૫૫માં એઓ કૉંગ્રેસમાં પણ જોડાયા. આમ, એમની રાજકીય કારકિર્દીના સફળ શ્રીગણેશ મંડાયા.

મુંબાઈ ધારાસભામાં એમણે ઠરાવો રજૂ કરી, તેમજ પ્રશ્નોની ઝડી વરસાવીને પોતાની અનુપમ કાબેલિયત તથા અજોડ હિમ્મતની પ્રતીતિ કરાવી આપી. એક અંગ્રેજ અધિકારીએ કોઈ ભારતીય નાગરિકને માર્યો, તો પ્રશ્ન ઉઠાવી સરકારને સભાન કરી. આયુર્વેદિક તેમજ યુનાની વૈદક પદ્ધતિને સ્વીકારતો તથા ફરજિયાત પ્રાથમિક કેળવણી આપવા માટેનો ખરડો એમણે જ રજૂ કરેલો. મુંબાઈની સિડનહામ કૉલેજમાં ભારતીય અધ્યાપકોની ભરતી કરવાનો ખરડો પણ એમનો જ હતો. આમ, ભારતીય નાગરિકના હક અને ન્યાય માટે એમણે બંધારણીય રાહે સક્રિય કામ



વિઠ્ઠલભાઈ, મુંબાઈ પ્રાંતની લેજિ-સ્લેટિવ કાઉન્સિલમાં હતા ત્યારે, ઈ. ૧૯૧૩ની ૬ઠ્ઠી જાન્યુઆરી પછીના ગાળામાં.

▷ ઈ. ૧૯૩૩ના ઑગસ્ટમાં પરદેશથી લખેલા એક પત્રમાં વિઠ્ઠલભાઈના ગુજરાતી તથા અંગ્રેજી હસ્તાક્ષરો.



Villa Dr. Steinsberg,
Franzensbad

Franzensbad, ... 193.3

In my opinion, the best interests of the country demand that the old Swaraj Party should be revived with such modifications in the old Programme as the altered circumstances might call for."

કરવા માંડ્યું. પરિણામે વિઠ્ઠલભાઈ સહુના હૈયામાં વસી ગયા અને અંગ્રેજ સરકારની આંખમાં ખૂંચવા લાગ્યા.

એવામાં આવી પહોંચ્યો ખેડા સત્યાગ્રહ. ઈ. ૧૯૧૭ની સાલ. દુષ્કાળનું વર્ષ! ખેડૂતો કર ક્યાંથી ભરે? સરકારે પાકની ખોટી આકારણી કરી. વિઠ્ઠલભાઇએ વીસેક ગામડાંની જાતતપાસથી જાંચ્યું કે ખેડૂતોની સ્થિતિ દયાજનક હતી. ગાંધીજીની દરમિયાનગીરીથી બંધારણીય રાહે સરકાર સાથે અનેક વાર વાટાઘાટો યોજાઈ, પણ નિષ્ફળ. હવે ગાંધીજીએ સત્યાગ્રહનો માર્ગ સ્વીકાર્યો. વિઠ્ઠલભાઇએ સત્યાગ્રહમાં ગાંધીચીંધ્યા માર્ગે સફળ કામગીરી બજાવી, તો બીજી તરફ એમણે દિલ્હીની મધ્યસ્થ ધારાસભામાં પણ અનેક પ્રશ્નોની ઝડી વરસાવી સરકારને પજવવા માંડી હતી. ૧૮મી માર્ચ, ૧૯૧૮થી એઓ મધ્યસ્થ ધારાસભામાં ચૂંટાયા ત્યારથી તે ૧૯૨૦માં મહાત્માજીની અસહકારની હાકલને માન આપી એ હોદ્દા પરથી છૂટા થયા ત્યાં સુધીમાં એમણે એ ધારાસભાને ધ્રુજાવી મૂકી હતી. કાળા-ગોરાના ભેદભાવની અન્યાયી નીતિરીતિ, 'હિંદુ' અને 'ક્રૉનિકલ' જેવાં ભારતીય છાપાં પર સરકારે લાદેલો પ્રતિબંધ, લંડનની હિંદી વજીરની ગેરરીતિઓ, નાણાંમંત્રીએ રજૂ કરેલા કામચલાઉ ધોરણે કર વસૂલ કરવાના ખરડાની ગેરકાયદેસરતા—આ બધાં સામે એમણે ઝનૂનથી માથું ઊંચકર્યું હતું. ત્યાં રહીને એમણે હિંદુ લગ્નના કાયદાનો ખરડો ખૂબ ધમધમાટપૂર્વક રજૂ કર્યો. અનુલોમ-પ્રતિલોમ લગ્નને કાયદેસર ગણાવવા એમણે હૃદયસ્પર્શી ઉદાહરણો આપ્યાં. પંડિત મદનમોહન માલવીય જેવા સમર્થ સનાતની હિંદુ નેતાએ એનો વિરોધ કર્યો, પરંતુ વિઠ્ઠલભાઇએ હિંદુ શાસ્ત્રોમાંથી ઉદાહરણો ટાંકી પોતાના મતને સબળ બનાવવાનો અથાક પુરુષાર્થ કર્યો. એમના આ કાયદામાં એમની સમાજસુધારક દૃષ્ટિ કોઇને પણ દૃષ્ટિગોચર થયા વગર નહિ રહે. સમાજસુધારાનું એમનું વલણ તો છેક યુવાનીથી જ એમણે પ્રગટ કર્યું હતું. પિતા ઝવેરભાઇનું બારમું ઊજવવા જ્ઞાતિભોજનની વાત વડીલ બંધુ નરસિંહભાઇએ કરી ત્યારે વિઠ્ઠલભાઈ ને વલ્લભભાઈએ એ ખર્ચની રકમ સામાજિક ઉદ્ધારના કોઈ કાર્યમાં આપી દેવા એમને સમજાવ્યા. રૂઢિગ્રસ્ત નરસિંહભાઈ કબૂલ ન થયા એટલું જ નહિ, પરંતુ જો વિઠ્ઠલભાઈ અને વલ્લભભાઈ આ પ્રસંગમાં ન જોડાય અને ખર્ચમાં ભાગ ન આપે તો એમણે પૈતૃક મિલકત પરનો હકદાવો જતો કરવો પડશે એમ પણ સાફ સાફ સંભળાવી દીધું. બન્ને ભાઇઓએ પોતાનો એ હક દૃઢતાથી જતો કર્યો એટલું નહિ પણ તે પછી એ બંનેને જ્યારે જ્યારે કરમસદ આવવાનું થયું ત્યારે આ પ્રેતભોજનની પ્રથાના વિરોધ રૂપે એ બાપીકા ઘરમાં ક્યારેય પગ સરખો મૂક્યો નહિ.

જો કે વિઠ્ઠલભાઇનું સમાજસુધારાનું કાર્ય એમની રાજકીય કારકિર્દીને મુકાબલે તો અતિ અલ્પ. ઇગ્લૅંડની સરકારે નીમેલા ઍડવિન મૉન્ટેગ્યુ અને લૉર્ડ ચેમ્સ્ફૉર્ડના કમિશને હિંદના રાજવહીવટ અંગે સૂચવેલો મૉન્ટફૉર્ડ અહેવાલ મધ્યસ્થ ધારાસભામાં જ્યારે ઈ. ૧૯૧૮માં રજૂ થયો ત્યારે એમની કુશાગ્ર બુદ્ધિ અને કુનેહનો બધાને સવિશેષ પરિચય થયો. એવામાં જ કૉંગ્રેસીઓમાં ઉગ્ર મતભેદ પડ્યો ને એ જ વર્ષે ઑગસ્ટની ૨૯મી તારીખે મુંબાઈમાં હસન ઈમામસાહેબના પ્રમુખપદે કૉંગ્રેસની જે ખાસ બેઠક મળી તેમાં ઉદ્દામ અને વિનીત પક્ષ વચ્ચે અહેવાલ ઉપર આકરી ટપાટપી થઈ. વિઠ્ઠલભાઈ ત્યારે સ્વાગતપ્રમુખ હતા. એમણે ધીરજ ને કુનેહથી કામ લઈ સહુને શાંત પાડ્યા અને પોતાની નેતૃત્વશક્તિની સારી છાપ પાડી. એમણે મૉન્ટફૉર્ડ અહેવાલને સ્પષ્ટ શબ્દોમાં વખોડી કાઢ્યો અને રૉલેટ બિલને પણ છ માસ મુલતવી રાખવા જણાવ્યું. પણ આખરે એ બિલ મનસ્વીપણે પસાર થયું. લોકોમાં ભયંકર વિરોધની આંધી ઊઠી. જલિયાંવાલાનો પાશવી હત્યાકાણ્ડ પણ આનું જ પરિણામ હતો. હવે ગાંધીજીએ રાજકીય મુક્તિ માટે સવિનય અસહકારની જાહેરાત કરી. દેશમાં નવી હવા વ્યાપી વળી. મહાત્માજીની આ હાકલને માન આપી ઈ. ૧૯૨૦માં વિઠ્ઠલભાઈ એ મધ્યસ્થ ધારાસભાના સભ્યપદેથી પોતાનું રાજીનામું આપી દીધું અને ધારાસભાની બહાર રહી દેશસેવાની પ્રવૃત્તિ કરવા માંડી.

પણ એમનો કાયદાશાસ્ત્રી જીવ તો ધારાસભામાં જઈને જ કાયદાની રાહે સ્વાતંત્ર્યસંગ્રામ ખેલવા માગતો હતો. એટલે ૧૯૨૩માં દિલ્હીમાં મળેલી મહાસભાની બેઠકમાં ધારાસભા સર કરવાનો ઠરાવ એમણે મંજૂર કરાવ્યો. 'કાં તો ધારાસભા સર કરવી અથવા ધારાસભા મિટાવવી.' આ સૂત્ર ચોમેર ગૂંજી રહ્યું. અને એ જ વર્ષે મુંબાઈ ઈલાકાના ઉત્તર ભાગ તરફથી એઓ મુંબાઈ ધારાસભામાં ચૂંટાઈ આવ્યા. બીજે જ વર્ષે ફરી વડી ધારાસભામાં પ્રવેશ્યા અને ત્રીજે વર્ષે ૧૯૨૫માં તો એ વડી ધારાસભાના પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા! આમ, ચૂંટણી દ્વારા પ્રમુખ થનાર એઓ પ્રથમ જ હિંદી હતા. લોકોમાં આથી આનંદ આનંદ વ્યાપી વળ્યો.

આ ગૌરવાંકિત પદ અત્યાર સુધી તો અંગ્રેજો જ શોભાવતા હતા, આથી પદ અને પોશાક અવિભાજ્ય એકમ જેવા રહ્યા હતા. ભલભલા ઉમરાવને પણ ઝાંખા પાડે તેવો આ પ્રમુખનો પોશાક રહેતો. આવા સ્થાન પર ખાદીની ધોતી અને કફનીધારી એક હિંદી પ્રથમ વાર ચૂંટાઈ આવ્યો. ત્યારે લોકો મીટ માંડીને બેઠા હતા કે વિઠ્ઠલભાઈ હવે કેવો પોશાક પહેરશે! સ્વદેશાભિમાની વિઠ્ઠલભાઈને તો આ પોશાકનો પ્રશ્ન સ્પર્શ્યો જ નહોતો, કારણ કે પોતે તો આમ જનતાના પ્રતિનિધિ, એને વળી પોશાકનો ભભકો કેમ પાલવે? ગરીબ ભારતવાસીઓના આ પ્રતિનિધિએ એ જ ધોતી અને કફની પહેરી પ્રમુખની ખુરશી શોભાવવાનું મનોમન નક્કી કરી લીધું. છતાં પ્રમુખના હોદ્દાનાં રૂઢિગત ગૂંચળિયા લાંબા વાળની બનાવટી 'વિગ' (wig) અને ઝભ્ભો પહેરવાનું એમણે કબૂલ્યું. સાથે શરત કે એ વિગ અને ઝભ્ભો ખાદીનાં તો હોવાં જ જોઈએ. ઝભ્ભો રાતોરાત સીવીને તૈયાર કરવો પડ્યો, જેને માટે બુલબુલે હિંદ સરોજિની નાયડુએ પોતાની રેશમી કાળી સાડી આપી દીધી. આમ, પ્રમુખના હોદ્દાની બાહ્ય રૂઢિનો આત્મા જાળવી પ્રથમ હિંદીએ જ્યારે વડી ધારાસભાના પ્રમુખની ગૌરવશાળી ખુરશી પર સ્થાન લીધું ત્યારે હિંદીઓનો હરખ તો માતો નહોતો!

પ્રમુખ તરીકે આવ્યા પછી એ પદના ગૌરવની સમાનતા અને સુરક્ષાનો પરિચય એમણે તરત જ કરાવી આપ્યો. એ વખતે એવી રૂઢિ થઈ ગએલી કે ધારાસભાના પ્રારંભમાં વાઇસરૉય એને સંબોધે. વળી, વાઇસરૉયનું આગમન થાય ત્યારે પ્રમુખે પોતાની ખુરશી ખાલી કરી નીચે સરવું. સાથે સ્થાન લેવું પડે અને પ્રમુખની ખુરશીમાં વાઇસરૉય બેસે! વિઠ્ઠલભાઈને આમાં પ્રમુખના સર્વોપરિપદનું ગૌરવ હણાતું લાગ્યું. એમણે વાઇસરૉયને કાને વાત પહોંચાડી કે પ્રમુખ તરીકે પોતે પોતાની ખુરશી પર જ બેસી રહેશે. વાઈસરૉયનું ગૌરવ જાળવવા એમને માટે નવી ખુરશી મૂકવામાં આવશે. અને સભાગૃહમાં વાઈસરૉયે પ્રમુખના ખંડમાંથી જ આવવું પડશે. સરકારે વિઠ્ઠલભાઈ સાથે ઘણી ખેંચતાણ કરી; પરંતુ વિઠ્ઠલભાઈ એકના બે ન થયા. અને અંતે વાઈસરૉયને પ્રમુખની સાથે બીજી ખુરશીમાં બેસવું પડ્યું. વિઠ્ઠલભાઈએ પ્રમુખપદની ગૌરવ રક્ષા કરી નવી પ્રણાલી ઊભી કરી.

ત્યાર બાદ ૧૯૨૬ની ૮મી માર્ચે મહાસભા(કૉંગ્રેસ)ની સૂચના મુજબ સ્વરાજ પક્ષે ધારાસભાનો ત્યાગ કરવાનો ઠરાવ અમલમાં મૂક્યો. આ તબક્કે પ્રમુખસ્થાનેથી વિઠ્ઠલભાઇએ સ્પષ્ટપણે સરકારને જણાવી દીધું કે વિરોધ પક્ષની ગેરહાજરીમાં મહત્ત્વનું કોઈ પણ વિવાદાસ્પદ બિલ ધારાસભામાં રજૂ કરી શકાશે નહિ. કોઈની પણ શેહમાં આવ્યા વગર ધારાસભાની તંદુરસ્ત કાર્યપ્રણાલી જાળવવાનો એમનો આ હિંમતભર્યો વર્તાવ એમની વહીવટી કાર્યક્ષમતા અને દક્ષતાનો ક્યાસ આપી જાય છે. એમની આ હિંમત અને કાર્યપદ્ધતિથી મુગ્ધ થએલા ગુજરાતે એમને ફરી વાર પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટી મોકલ્યા.

પ્રજાએ પોતાના આ પ્રમુખમાં મૂકેલા વિશ્વાસને પછીનાં વર્ષોમાં એમણે ફળતો સાબિત કરી બતાવ્યો. હિંદીઓના હિતની રક્ષા કાજે પોતાને સ્થાનેથી એમણે સરકાર અને વાઈસરૉય સાથે પણ બાથ ભીડતાં વિચાર કર્યો નહોતો. તો વિરોધપક્ષની ગેરશિસ્તભરી વર્તણૂકની પણ એઓ કડક શબ્દોમાં ઝાટકણી કાઢતાં અચકાતા નહોતા. એમની આ ન્યાયપ્રિયતાએ સરકારપક્ષીઓનાં દિલ પણ આખરે જીતી લીધાં.

ત્યાં તો ઈ. ૧૯૩૦ના માર્ચની ૧૨મી તારીખ આવી પહોંચી. ગાંધીજીની આગેવાની નીચે મીઠા-સત્યાગ્રહની ભવ્ય ઐતિહાસિક દાંડીકૂચ આરંભાઈ. તે વખતે એવી પણ હવા ઊભી થઈ કે વિઠ્ઠલભાઈએ વડી ધારાસભાના પ્રમુખપદનું રાજીનામું આપી દેવું ઘટે. એમણે એવું નિવેદન કર્યું કે યોગ્ય ઘડીએ પોતે એ પ્રમાણે જરૂર કરશે. આખરે એ ઘડી આવી પહોંચી. સરકારે દમન અને ધરપકડનો કોરડો છૂટથી વીંઝવા માંડ્યો. વિઠ્ઠલભાઈએ ઈ. ૧૯૩૦ના એપ્રિલની પચીસમી તારીખે વાઈસરૉયને પત્ર લખીને જણાવી દીધું: 'મારું સર્વશ્રેષ્ઠ સ્થાન મારા દેશબાંધવોની સાથે છે.' આમ, એઓ પ્રમુખપદનું રાજીનામું આપી પ્રજાલડતમાં જોડાઈ ગયા. અને પરદેશી કાપડના બહિષ્કારની ઝુંબેશ એમણે ઉપાડી લીધી. એમણે ઘોષણા કરી: 'ફાટ્યાં-તૂટ્યાં વસ્ત્રો સાંધીને પહેરજો, પણ નવાં ખરીદશો નહિ.' એમના આ સૂત્રે ભારતના ખૂણે ખૂણે એમને ખ્યાતનામ કરી દીધા. આ દરમિયાનમાં જ હિંદી મહાસભા (કૉંગ્રેસ)ના પ્રમુખે એમને પેશાવરના અત્યાચારોની તપાસ કરવા મોકલ્યા. તરત સરકારે એમને માટે પ્રવેશબંધી ફરમાવી દીધી, અને કલકત્તા, મુંબાઈ વગેરે સ્થળે પ્રવાસ અને પ્રચાર કરી જેવા એ મહાસભાની કારોબારીની બેઠક માટે દિલ્હી પહોંચ્યા કે તરત જ એમની ધરપકડ કરવામાં આવી. એમણે મર્મવચનો ઉચ્ચાર્યાં: સારી કામગીરી બદલ ઇંગ્લૅંડની લોકસભાના પ્રમુખને ઉમરાવપદ મળે છે. મને પણ જેલવાસનું નજરાણું પ્રાપ્ત થયું છે.' અને જેલવાસને આ રીતે એમણે હસતે મોઢે વધાવી લીધો.

પણ જેલવાસથી જ એમની તબિયતનાં વળતાં પાણી શરૂ થયાં. પંજાબની જેલમાં એમનું સ્વાસ્થ્ય કથળ્યું. સરકારે એમને દક્ષિણ ભારતમાં કોઈમ્બતૂરની જેલમાં ખસેડ્યા. ત્યાં એમના પર શસ્ત્રક્રિયા કરવામાં આવી. તબિયત વધુ સુધરે તે માટે એમને વિયેના મોકલવાનું નિદાન થયું એટલે સરકારે પ્રજાલાગણીને માન આપી એમને મુક્ત કર્યા.

વિયેનામાં તબિયત જરાતરા સુધરી ત્યાં જ, દાક્તરોની સલાહ વિરુદ્ધ, ગોળમેજી પરિષદમાં ગાંધીજીની વાટાઘાટો જાણવા તે ઇંગ્લૅંડ ગયા ને એ નિષ્ફળ પરિષદમાં કોમી મતાધિકારનો વિષપ્યાલો ગટગટાવીને ગાંધીજી સાથે એઓ પણ ભારતના કિનારે ઊતર્યા. વળી પાછી ધરપકડ અને વળી પાછો જેલવાસ. ત્યાં એમની તબિયત ફરી લથડી અને સારવાર માટે પાછા વિયેના મોકલવાનું નક્કી થતાં સરકારે એમને મુક્ત કર્યા.

વિયેનામાં સારી સારવારને પરિણામે સાજા થયા. જરા પણ સારું થાય કે પગ વાળીને બેસે તો વિઠ્ઠલભાઈ શાના? પોતાના દેશની આઝાદી-

---

લઘુકથા

બે આંખો

રાજેન્દ્રસિંહ રાયકા

ને, હવે મારું છે પણ કોણ?—તેણે પથારીમાં પડ્યાંપડ્યાં વિચાર્યું. દીવાલે લટકતી પુત્રીની છબિ સામે જોયું. સ્મૃતિની નિર્દોષ આંખો તેની સામે હસતી હતી. ગળામાં ફરી એકદમ વેદના થવા માંડી. તેણે પડખું ફેરવ્યું. ફરી વિચારો આવ્યા: 'હવે કેટલા દિવસ કાઢીશ? જે સગાં છે એ તો મારી મિલ્કત માટે ટાંપીને બેઠાં છે. મારે હવે સંપત્તિનો ઠીક નિર્ણય કરી લેવો જોઈએ.'

ત્રણ મહિના પછી કૅન્સરના રોગથી એનું અવસાન થયું. કુટુંબીઓના હાથમાં એમની સંપત્તિની વ્યવસ્થા કરવા અંગેનો વસીઅતનામાનો કાગળ આવ્યો. તેમાં લખ્યું હતું:

'આજથી સાત વર્ષ પહેલાં મારી પુત્રી સ્મૃતિનું હૉસ્પિટલમાં અવસાન થયું. મા વિનાની એકની એક પુત્રી પણ મારી પાસે ન રહી. મારી બધી સંપત્તિ હરિજન કન્યા અમીને આપતો જાઉં છું. એ અમીની આંખોમાં જ મારી દીકરી હજી જીવે છે. એ બે આંખો જ મારી સંપત્તિનો યોગ્ય ઉપયોગ થતો જુએ એવી મારી અંતિમ ઇચ્છા છે.'

બધાંની નજર દીવાલે લટકતી છબિ સામે ગઈ. એ બે આંખો તેમની સામે હસી રહી હતી. □

નો કેસ વાજબી રીતે સમજાવ્યા. એમણે ત્યારની ઉગ્ર લોકશાહીઓ આયર્લૅન્ડ અને અમેરિકાની ખેપ કરી. અમેરિકામાં એમણે અંગ્રેજ સરકારની ચૂસણનીતિનો ભંડો એવો તો ફોડી નાખ્યો કે એ પ્રજાનાં દિલમાં વિઠ્ઠલભાઈનાં વક્તવ્યોએ ભારતવાસીઓ માટે સહાનુભૂતિ પ્રગટાવી. આટલું કાર્ય પાર પાડી એઓ યુરોપ પાછા ફર્યા. અંગ્રેજ સરકારને આ પ્રચારની જાણ થતાં જ પોતાના અનેક દૂતોને એ છાપ ભૂંસવા એણે અમેરિકા મોકલ્યા. વિઠ્ઠલભાઈને આ અપમાન જેવું લાગ્યું, એટલે અંગ્રેજ પ્રચારની અસર ભૂંસવા એ ફરી અમેરિકા ગયા અને ત્યાં એટલો પરિશ્રમ લીધો કે જેણે એમની ભાંગતી જતી તબિયતને સાવ કથળાવી નાખી. હૃદયરોગના હુમલાએ પ્રાણઘાતક ફટકો માર્યો.

એમના આ અંતિમ ગાળામાં સુભાષચંદ્ર બોઝ એમની સાથે હતા. આ બાજુ ભારતમાં સવિનય કાનૂનભંગની લડતનો મધ્યાહ્ન તપતો હતો. આખો ભારત ગાંધીજીની નેતાગીરી નીચે એક બની ગયો હતો. સહુ મહાત્માજીનો પડયો બોલ ઝીલવા તત્પર હતું. છતાં અંગ્રેજ સરકાર મચક આપતી ન હતી. ત્યારે વિયેનામાં બેઠા બેઠા આ બે સ્વાતંત્ર્યપ્રેમી જવાંમર્દો—વિઠ્ઠલભાઈ અને સુભાષચંદ્ર—સશસ્ત્રક્રાંતિમાં શ્રદ્ધા દઢાવી રહ્યા હતા. વિઠ્ઠલભાઈને પણ પલટાતી પરિસ્થિતિમાં ગાંધીજીની મવાળ નીતિ અને નેતાગીરીમાંથી વિશ્વાસ ઊઠવા લાગ્યો હતો. ગમે તે ભોગે એ ભારતની આઝાદી ઝંખતા હતા. એવામાં કલકત્તા મહાસભા પછી હરિજનોના પ્રશ્ન પર ગાંધીજીએ ઈ. ૧૯૩૩ની ૮મી મેએ ઉપવાસ જાહેર કર્યા. આ જાહેરાત પછી હિંદી મહાસભાના કામચલાઉ પ્રમુખ શ્રી એમ. એસ. અણેએ છ સપ્તાહ સુધી સવિનયભંગની લડત મોકૂફ રાખવાનું નિવેદન કર્યું. સરકારે પણ સત્યાગ્રહી કેદીઓને છોડવાની ના પાડી. હવે વિઠ્ઠલભાઇને ગાંધીજીની નેતાગીરીમાં વિશ્વાસ રહ્યો જ નહિ. સુભાષચંદ્ર બોઝને તો એ વિશ્વાસ ક્યારનો ઊઠી ગયો હતો. આથી બન્ને જણે પોતાની સહીઓ સાથે વિયેનાની 'હોટેલ દ ફ્રાન્સ'માંથી એક નિવેદન બહાર પાડયું :

'The latest action of Mahatma Gandhi is a confession of failure as far as the present method of the Congress is concerned. We are clearely of opinion that as a political leader Mahatma Gandhi has failed. Time has, therefore, come for a radical re-organization of the Congress on a new principle and with a new method.' (મહાત્મા ગાંધીનું છેલ્લું પગલું, કૉંગ્રેસની વર્તમાન પદ્ધતિને લાગેવળગે છે ત્યાં સુધી, એ નિષ્ફળતાની કબૂલાત છે. અમે એવો સ્પષ્ટ અભિપ્રાય ધરાવીએ છીએ કે રાજકીય નેતા તરીકે મહાત્મા ગાંધી નિષ્ફળ ગયા છે. આથી નવા સિદ્ધાંત પર ને નવી પદ્ધતિએ ધરમૂળથી કાયાપલટ કરવાનો સમય હવે પાકી ગયો છે...)

આઝાદી માટે તળેઉપર થઈ રહેલા વિઠ્ઠલભાઈની ઉગ્ર પ્રકૃતિ અને પલટાતી પરિસ્થિતિમાં નવી રીતે વિચાર કરવાની તાલાવેલી એમના આ નિવેદનમાં ડોકાયા વગર રહેતી નથી.

આઝાદી માટેનો એમનો ભોગ વિસરી શકાય તેવો નથી. એમણે શબ્દશ: 'તન-મન-ધનથી' આઝાદી કાજે ઝઝૂમ્યા કર્યું હતું. મન તો સદા ય આઝાદીમાં જ રમમાણ હતું. તનને એમણે આઝાદી માટે જ ઘસી નાખ્યું હતું, નહિ તો એઓ અંતિમ પળે વિયેનાની ઇસ્પિતાલમાં ક્યાંથી હોય? અને ધનસંચયનો તો એમણે કદી વિચાર સરખો ય કર્યો નહોતો. પોતાના પગારમાંથી માસિક રૂપિયા ૧૬૨૫ની રકમ દેશહિત માટે વાપરવા તેઓ નિયમિત મહાત્માજીને મોકલી આપતા, જેનો કુલ સરવાળો ચાળીસેક હજાર રૂપિયા પર પહોંચ્યો હતો!

કાકાસાહેબ કહે: 'આ એક પ્રશ્ન વિષે બાપુજી સાથે મારે તીવ્ર મતભેદ હતો: તેઓ કહેતા કે માણસના જન્મ વખતે જ તેના મૃત્યુની ઘડી નક્કી થએલી હોય છે. મને તે માન્ય ન હતું. આજે પણ માન્ય નથી. મૃત્યુની ઘડી માણસ ટાળી ન શકે એ વિચારે માણસને આશ્વાસન મળતું હશે, તે નિશ્ચિંત થતો હશે, પણ હું એ માનતો નથી. વારસામાં આપણને કોઈ રોગ મળ્યો હોય તો આપણા પુરુષાર્થથી એને જે પ્રમાણે દૂર કરી શકાય છે, તે જ પ્રમાણે મૃત્યુની ઘડી ટાળવી, આગળ ધકેલવી અથવા પાસે ખેંચી આણવી તે અમુક હદ સુધી આપણા હાથમાં હોય છે. સંયમપૂર્વક અને યોગ્યતાપૂર્વક આપણે મૃત્યુની ઘડી આગળ ધકેલી શકીએ છીએ અને સ્વૈરાચાર, સ્વચ્છંદી જીવન જીવીએ તો મૃત્યુને વહેલું ખેંચી લાવી શકીએ. મનુષ્ય મરણાધીન છે, મૃત્યુ અવશ્ય આવવાનું જ છે, એમ કહેવું જુદું છે અને માણસના મૃત્યુની પળ પહેલેથી જ નક્કી છે, અને તે અમુક રીતે જ મરશે એ પણ નક્કી છે, એમ કહેવું જુદું.

(કાકાસાહેબ કાલેલકર સાથે વાર્તાલાપ) —રવીન્દ્ર કેળેકર

કોઈ માનવી ઘાતકી હોય, દયા વગરનો હોય, ભાવનાહીન હોય, પશુના જેવું જીવન જીવતો હોય તો આપણે એમ કહીએ કે એનો દેહ માનવીનો છે પણ મન પશુનું છે. જાપાનીઝ સંત કાગાવા કહે છે કે આ કથન યોગ્ય નથી. એ કથન પશુઓને અન્યાય કરનારું છે.

એ કહે છે કે કોઈ પશુ માનવી જેટલું લોભી, પાપ કરનારું કે ઘાતકી હોતું નથી. પશુ પોતાને પજવનાર અથવા પોતાના મિત્રો પર હુમલો કરે છે, પણ એની ભૂખને હદ હોય છે. જ્યારે માનવીની ભૂખ બેહદ હોય છે, એનો ધનનો લોભ કે સત્તાનો લોભ કદી સંતોષાતો નથી. —ઈશ્વરભાઈ પટેલ

લીલાવતી મુનશી જેમને 'છાતીગરા' અને 'ખડક જેવા અડગ' કહે છે તે પુરુષસિંહ વિઠ્ઠલભાઇને યોગ્ય રીતે જ 'મહં ગુજરાતી' કહી નવાજ્યા છે. એમની દેશસેવા મુખ્યત્વે ધારાસભ્ય અને ધારાસભાના પ્રમુખ તરીકે બંધારણીય રાહે લડવામાં પ્રગટ થએલી છે. બહાર રહીને એમણે બહુ થોડાં વર્ષો જ કામ કરેલું, પરંતુ એમની દેશદાઝ આ કે તે ગમે તે માર્ગે ઉત્કટતાથી વહેતી હતી. ધારાસભામાં બેસીને અભ્યાસપૂર્ણ પ્રશ્નાવલીથી એમણે આણેલી સજગતા આજે સ્વતંત્ર ભારતની વિધાનસભાના સભ્યોની સજાગતા માટે આદર્શરૂપ છે. યોગ્ય સમયે યોગ્ય દાવ ખેલવાની એમની કુનેહ એમની ખંધી તીક્ષ્ણ આંખોમાં વરતાયા વગર રહેશે નહિ. એમના ખડતલ શરીરમાં એવું જ ખડતલ મન પુરાએલું હતું. સુંવાળપ તો ક્યાંય નહિ. જાડાપણું ખેડૂતના દીકરામાં ન હોય તો કોનામાં હોય? પણ એ મામૂલી કૃષક પરિવારમાં જન્મેલા અસાધારણ માનવે વડી ધરાસભાનું પ્રમુખસ્થાન પ્રાપ્ત કરી માનવમનની મહત્ત્વાકાંક્ષાને તદનુરૂપ પુરુષાર્થનું પ્રેરક દૃષ્ટાંત પૂરું પાડયું છે. ભારતની આઝાદીની લડતના મધ્યાહ્નને વિઠ્ઠલભાઈ જેવા પરમ દેશભક્તના મૃત્યુથી એક ઘેરું વાદળ છવાઈ ગએલું. એ વાતને તો આજે ચાળીસચાળીસ વર્ષો વીતી ગયાં છે; ને આજે એમના જન્મને જ્યારે સો વર્ષ પૂરાં થાય છે ત્યારે જે આઝાદી માટે આવા અનેક સપૂતોએ જીવન સમર્પિત કર્યું તે આઝાદીને ઉજાળવા અત્યારે વિસ્મૃતિમાં સરી પડેલા વિઠ્ઠલભાઈની સ્મૃતિ સૌ ભારતવાસીઓને સન્નિષ્ઠાપ્રેરિત દેશભક્તિના રાહે દોરે એ જ એમની જન્મશતાબ્દીનું સાચું તર્પણ બની રહો! □

જુદાઈ

અશ્વિન દેસાઈની વાર્તા

ગાડી ધીમે ધીમે કરીને ઊભી રહી ગઈ. મેં બારીની બહાર જોયું. કોઈ નાનું અમસ્તું સ્ટેશન હતું. બે-ચાર માણસો પ્લૅટફૉર્મ ઉપર આંટા મારતા હતા. કોઈ ઊતર્યું લાગતું નહોતું. કદાચ કોઈ ચડનાર પણ નહિ હશે. મેં બગાસું ખાધું. હજી લગભગ સોએક માઈલ કાપવાના બાકી હતા. મેં ફરીથી બારીની બહાર જોયું. ગાડી તરતમાં ચાલુ થાય એમ જણાતું નહોતું. મને કંટાળો આવતો હતો. બે વર્ષ પછી ગામ જવાનો ઊમળકો ગાડીની ઢીલાશમાં દુઃખ આપતો હતો.

કાગળ પહોંચ્યો હશે તો બાએ કંસાર અને ઘી રાંધી મૂક્યાં હશે. રાકેશ તો બહાર રમવા પણ નહિ ગયો હોય. મોટાભાઈ શું શું લાવશે તેની કલ્પના કરતો એટલે બેઠો હશે! બાપુ ખાટલામાં બેઠા થઈને ગાડીનું ટાઈમટેબલ અવારનવાર તપાસ્યા કરતા હશે.

અને સલોની? સલોનીનેય ક્યાંકથી તો ખબર પડી જ હશે ને? વાડામાંથી ગુલાબનું ફૂલ તોડીને માથામાં નાખવાને બદલે આજે કદાચ પાણીના લોટામાં સાચવીને મૂકી રાખ્યું હશે! અને થોડીથોડી વારે મારા આંગણા તરફ નજર કરતી હશે; તો વળી થોડી વારે પાણીના લોટા તરફ પણ નજર કરી લેતી હશે!

એકાએક મને ધક્કો વાગ્યો. હું ચમકી ગયો. આજુબાજુ જોયું. ગાડી આંચકા સાથે ફરી ચાલુ થઈ હતી. હું સહેજ સ્વસ્થ થયો. ધીમે-ધીમે ગાડીએ ગતિ પકડવા માંડી. દૂરદૂરનાં ખેતરોમાં કામ કરતા એકલદોકલ મજૂરો દેખાવા માંડ્યા.

કદાચ સલોની પણ વાડીએ ગઈ હશે—સેતૂરાં લેવા. અને પછી એનો વિચાર હશે, કે હું મળું ત્યારે થોડીક વાતચીત કરીને મારા આશ્ચર્ય વચ્ચે સેતૂરાં રજૂ કરી દેવાં!

'ઓ–હો! સલુ! સેતૂરાં પણ નથી ભૂલી?' સલોની મને એક ધ્યાનથી જોઇ રહેશે, હું હસી પડીશ.

'બધાંને તારા જેવાં જ સમજે છે?' સલોની ચીડાશે.

'કેમ મારા જેવાં? હું કેવો છું?'

'પૂછ તારી જાતને જ! સાત સો દિવસમાં એકેય વાર યાદ કરી છે મને?'

'ગાંડી જ છે ને સલુ! આવું તે વળી પુછાતું હશે?'

'ન પુછાય! અમારાથી કંઈ જ નહિ થાય. અમારે તો બસ......'

'—એમ પુછાય, કે મારા વિનાની કેટલી પળો વિતાવી છે?'

'મને ખબર છે. એવું હોત તો પાંચ લીટીનો એક કાગળ લખવાનો...'

એકાએક હું ચમકી ગયો. સાથી મુસાફર મારા તરફ જોઈ રહ્યો. મને થયું, સલોનીને એક પણ પત્ર લખવાની હિંમત બે વર્ષમાં નહોતી કરી એ મોટામાં મોટી ભૂલ હતી. હવે સલોનીને શો જવાબ આપીશ? કેવી રીતે મનાવીશ?

'માચીસ છે?' સાથી મુસાફરે બીડી મોંમાં મૂકીને પૂછ્યું.

'ના જી!' મેં ના કહી.

સલોની કદાચ પૂછશે: 'રોજ કેટલી સિગારેટ પીતો?'

'બસ, એક જ! તે પણ રાત્રે સૂતી વખતે!' સલોની હસી પડશે: 'મને ન સમજાવ! તારી નસેનસને ઓળખું છું!'

'નસેનસ ઓળખતી હોય તો પૂછવું જ ન જોઇએ!' સલોની ચીડાશે. આંખો કાઢીને જોઇ રહેશે.

'ટિકિટ!...' હું ચમક્યો. સામે ટી.ટી. ઊભો હતો. મેં શોધીને ટિકિટ બતાવી. ટી.ટી. આગળ ગયો. ગાડી પૂરપાટ દોડી રહી હતી. દિલ્હીને હું દૂર ને દૂર ધકેલી રહ્યો હતો. ગામ નજીક આવતું જતું હતું.

દિલ્હીમાં વિતાવેલા દિવસો હવે ભૂતકાળ થઈ ગયા હતા. એક દિવસ ઑફિસમાં એક સરદારજીએ ટોકેલો: 'ક્યું જી? બહોત સોચતે હો! ક્યા મામલા હૈ?' 'કુછ નહિ! કુછ નહિ!' મેં સ્વસ્થ થઈને કહેલું.

'અજી હમ સે છુપાતે હો ક્યા?' સરદારજી દાઢીમાં મીઠું હસેલા.

'સચ કહતા હૂં! કુછ નહિ હૈ!' મેં કહેલું.

'અજી છોડો ભી તો! દિલ્હી મેં આ કે બાતે બનાના ભી સીખ ગયે ક્યા? બોલો, ક્યા નામ હૈ ઉસ કા?'

'સરદારજી, આપ તો......' મેં હસીને કહેલું.

'બતાતે હો? કી આપ કા પર્સનલ ફાઈલ નિકાલના પડેગા?'

'લેકિન આપ કિસ કે બારે મેં પૂછ રહે હો?'

'બહાના છોડો યાર! જૈસે કુછ સમઝે હી નહિ!'

'લડકી હૈ તો સહી, લેકિન ગાંવ મેં! યહાં ઉસકો યાદ કર કે ક્યા ફાયદા?' મેં હસીને કહેલું.

'યાદ કોઈ ફાયદે કે લિયે નહિ કરતા, દોસ્ત! મહોબ્બત એસી ચીજ હૈ, જહાં ફાયદા નહિ દેખા જાતા! ક્યા નામ હૈ?'

'સલોની.' મેં ખુશીથી કહેલું.

'બહોત પ્યારા નામ હૈ! ક્યા કરતી હૈ?'

'પઢતી હૈ. ઔર ક્યા કરેગી?'

'કહું? તુમ કો યાદ નહિ કરતી હોગી ક્યા?' સરદારજી હસી પડેલા. એમની દાઢીમાં મને અસંખ્ય સલોનીના ચહેરા દેખાએલા.

સવારે ઊઠતો ત્યારે બાજુનાં મકાનોમાંથી રેડિયો ઉપર સવારનાં ભજનો સંભળાતાં. મને સવારના પહોરમાં ગીત ગાતાંગાતાં વાડામાં શાકભાજી વીણવા જતી સલોની દેખાતી....

'સલુ!' હું દાતણ કરતો કરતો મારે એટલે થંભી જતો. સલોની હાથમાં છાબડી સાથે ઊભી રહી જતી.

'શું છે સવારના પહોરમાં? સલુ!...સલુ!...એના કરતાં ભગવાનનું નામ લેતો હોય તો?' સલોની મીઠું હસતી.

'ભગવાન મેં તને સોંપ્યા છે, સલુ! અને સલુ મને ભગવાને સોંપી છે! સાંભળ મારે માટે એક પાકું ટામેટું લાવવાનું ભૂલીશ નહિ!'

સલોની અંગૂઠો બતાવીને ચાલી જતી. હું આંગણામાંથી કાંકરો લઇને એની પીઠ ઉપર મારતો. સલોની ગુસ્સાથી જોઈ રહેતી....

'ઊઠવાનો વિચાર છે કે નહિ આજે?' મારો રૂમ પાર્ટનર રૂમમાં હરતોફરતો મને સૂતેલો જોઇને કહેતો.

'હા, ઊઠવું છે ને?' હું સફાળો પથારીમાંથી બેઠો થઇ જતો. ફરીથી એ જ રાબેતા મુજબનો દિવસ શરૂ થઈ જતો.

વિચારોમાં ને વિચારોમાં ગામ તદ્દન નજીક આવતું જતું હતું. ગાડીમાંથી દેખાતા દરેક ઝાડ નીચે રાહ જોઇને ઊભેલી સલોની દેખાતી હતી. એકાએક મને છૂટાં પડેલાં એ દિવસ યાદ આવ્યો. એ દિવસે સલોનીને મળવા જવાનું મને ખૂબ ભારે લાગેલું. સલોની પણ જાણે આભ તૂટી પડ્યું હોય એટલી નર્વસ દેખાતી હતી.

સલોનીની વાડીમાં અમારી છેલ્લી મુલાકાત ગોઠવાઈ હતી. હું ગએલો. સલોની છાબડીમાં પારિજાતકનાં ફૂલોને લઇને હાર બનાવતી બેઠી હતી. ચહેરા ઉપર ઉદાસીનો પાર નહોતો.

'સલુ!' મેં ખૂબ જ પ્રેમથી કહેલું.

'હં.' સલોની નીચું જોઇને ફૂલો પરોવતી રહેલી. 'કંઈ વાત નથી કરવી?' હું સલોનીની સામે બેસી ગએલો. સલોની કંઈ જ ન બોલેલી.

'કંઈ મંગાવવું નથી દિલ્હીથી?' વાતાવરણ હળવું કરવા મેં પ્રયાસ કરેલો. તરત જ સલોનીએ મારી ઉપર નજર માંડેલી. અને ક્ષણ બે

લઘુકથા

પરિવર્તન

રસેશ શાહ

અને ગુરુ દ્રોણે પરીક્ષામાં પક્ષીની જમણી આંખ વીંધવાનું પૂછી નાખ્યું! કૌરવોને તો આ પ્રૅક્ટિકલ બહુ 'હાર્ડ' લાગ્યો. એમને મન આ કોર્સ બહારની વાત હતી. 'મોસ્ટ ઈમ્પોર્ટન્ટ'માં યે આ અંગે ઈશારો સ-રખો નહોતો કરાયો. તો પછી કોર્સ બહારની વસ્તુ ગુરુજી પૂછી જ કેમ શકે?

અને તોફાનો શરૂ થયાં. વનમહોત્સવ વેળા વાવેલાં બધાં ઝાડ કૌરવો-એ મૂળમાંથી ઉખેડી નાખ્યાં. કૉલેજની બારીનો એક પણ કાચ એમણે સાજો રહેવા ન દીધો. ગુરુ દ્રોણની ઑફિસ પર ઘેરાવ નાખી એમણે એમને વાટાઘાટો માટે મજબૂર કર્યા. અને ગુરુ દ્રોણે આખરે કૌરવોના વકીલ સમા પ્રતિનિધિ નેતા મામા શકુનિને મળવા બોલાવ્યા. કૌરવોને શાંત પાડવા એમણે શકુનિને વિનતિ કરી, ને સાથે દલીલ કરી કે, 'જો કૌરવોએ પણ અર્જુનની જેમ ધ્યાન આપીને જ્ઞાન લીધું હોત તો તેમની આ દશા ન થાત. અર્જુનની માફક એમને પણ આ પ્રૅક્ટિકલ સરળ લાગ્યો હોત.'

'એનો મતલબ તો એ જ ને'—શૉટગન સિંહાની જેમ આંખમાંથી તણખા વેરતા મામા શકુનિએ અદાથી સવાલ કર્યો: 'કે અર્જુનની જેમ કૌરવોએ પણ તમારું ટ્યૂશન રાખવું જોઈતું હતું? એમ ન થયું એટલે તમે કૌરવો પર દાઝ રાખી...'

ગુરુ દ્રોણનું હૈયું આ સાંભળી ચિરાઈ ગયું. આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. એ વિચારી રહ્યા કે 'કૉન્ડોન કે એ. ટી. કે. ટી. સાથે પાંત્રીસ ટકાથી વધારે જ્ઞાન આ કૌરવોને જોઈતું જ નથી. છીછરા ખાબોચિયાના આ દેડકાઓને ગહરાઈવાળા તળાવમાં ગૂંગળામણ થાય એ સ્વાભાવિક છે.' અને મનોમન કંઈ નિશ્ચય કરી એમણે આંખો લૂછી નાખી.

નવા વર્ષના વર્ગો ચાલુ થયા. પહેલા જ દિવસથી ગુરુ દ્રોણે વિદ્યાર્થી-ઓનાં દિલ જીતી લીધાં. થોડા જ દિવસોમાં સારો ય વર્ગ એમનાં વખાણ કરતો થઈ ગયો. આજ સુધી જેમના ઈનિશિયલની પણ બહુ ઓછાને જાણ હતી એ ગુરુના નામની આગળ હવે માનાર્થે શ્રી કે મિસ્ટર લગાડી વિદ્યાર્થીઓ એમની ઓળખ આપવા લાગ્યા હતા. કારણ—

ગુરુ દ્રોણ રાતે ઉજાગરા કરીને બુક્સ રીફર કરતા નહોતા. હવે એ ટૉપિકમાં ડીપ જઈને વિદ્યાર્થીઓને બોર પણ કરતા નહિ. પોતાના વિષયની એક ગાઈડને ધ્યાનમાં રાખી કોર્સને તે ગતિમાન રાખતા હતા. અને પરીક્ષા વખતે પાછલાં વર્ષોનાં પેપરોની જ આવૃત્તિ વિદ્યા-ર્થીઓના હાથમાં મૂકતા હતા.

વિદ્યાર્થી આલમમાં હવે ગુરુ દ્રોણનું સ્થાન ઘણું ઊંચું હતું. હવે એ વિદ્યાર્થીઓમાં અમર બની રહ્યા. □

ક્ષણ કંઈ પણ બોલ્યા વગર મને જોઈ રહેલી. મેં સહેજ સ્મિત કરેલું. કોને ખબર એમાં કેટલો વિષાદ સલોનીને દેખાયો હશે. પણ સલોની ઝડપથી ઊઠીને મને વળગી પડેલી. મેં એના માથે સ્નેહથી હાથ ફેર-વેલો: 'સલુ! દિલ્લી જઈશ તેથી કંઈ તારાથી દૂર થોડો જવાનો છું?' સલોની જવાબમાં ધ્રૂસકે ધ્રૂસકે રડી પડેલી.

થોડી વારે, સ્વસ્થ થવાનો પ્રયત્ન કરતાં સલોનીએ ફરીથી માળામાં ફૂલો પરોવવાં શરૂ કરેલાં: 'પાછો ક્યારે આવીશ?' ફૂલો પરોવતાં જ પૂછેલું.

'બસ! તું બોલાવશે એટલે ચાલ્યો આવીશ!' સલોની મારી આંખો-માં જોઈને સહેજ હસેલી: 'હું તો તને જવા જ નથી દેવાની!'

'કોને જવું પણ છે તારી પાસેથી?' મેં સલોનીની દાઢીએ આંગળી અડકાડીને એની આંખો સાથે મારી આંખો મેળવેલી.

'લુચ્ચો!' સલોની રીસથી બોલેલી: 'વાતો કરતાં કેવી સારી આવડે છે!'

'અમલ પણ કરી બતાવીશ, ગાંડી! સાંભળ; મારે તારી પાસે રહેવા માટે તારી નજીક રહેવાની જરૂર નહિ પડે. હું ઉત્તર ધ્રુવ ઉપર હોઈશ અને તું દક્ષિણ ધ્રુવ ઉપર, તો ય આપણા હૃદયના ધબકારા તાલ મિલા-વીને જ ચાલશે! સલુ, તારો વસવાટ અહીં છે!' મેં સલોનીનો હાથ પકડીને મારી છાતી ઉપર મૂકેલો. સલોની ખૂબ મીઠું હસેલી, આનંદનું કહો, વિજયનું કહો, વિશ્વાસનું કહો, કે પ્રેમનું કહો, પણ એ હાસ્યના આધારે મેં દિલ્હીના સલોની વગરના દિવસો કાઢી નાખેલા.

ગાડી ધીમી પડવા લાગી, ગામની તદ્દન નજીક આવી ગયો હતો. ધીમા આંચકા સાથે ગાડી ઊભી રહી. હું સ્વસ્થ થયો. હૃદયમાં ઉત્સા-હની હવા ભરીને હું નીચે ઊતર્યો. ઝડપથી ગામનો રસ્તો પકડયો. પગલાં ઊપડયાં. હવે કોઈ ઘડીએ જાણે ગામ પહોંચાય!

ત્યારે સલોની રસોડામાં કંઈક કામ કરતી હતી. મેં સહેજ મોટેથી આગલા ઓરડામાં એના ભાઈ સાથે વાત શરૂ કરી. ધ્યાન રસોડા તરફ હતું. ઘણી વાર થઈ તો ય સલોની બહાર આવી નહિ. કદાચ એના ભાઈની હાજરીનો સંકોચ લાગ્યો હશે.

થોડી વારે એનો ભાઈ કંઈક કામે બહાર ચાલ્યો ગયો. મેં ફરીથી રસોડા તરફ જોયું. સલોની દેખાઈ નહિ. ધીમેથી ઊઠીને હું રસોડામાં ગયો.

સલોની ખૂબ શાંતિથી બેઠી બેઠી શાક સમારતી હતી. કંઈ જ બોલ્યા વગર હું ઊભો રહ્યો. થોડી વારે સલોનીએ ઊંચે જોયું: 'ઓ હો! કેમ છો?' સલોનીનું હળવું વ્યાવહારિક સ્મિત જોઈ જ રહ્યો.

'ક્યારે આવ્યા દિલ્હીથી?'

'આજે.' મારે તો કહેવું હતું: 'ગયું જ કોણ હતું?!'

નીચું જોઈને ફરીથી સલોનીએ શાક સમારવા માંડયું.

'તમારી તબિયત કેમ છે?' મેં થોડી વારે પૂછ્યું.

'બસ, ઠીક છે.' નીચું જોઈને સલોનીએ જવાબ આપ્યો.

'બા દેખાતાં નથી?' મેં સહેજ વાત બદલી.

'મંદિરે ગયાં છે. આવતાં જ હશે; બેસો ને!' સલોની શાકની છાબડી દૂર મૂકીને ઊભી થઈ ગઈ.

હું આગળના ઓરડામાં જઈને બેઠો. સલોની આગળ આવી. મારી સામે જોઈને સહેજ હસી. નૅપકિનથી ભીના હાથ લૂછ્યા.

'દિલ્હી શહેર કેવું?' સલોનીએ રસથી પૂછ્યું.

'સરસ શહેર; મજા પડે એવું.' મેં જવાબ આપ્યો.

'જોવા જેવી જગાઓ ઘણી, નહિ?' સલોનીએ વધારે રસ બતાવ્યો.

'હા. જોવા માટે લોકો પરદેશથી ખાસ આવે છે.' મેં કહ્યું.

'તમે બહુ જોયું?' સલોનીએ ઉત્સાહથી પૂછ્યું.

'હા, જોવા જેવું બધું જોઈ લીધું.'

'શું લેશો? ચા કે કૉફી?' સલોની ઊભી થઈ ગઈ.

'કંઈ જ નહિ. હમણાં જ પીને નીકળ્યો!' મેં હસીને કહ્યું.

'તો ય કંઈક તો લો!' સલોનીએ આદરથી કહ્યું.

'માફ કરોને હવે! હું થોડો ઉતાવળમાં પણ છું. ફરી કોઈ વાર આવીશ.' હું ઊભો થઈ ગયો, ચંપલ પહેર્યાં.

'ચોક્કસ આવજો!' સલોની ઊભી હતી ત્યાંથી મને વળાવવા બારણા સુધી આવી, અને પાછી વળી ગઈ... □



ચિત્ર નં. ૧

ભિત્તિસ્તંભો પર સ્વર્ણકારી શાં ભૂષાચ્છાદનથી શોભતા ઇલોરાના એકશિલા-નિર્મિત જગતખ્યાત શિવપ્રાસાદ

કૈલાસનાં શોભાંકનો

લેખક · મધુસૂદન ઢાંકી

ઇલોરાની ટેકરીઓમાં, આજ એક સદીથી જગવિખ્યાત થએલા, રાષ્ટ્રકૂટરાજ કૃષ્ણ પહેલાએ આઠમા શતકના ત્રીજા ચરણમાં એક જ શૈલમાંથી નિર્માવેલા શિવના કૈલાસ-પ્રાસાદની સુંદરતા વિષે અનેક સાચા–ખોટા ખયાલો પ્રચલિત છે. મોટી માંડણી પર દ્રાવિડી રીતિ અનુસાર રચાએલા એ 'કૈલાસ'ની ભવ્યતા વિષે, અલબત્ત, બે મત નથી. કૈલાસની પ્રભાવક્તા ઉદ્‌ભવે છે; એના એકંદર તેમજ અંગઉપાંગનાં પરસ્પર સંતુલિત માન–પ્રમાણ, વિશાળતા તેમ જ ઊંચાઈમાંથી, પણ આ સૌ તત્ત્વોના સહયોગથી પ્રભવતી સુડોલ પ્રચંડતાથી ભિન્ન, તેની અંદર–બહાર પથરાએલી શોભન–સૃષ્ટિનો પણ તેનાં રસપૂરક તત્ત્વોમાં ઉપેક્ષા ન કરી શકાય તેવો ફાળો છે એટલું જ નહિ, આ આગવી અલંકરણ-લીલા વિના કૈલાસ કેવળ પ્રચંડ અને અમુક અંશે શુષ્ક ઈમારત બની રહેત.

કૈલાસ પર લખનારા એકેએક કલાવિવેચકોએ તેનાં વિશિષ્ટ આયોજન અને ભવનભૂમા વિષે પુષ્કળ લખ્યા છતાં તેની અનુપમ ભૂષણલીલા વિષે ભાગ્યે જ કશું કહ્યું છે. અહીં તેની એ અલંકારભૂષાનાં કેટલાંક ધ્યાન ખેંચતાં ઉદાહરણોના આધારે ચર્ચા કરવા વિચાર્યું છે.

સામાન્ય રીતે વિદ્વદ્-વર્ગમાં આજે ઘણા સમયથી એક ભ્રાંત માન્યતા પ્રચલિત છે કે રાષ્ટ્રકૂટ કલાનો પ્રાદુર્ભાવ તેના પુરોગામી વાતાપિપતિ ચાળુક્યોના સમયમાં પ્રવર્તમાન કલામાંથી થયો છે, યા તો તે એનું 'આગે ચલન' માત્ર છે. આ અંગે વારંવાર કહેવાતું આવ્યું છે કે ચાળુક્યોની શાખાનગરી પટ્ટડકલમાં ઈ. સ. ૭૪૫માં વીરુપાક્ષનું સુપ્રસિદ્ધ મંદિર પૂર્ણ થયા બાદ થોડાં વર્ષોમાં જ રાષ્ટ્રકૂટોના હાથે પરાસ્ત થએલા ચાળુક્યોના શિલ્પીઓને કૈલાસ કંડારવા માટે રોકી લેવામાં આવ્યા હતા, અને એ રીતે કૈલાસને ચાળુક્ય શૈલીના પશ્ચાત્-કાલીન આવિષ્કાર યા વિશેષ વિકાસ રૂપે ઘટાવવામાં આવે છે, અને તેને માટે વીરુપાક્ષનું મંદિર નમૂના રૂપે નજર સામે રાખવામાં આવ્યું હોય તેમ પણ મનાય છે. પણ આ કેવળ ભ્રાન્ત ધારણા જ છે;–એટલા માટે કે, વીરુપાક્ષ અને કૈલાસની શૈલી વચ્ચે ઘણું અંતર છે. કોઈ કોઈ દેવરૂપ અહીં કૈલાસમાં ચાળુક્ય છટા બતાવે છે ખરું, પરંતુ સ્થાપત્યનાં અંગ-ઉપાંગોની અભિવ્યક્તિ, સંયોજના પાછળની વિભાવના, સમગ્ર કલા-વિભાવ તથા શોભન-ક્રિયામાં ઘણું ઘણું અંતર છે. વિજય પૂર્વે રાષ્ટ્રકૂટો ચાળુક્યોના સામંતો હતા અને ચાળુક્યોની સામ્રાજ્ય-સત્તા હસ્તગત કર્યા બાદ, તેમ જ તે પૂર્વે પણ, ચાળુક્યોની જેમ જ કર્ણાટી સંસ્કૃતિ ને કન્નડ ભાષાના તેઓ પોષક અને પુરસ્કર્તા જરૂર હતા, પરંતુ તેમની કલા અને સ્થાપત્યમાં સ્પષ્ટ નિજસ્વીપણું તથા ચાળુક્ય કલાના મુકાબલે ઘણીક બાબતોમાં ચઢિયાતાપણું પણ વરતાય છે. એ બંનેની સૂક્ષ્મ તુલનામાં ન ઊતરતાં અહીં તો રાષ્ટ્રકૂટોનું એક શ્રેષ્ઠ સર્જન ગણાતા આ કૈલાસ મંદિરની શોભનલીલાની વિશિષ્ટતાને સમજીએ.

હાથીઓથી ઊંચકાતી ઊંચેરી અને મોટેરી ઉપપીઠ પર સ્થિર થએલું કૈલાસનું દ્રાવિડ જાતિનું આ મંદિર પોતે તો ઠીંચકું અને સાદા તેમ જ ઓછા ઘાટડાથી રચેલું છે; પણ શિલ્પીઓએ પોતાની તમામ કલા તેની ભીંતોને શણગારવા પાછળ ખર્ચી છે. ચોરસ 'બ્રહ્મકાન્ત' જાતિના ભીંતિયા સ્તંભો રચીને અને તેની વચ્ચેવચ્ચે દેવકોષ્ઠો કાઢીને ભીંતના માન-છંદનો પ્રાત કરેલો છે. દેવકોષ્ઠાદિનું રૂપકામ પણ સરસ જ છે, પણ સ્તંભોની શોભા તો અનન્ય કહી શકાય તેવી છે.

ચિત્ર નં. ૧ આવા બે કુડ્ય-સ્તંભોના ઉપરિ ભાગની શોભન-સમૃદ્ધિ- અને ત્યાં વિલસતા કંડારની સુવર્ણકારી શી ઉત્કૃષ્ટતાનું એક નમૂનેદાર ઉદાહરણ છે. સ્તંભના વચ્ચેના ભાગમાં ઊભા શોભાપટ્ટ ઉપરના ભાગમાં રત્નમેખલાઓ કોરી, તે પછી સંકોચાતા 'લશુન' (કળશ) ભાગ પર 'નાસિકા' (ઠકારિકા), તે પર ઝૂલતી ઝાલરમાળ, ને તે ઉપર આવતી 'તાટી' (થાળી), 'ઘટ' અને મોટી પાલ્યાકાર 'મણ્ડિ' (ભરણી) પર સોનાના જડાવકામ જેવી ઘાત્વાભાસી અને સુરેખ નકશી કરી છે. આ કલાકૌશલની ઝીણવટનો વિશેષ સમીપતાથી ખયાલ આપતું એક અન્ય ભિત્તિસ્તંભનું દૃશ્ય (પાછલા પૂઠામાં) ચિત્ર નં. ૨માં જોવા મળે છે. આમાં સ્તંભપટ્ટની વલ્લીના પ્રતિચારી વળાંકાઓ, તેના મથાળે મણિ-પટ્ટ, તે પછી લશુન અને તાટી છોડીને આવતા મધ્યબંધવાળા કુંભ કે ઘટ પર રહેલી પાલિના ઢોળાવ પર છવાએલી સ્વર્ણવેલ કૈલાસની આભૂષણ શોભા કેવી નિરાળી અને રસાળ છે તેનો અંદાજ આપી રહે છે.

અહીં એક બીજી સ્પષ્ટતા કરી દઇએ કે કૈલાસની આ કંડારશોભા પર પછીના કાળે, મોટેભાગે તો અઢારમી સદીમાં, રાજમાતા અહલ્યાબાઇના કાળમાં લેપ ચડાવી રંગકામ કરવામાં આવેલું. આથી જે શોભનો આપણે જોઈએ છીએ તેમાં થોડી વિકૃતિ અને વિપર્યાસ પણ આવી ગયાં છે. લેપમાં જ્યાં જ્યાં વિવેક નથી જળવાયો ત્યાં ત્યાં અલંકારના અસલી રૂપને વણસાવતા, થયેડાના થોથર સ્પષ્ટ દેખાય છે: જુઓ પાછલા પૂઠામાં ચિત્ર ૩. તેની જ સાથે આપેલા ચિત્ર ૪ ને પાછળ ચિત્ર ૫માં વચ્ચેના પટ્ટમાં ખૂણે કાઢેલા મોરના મરોડ અને આવર્તન-પ્રત્યાવર્તન ઘણાં જ આકર્ષક હોવા છતાં, ને તેના પિચ્છ ભાગની વિગતો નિઃસંદેહ સારસ્યપૂર્ણ હોવા છતાં, લેપથી તેમાં થોડી કૃત્રિમતા આવી ગઈ છે. એ જ રીતે ત્યાં ઉપરિ ભાગમાં બતાવેલી ઘંટમાલા પણ લેપના કારણે લબડી જતી, કાપડના ચીંથરા જેવી થઈ ગઈ છે. કેટલીક જગ્યાએ તો મૂળ ભાત કરતાં જુદી જ ભાત લેપકારોએ કંડાર ઉપર ચડાવી છે. (ચિત્ર ૧, ૨, ૩ અમુક અંશે આવા કિસ્સાનાં દૃષ્ટાંતો તરીકે ઘટાવી શકાય.)

લેપના આવરણથી મુક્ત એવો એક ભાગ હવે જોઈએ. અહીં (ચિત્ર ૬) શિવની નટમૂર્તિને સમાવતા 'ખત્તક'ની આજુબાજુના કુડ્ય-સ્તંભ પરના ઊભા મણિમય પટ્ટને મથાળે પોતાના પિચ્છભાગને ઢાળીને બેઠેલી બે મયૂરની બેનમૂન જોડલીની ઝીણી કંડારવિગત, નમણા વળાંક.





ડાબી બાજુ ચિત્ર નં. ૫ અને ઉપર ચિત્ર નં. ૬.
(ચિત્ર નં. ૨, ૩, ૪ અને ૭ તથા ૮ પાછલા પૂઠામાં)

અને કલગીનો કલાત્મક લહેરાવ, અન્ય સ્થળે લેપ તળે ઢંકાએલાં શોભનોની અસલી શોભા કેવી કમનીય હશે તેનો ખયાલ આપી રહે છે.

કૈલાસની આ કંડારપ્રચુર સ્તંભોવાળી રૂપસુંદર ભીંતની ઉપર 'પ્રસ્તર' (આચ્છાદન)માં 'કંપોત' (નેવાળ-છાદ્ય)ની નીચેના ભાગમાં ટેકણ રૂપે ગોઠવેલા 'મદલ' (મદળ=ઘોડા)ના બે નમૂના (પા. પૂઠામાં ચિત્ર ૭-૮) હવે જોઇએ. આ મદળોનું મહત્ત્વ બે રીતે છે: એક તો આ ઘાટના આટલા જૂના નમૂના બહુ અલ્પ પ્રમાણમાં મળી આવ્યા છે; અને બીજું તેના ઘાટની આકારક્ષમતા અને તેનાં પડખાં તથા તળિયે કોરેલો લતા અને કલ્પવલ્લીનો ઝીણો કલ્પક કંડાર. ચિત્ર ૭માં દેખાતા મદલનો 'મુષ્ટિબંધ' (લુમ્બી) પરથી પ્રારંભ કરી, તેના આગળ આવતા દળને કલાપૂર્ણ આવર્ત-પ્રત્યાવર્ત આપી, મથાળે તાટી, કુંભ, પાલિ અને ફલકનો શિરમોડ કરી, મદલની સમગ્ર રચનાને અલંકારપૂર્ણ કરવા ઉપરાંત સર્વાંગ સંપૂર્ણ પણ બનાવી છે. કુંભ પર નીચે પદ્મપત્રો ને વચ્ચે રત્નપટ્ટી કોરી છે. પાલિમાં, સ્તંભની પાલિની જેમ, ઝીણા કંડારની વિગતવાળાં સુવર્ણપર્ણો આલેખ્યાં છે. ફલકના અગ્રભાગે અને પડખાંમાં સર્પાકારે વહેતી વેલોનાં રૂપ કંડાર્યાં છે. ચિત્ર ૮માં દેખાતો મદલ આગળના દૃષ્ટાંતથી થોડો નાનો છે અને તેના કંડારની વિગતોમાં થોડો ફેર છે.

કૈલાસની ભીંતના (મદલો સહિતના) આ ઉપલા ભાગમાં, તે એક કાળે ચિત્રિત હોવાની નિશાનીઓ હજી પણ જોવા મળે છે. ઘેરા કિરમજી, લીલા, પીળા ઇત્યાદિ રંગોના પ્રયોગથી અંગ-ઉપાંગો પરની રંગકારી આજે પણ શોભનીય લાગે છે. કેટલાકને મતે આ રંગકામ કૈલાસનું સમકાલિક હોવાને બદલે છેક સત્તરમી સદી જેટલું અર્વાચીન છે; પણ કુડચસ્તંભોની વચ્ચેનાં ચિત્રો ઓછામાં ઓછાં નવમી સદી જેટલાં પ્રાચીન છે. □

અનુસંધાન] **રાગ મિયાંકી મલ્હાર** [પૃ. ૩૨૯થી

નિહાલસેન અને રામપુરના વજીરખાં તાનસેનના વંશજો ગણાય છે.

મનાય છે કે તાનસેનનું અવસાન ઈ. ૧૫૮૯માં દિલ્હીમાં થએલું અને એની અંતિમ ઇચ્છા પ્રમાણે એની અંત્યેષ્ટિ ક્રિયા ગ્વાલિયરમાં થઈ. ત્યાં મુહમ્મદ ગૌસની દરગાહ પાસે જ એની સમાધિ કે કબર છે. બાદશાહના ફરમાનથી તાનસેનના માનમાં દર વર્ષે ત્રણ દિવસનો ઉર્સ ભરાતો ત્યારે સલ્તનતના નામી સંગીતકારો તેમાં પોતાનું સંગીત પેશ કરતા ને બાદશાહ તેમાંના ઉત્તમ સંગીતકારોને માનઅકરામથી નવાજતો. આજે પણ ગ્વાલિયરમાં દર વર્ષે માર્ચ મહિનામાં એ ઉર્સ ભરાય છે અને તેમાં ભારતભરના નામી સંગીતકારો પોતાનું સંગીતકૌશલ વ્યક્ત કરી એ મહાન સંગીતકારને અંજલિ આપે છે.

શિષ્ટમાન્ય પુસ્તકોના પ્રકાશન અર્થે લેખકોને આર્થિક સહાય આપવાની યોજના: ગુજરાત સરકારે ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, ભાષા-સાહિત્ય વગેરેને લગતાં શિષ્ટમાન્ય મૌલિક પ્રકાશનો માટે લેખકોને આર્થિક સહાય આપવાની એક યોજના અમલમાં મૂકી છે. રસ ધરાવતા લેખકોએ આ બાબતમાં જરૂરી વિગતો ને નિયમો માટે ભાષા નિયામક, ગુજરાત રાજ્ય, સચિવાલય, બ્લૉક નં. ૭, બીજે માળ, ગાંધીનગર-૩૮ ૨૦ ૧૦ એ કચેરીનો તાત્કાલિક સંપર્ક સાધવો. આવેદનપત્રો ને હસ્તપ્રતો સ્વીકારવાની છેલ્લી તારીખ ૧-૧૧-૧૯૭૩ છે.

કસુંબલ રંગ



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

લેખક
કનુભાઈ જાની

૧૧ · જાગરણ અને પગરણનો પહેલો ફાલ

'દરેક પ્રદેશને એનો એક મુકરર આત્મા (Spirit) હોય છે. એની સંગાથે એકાકાર ન થઈ શકનાર પ્રવાસીને એ બધું નર્યા પથ્થરો, પાણી અને ધૂળ થકી ય બદતર માનવમાળખાંથી જ ભરેલું સ્થાન દેખાય. પણ આત્મા પકડનારને માટે તો જરૂરનું છે કે દિવસોના દિવસો સુધી બસ ઝંખના જ એકઠી કર્યા કરવી. કારાગારમાંથી નાસનાર કેદીની પેઠે ઘરનાં સુખસગવડ અને મુઠ્ઠીમોહમાંથી નાસી છૂટવું. રેલગાડી જે છેલ્લા બિન્દુ સુધી લઈ જાય ત્યાંથી તો સાચી મુસાફરીનો આરંભ સમજવો. ટપાલના કાગળો જ્યાં નથી પહોંચતા, પાણી જ્યાં કોઈ ખારવાની કાટ મારી ગએલ ગાગરમાંનું ક્યારે ભરેલું, પહેરણની ચાળ વડે ગાળીને પીવું પડે છે, સૂવાને સારુ જ્યાં એના મહિનાઓના વણન્હાયા શરીર સાથે ઘસાઈને બિછાનું કરવું પડે છે, એના દારૂગાંજાની સોડમો જ્યાં શ્વાસે-શ્વાસે પેટમાં ઉતારવી રહે છે, એના રોટલાથી જ જ્યાં જઠર ભરવી પડે છે, ત્યાં ત્યાં તેની છાતીમાં.. છૂટાઈ રહેવું પડે. એના કંઠનું સાહિત્ય કઢાવવા માટે એની જોડે કાલાઘેલા બનવું પડે. તે પછી જ સાચો પ્રાણ જડવા માંડે છે.' (સોરઠને તીરેતીરે)

આ એમની લગની. એ જ કલકત્તા છોડાવનાર ઝંખના, ને એ જ ઘર માંડયું તે જ માસથી અરધું અઠવાડિયું ઘર છોડીને ભમવા મોકલનાર ધૂન. ઘેર રહી જનાર કુટુંબવત્સલાની સંવેદનકથા તો વણનોંધી રહી છે.

'ધરતીનો પ્રાણ' શોધવામાં આ ધખારો આજે કદાચ ન સમજાય. પણ એ ગાળો એવો હતો. ઈ. ૧૯૨૦થી '૩૦ના ગાળાગાં જે લોકજાગૃતિ આવી તે પરિબળે મેઘાણીને કલકત્તા છોડવા પ્રેર્યા, ધરતી ને લોકજીવનમાં રસ લેવા પ્રેર્યા, એમના કામને વેગ ને પ્રચારની અનુકૂળતા કરી આપી. એ કાળબળે એમના હાથમાં એમનું જીવનકાર્ય મૂક્યું—સોરઠી સાહિત્યના પુનરુદ્ધારનું.

એટલે જ તોરી ગામને ચોરે કે ગાડીમાં કે બીજે થતી લોકોની વાતમાં એમને રસ પડયો. એ બધું લખ્યું. એ 'વાર્તા' નહોતી, પરિસ્થિતિની રોજ-બ-રોજની રામકહાણી હતી. આગળ જતાં કોરિયા કે આયર્લૅન્ડની વાતમાં રસ પાડી (પડાવી) શક્યા તેનું કારણે ય આ,—જિવાતા લોકજીવનના પ્રશ્નોમાં રસ. મૃત્યુની આગલી સંધ્યાએ શિક્ષકોના સમ્મેલનમાં જે વ્યક્ત થયો તે ય એ જ. મેઘાણીનો જીવન અને લેખન પ્રત્યેનો અભિગમ સમજવા આ ધ્યાનમાં રાખવું જરૂરી છે.

જરા જુદી રીતે કહીએ તો મેઘાણી બેવડી કામગીરી કરે છે: મધ્યકાલીન તળપદા જીવનનાં મૂલ્યો શોધે-ચકાસે-તારવે છે, એને ચાહે છે; ને એક પત્રકાર તરીકે સમકાલીન જીવનપ્રવાહને અવલોકે—નોંધે છે. આ બન્ને પ્રક્રિયા એકસાથે ચાલે છે. મુખ્યત્વે 'સાહિત્ય'માં નહિ પણ 'લોક'માં એમનો રસ છે.

> प्रत्यक्षदर्शी लोकानां समदर्शी भवेन्नरः।
> લોકને અવલોકે જે, સમદર્શી થાય તે નર.

એ જાણે કાંઈક અંશે સાચું છે. 'કાંઈક અંશે', કારણ કે લોકાનુરાગ ઘણી વાર પક્ષપાત કરે છે. પણ અહીં ભારપૂર્વક, ફરી ફરીને કહેવું છે કે મેઘાણી કેવળ સાહિત્યરસથી લખવા પ્રવૃત્ત થએલા લેખક નહોતા; લોકજીવનનો રસ એમના લેખનનું એક મોટું પરિબળ. 'મધ્યકાલીન જીવનનાં મૂલ્યોમાં જ એમને રસ હતો' એ મોટી અત્યુક્તિ છે. જિવાતા જીવનની ઊણપો ખટકતી હતી, ને એનાં કારણો ને ઉપાયોના વિચારમાં પેલાં મૂલ્યો ઢૂકી જતાં હતાં. પરંતુ એ મૂલ્યોમાં પ્રેમ, શૌર્ય, ઔદાર્ય, ટેક, રાખ-રખાવટ, સ્વાર્પણ, ધરાપ્રેમ, સ્ત્રીસન્માન, મૈત્રી—એ બધાંને કેવળ 'મધ્યકાલીન'ની ગાળ દઇને આપણે શું બાદ કરીને રાચીએ છીએ?

મેઘાણીના લેખનનો આરંભ ત્રિવિધ પરિબળોથી થયો: ૧) રવીન્દ્ર-દ્વિજેન્દ્ર જેવા બંગાળી ને કલાપી–નાનાલાલ જેવા ગુજરાતી સાહિત્યકારોનો અભ્યાસ, ૨) સેન-મિત્ર મજમુદારે વિશેષ તો વાજસુર વાળાએ લગાડેલો લોકસાહિત્યનો નાદ; અને ૩) મિત્રમંડળને કારણે નાનપણથી સામાજિક ને નાટચ જેવી તથા પછીથી સ્વદેશી જેવી પ્રવૃત્તિને રૂપે જે દેખાયો હતો તે લોકજીવનમાં રસ. મેઘાણીમાં આ ત્રણે છે: સાહિત્યોન્મેષ, લોકસાહિત્યસંશોધન-પ્રચારનો નાદ અને જિવાતા લોકજીવન સાથે નિકટવર્તી–full of concern–ઉચાટભલકભર્યો સંબંધ. આપણા બીજા કોઈ સાહિત્યકારે આવો સંબંધ કેળવ્યો–જાળવ્યો જાણ્યું નથી. એ ત્રણેયની ખાસિયતો પ્રગટ થાય એવી તક 'સૌરાષ્ટ્ર'માં જોડાવાથી પૂરી પડી.

શુક્ર, શનિ, રવિ—એ પ્રવાસના દિવસો હતા, પુસ્તકલેખનની સામગ્રીના દિવસો હતા. 'એ દિવસોનો જે ફાલ ઊતરતો, તેના વિવિધ રસવંત ખંડોનો અમે અઠવાડિકમાં થાળ ભરતા: નાટકોના પ્રવેશો, વાર્તાનાં પ્રકરણો, જગતઇતિહાસનાં ઊજળાં પાનાં, મિસર–કોરિયા–આયર્લૅન્ડ–હંગેરીની યશોજ્જ્વલ નવરચનાની તવારીખો, ટાગોર, દ્વિજેન્દ્રલાલ જેવા બંગાળી સાહિત્યસ્વામીઓની વાનીઓ. (તેની તો બંગાળી ભાષાના રસિક અભ્યાસી ભાઈ સુશીલે જ પહેલ કરી દીધેલી.)' ('ઝ. મે. સ્મ.', પૃ. ૪૬). એ પ્રવાસમાં ક્યારેક ગિરનારના શિવરાત જેવા મેળામાં બગસરાના લુકમાન વોરા અને બરખલા ગામની મેરાણી વચ્ચે ત્રણત્રણ દી' સામસામી દોહાની અખંડ રમઝટ બોલતી: ક્યારેક કો'ક ખેડૂત, કો'ક ગોવાળ, કો'ક આયર, કો'ક મીર દુહા-ગીત-કથા સંભળાવે. હડાળે બાપુ પાસે પણ મેઘાણી વારંવાર જાય ને કાંઈકનું કાંઈક લેતા આવે.

"'રંગ છે બારોટ!'ની 'દરિયાપીરની દીકરી'વાળી વાત પણ અહીં આ ગઢમાં બેસીને ૧૯૨૨ની સાલ દરમ્યાન લખી લીધી હતી. તે પછી છાપવા વેળાએ મને મોકલી હતી. મેં કેટલુંક સુધાર્યું ને કેટલોક ફેરફાર સૂચવ્યો... ઝવેરભાઈની લખવાની ઝડપ તો ગજબની. હું વાતો કરું એ ટપકાવી લે. એક બાજુ જઇને નિરાંતે પૂરી કરી લે. એ પછી મને વંચાવી જાય. એમને વાત કઢાવતાં આવડે—. 'હાં, પછી...? પછી શું એનું થયું?' પછી એ ક્યાં ગયાં? પછી એમણે ત્યાં શું કર્યું?'... આમ 'પછી, પછી' તો ચાલતું જ હોય." (દરબાર સાહેબ વાજસુર વાળા 'ઝ. મે. સ્મ.'માં, પૃ. ૮૦–૮૧) ક્યારેક કાગળ લખીને પણ વાત મંગાવે; બાપુ મોકલે. 'એમને જે ખૂબ ગમેલી અને જેના ઉપર એમણે આંસુઓ પાડેલાં તે વાર્તા 'આહેરની ઉદારતા' મેં લખીને મોકલી હતી. એમણે એ મઠારીને મૂકી. પછી તો ઝવેરભાઈના કાગળો આવે, નવી નવી વાતો મંગાવે અને જાતે... આવીને ટપકાવી જાય.' ('ઝ. મે. સ્મ.', પૃ. ૭૮) ત્યાં ગગુભાઈ ચારણ પાસેથી પણ સાંભળે ને લખે.

બીજા ચારણોના પરિચયમાં પણ આવ્યા. એમની કથામાંડણી ગમી. એમની ભાષા ને કથારીતિના પ્રયોગો પોતે કરવા માંડયા. દરબારસાહેબ કહે છે: 'ઝવેરભાઈએ ચારણી પ્રયોગો બોલવા-લખવાના પ્રયત્નો કર્યા, પણ શરૂમાં કેમે ય કરીને ફાવે જ નહિ. 'દેથળા', 'ભણે', 'રયું', 'ગરલંડાં ઘોડી'...એવા એવા ચારણી શબ્દો ટપકાવી લે ને પછી અમારી સાથેની સામાન્ય વાતોમાં પણ એ વાપરે. વાપરતાં ફાવે નહિ ને કંઈકનો

અર્થ ઠીક થઈ જાય! અમે બધા ખૂબ હસી પડીએ. ગગુભાઈ તો પેટ પકડીને હસે. પછી ધીમેધીમે ચારણી ભાષા પર તેમણે કાબૂ મેળવી લીધો. પીંગળશીભાઈ, ઠારણભાઈ, દુલા કાગ વગેરેના પરિચયમાં આવીને એમણે ચારણી ભાષાને બરાબર પકડી લીધેલી. બોલે ત્યારે અસલ ચારણનો દીકરો બોલતો લાગે.' ('ઝ. મે. સ્મ.', પૃ. ૭૯) એટલું જ નહિ, ખુદ ચારણો દંગ થઈ જાય. આડકથા ને લંબાણ બંને દોષો વહોરીને પણ કાગબાપુએ કીધેલો પેલો પ્રસંગ મૂકવાનો લોભ ખાળી નથી શકાતો: 'રસધાર લખાતી હતી. પોરસા વાળાના દુહા થોડાક વધારે મળે તો ઠીક, એમ એમણે મને કહેલું. હું મારા દીર્ઘસૂત્રી સ્વભાવ પ્રમાણે ભૂલી ગએલો. ઉપરાઉપર ત્રણ પત્તાં આવ્યાં, એટલે સાત દુહા ઘરના જ બનાવી મોકલી દીધા અને લખ્યું કે આટલા મળ્યા છે. વળતાં એમનો કાગળ આવ્યો કે "દુલાભાઈ! આ દોહા જો તમારા હોય તો થોડાક વધારે લખી નાખોને?!" કાગળ વાંચી હું તો ઠરી ગયો કે વાહ મેઘાણી! કયા પુણ્યથી પ્રભુ માણસને આવી અક્કલ આપતો હશે?' ('ઝ. મે. સ્મ.', પૃ. ૯૧). એ પરિશ્રમનું પુણ્ય. આ સૂઝનો પરચો તો કાગબાપુને પછી ઘણી વાર થયો છે. પણ ભારતના બે હજાર ચારણને ય થયો. એ પ્રસંગ જાણીતો છે:

'રસધારની વાતો એ તો ચારણોની વારતાનો ફોટો છે, વેવલાં લખાણ નથી. સાથોસાથ ચારણો પણ ઘેલા થઈને સાંભળે એવી રીતે એ વાર્તા માંડી શકતા હતા. હજુ સુધી ચારણી વાર્તા અન્ય કવિઓ માંડી શકતાં નથી...રાજકોટ મુકામે હિંદ ચારણ સમ્મેલન મળ્યું હતું, કચ્છ, કાઠિયાવાડ, ગુજરાત, સિંધ, થરાદ, માળવા, મેવાડ, મારવાડ અને મધ્યપ્રાંતના સુકવિઓ અને વાર્તાકારો મળેલા. એક ચારણ બેઠો હોય તો પણ વાત કરવાનો અન્ય માણસને સંકોચ થાય. એને બદલે એવા બે હજાર ચારણ ત્યાં મળ્યા હતા. એમાં ઘણા તો કવિરાજો હતા.

એમની વચ્ચે, બધાના આગ્રહથી, એ વામન પણ વિરાટ સમો માચડા પર ઊભો થયો. એની કસુંબલ, તૃપ્ત અને રીધિયલ, કેરીની ફાડ જેવી આંખ સભાને ખૂણેખૂણે આડીઅવળી ફેરવી અને મારવાડી ગીતથી શરૂ કર્યું. મોરલા સામા હોકારા દેવા માંડયા. રાજકોટ ગાંધર્વનગર સમું બની ગયું. મેદનીનાં હૈયેહૈયાં હળાવા માંડયાં. બરાબર પોણા બે કલાક કોઈએ હોકાની ઘૂંટ ન ખેંચી. હોકા ઓલવાઈ ગયા.

લીંબડી-કવિરાજ શંકરદાનજી તો ઊભા થઈને એમને ભેટી પડયા. હસવા લાગ્યા કે 'મેઘાણી! કળજુગ આવ્યો લાગે છે! એ વિના કાંઈ વાણિયો ગાય અને બે હજાર ચારણો ચૂપચાપ ઘેટાં જેમ સાંભળે એ બને ખરું?'

મેઘાણીએ કહ્યું કે 'મુરબ્બી! આ તો આપનું જ છે. હું તો ચારણોનો ટપાલી છું; બધે પહોંચાડું છું.' ('ઊર્મિ', એપ્રિલ ૧૯૪૭ પૃ. ૧૦૦)

એ પહોંચાડવાનો આરંભ એમણે ઈ. ૧૯૨૨થી જ કરી દીધેલો. એ સાલના 'સૌરાષ્ટ્ર'માં ચાર વાર્તાઓ પ્રગટ થઈ: 'ચાંપરાજ વાળો', 'ભોળો કાત્યાળ', 'આહેરની ઉદારતા' અને 'પ્રબળ પાપનું પરિણામ.'

'ચાંપરાજ વાળો' વાર્તા દરબાર વાજસુર વાળાએ કહેલી, લગભગ તે જ રીતે રજૂ કરી. વાર્તામાં અદ્‌ભુત રસની માત્રા ઘણી છે. પાંચ પ્રસંગો છે: ફકીરે પ્રસન્ન થઈને આપેલા ચાર દીવા પ્રગટાવતાં જ જેતપુરના મોચીની આજ્ઞા પ્રમાણે અમદાવાદની શાહજાદીને રોજ રાતે ચાર ફિરસ્તા મોચીના ઘરમાં ઉપાડી લાવે ને સવારે પાછી મૂકી આવે તે, ચાંપરાજ વાળાને હસતી રડતી અપ્સરા મળે છે તે, જોગડા-ચાંપરાજનાં પરાક્રમો, ચાંપરાજના પ્રેતે ચારણને અશ્વદાન કર્યું તે અને છ માસના ચાંપરાજે માતાને અડપલું કરતા પિતાને જોઈ પીઠ ફેરવી ને તેની શરમે માતાએ આપઘાત કર્યો તે. પાંચે પ્રસંગો એકરસ બની વહેતા નથી, છૂટક રહે છે. વચમાં વચમાં દુહા છે, પણ એમાં ઝાઝું કાવ્યત્વ દેખાતું નથી.

'ભોળો કાત્યાળ' એ વાર્તા પણ દરબારસાહેબ વાજસુર વાળાએ કહેલી. આર્થિક મુશ્કેલીના દિવસોમાં સનાળીના કાઠી કાત્યાળને ચાંચઈના દરબાર માણશીઆ વાળાએ આશરો આપ્યો; પોતાના પરાક્રમથી કાત્યાળે એ ઉજાળ્યો. ઘોડારમાં ઘોડી ચોરવા આવેલા ચાર ચોરોને, અંધારી મેવલી રાતે એણે પૂરા કર્યા પછી, એને કોઈ પરાક્રમ ગણ્યા વિના, એ તો સવાર પડતાં જ ચૂપચાપ પોતાને કામે ચડી ગયો, એટલે લોથો જોઈને એના ઢાળનારને તો છેક સાંજે દરબારે ઓળખ્યો. ભેટ તરીકે બે ભેંસો મળતાં દરબારે પારકી સ્ત્રીને ઘરમાં બેસાડવાની અનુમતિ પેલા થોરીને આપી તે કાત્યાળને ન ગમ્યું, છતાં દરબાર સામે બહારવટે ચડનાર એ થોરીની પાછળ પડી એને કાત્યાળે જ પૂરો કર્યો. મરતાં પહેલાં થોરીએ પોતે ચારણચારણીને મારેલાં એનો પસ્તાવો કર્યો. જૂનાગઢની ગિસ્ત ચાંચઈ પર ચડી આવી એને કાત્યાળે તગડી મૂકી.

વાર્તામાં પરાક્રમ-પ્રશસ્તિ છે, ચમત્કાર નથી. નિરૂપણ સીધું સાદું છે. ચાર પરાક્રમો એક પછી એક આવે છે. વાર્તાનું સ્વરૂપ જ આવું છે. એકતાસાધક તત્ત્વ તે કાત્યાળ. પહેલી વાર્તામાં પણ પાત્ર જ કેન્દ્રમાં. પરંતુ ત્યાં ચમત્કારો ને માન્યતાઓ ને વહેમો પણ છે. લોક જેમાં માનતા હોય તે લોકસાહિત્યમાં આવે તે જ સ્વાભાવિક ને ઉચિત ગણાવું જોઈએ એટલે કેટલીક વાર શિષ્ટ સાહિત્યના વિવેચકો લોકસાહિત્યનાં આવાં ચમત્કારક તત્ત્વોમાં બુદ્ધિદોષની કે ઔચિત્યાનૌચિત્યની ચર્ચા લઈને બેસે છે ત્યારે ભીંત ભૂલે છે.

ત્રીજી વાર્તા તો દરબારસાહેબે જાતે લખી મોકલી—'આહેરની ઉદારતા'. એમાં પણ આપણી બુદ્ધિ કેમે ય ન સ્વીકારે એવો પ્રસંગ છે, ને મેઘાણીભાઈએ એની પહેલી આવૃત્તિમાં મથાળે નોંધ મૂકી છે 'ચાળીસ વરસ પહેલાં બનેલી એક સાચી વાત' એ આશ્ચર્યકર છે (જો કે ૧૯૩૦ની બીજી આવૃત્તિમાં એ નોંધ કાઢી નાખી છે). જો કે એ વાર્તામાં ધૂણતા લખમશીએ માથે હાથ મૂકવાથી વિક્રમશીનું નપુંસકત્વ ગયું એ ચમત્કાર કેન્દ્રમાં નથી. કેન્દ્રમાં સવિગત નિરૂપાયા છે બે પ્રસંગો: વિક્રમશીની નિખાલસ કબૂલાત સાથે પોતાની પત્નીને સુખનો માર્ગ મોકળો કરી આપવાનું ઔદાર્ય; અને પોતાની પરણેતર પારકાને ચાહે છે એ જોતાં જ પાછી એ એને પ્રાપ્ત કરે એમ કરવાનું લખમશીનું ઔદાર્ય. શીર્ષકમાં જ લેખકે એ ચોખવટ કરી દીધી છે.

એમ તો ચોથી, દરબાર સાહેબે લખી મોકલેલી 'રસધાર ૧'ની પ્રથમ આવૃત્તિમાં 'પ્રબળ પાપનું પરિણામ' એ શીર્ષકે છપાએલી અને 'ભેંસોનાં દૂધ' શીર્ષકે બીજી આવૃત્તિમાં છપાએલી વાર્તા પણ ચમત્કારની છાંટ વિનાની નથી. ગિરના એક ચારણ કુટુમ્બની આપદાની એ કથા છે. પેટ પાટા બાંધી ઉછેરેલી ભેંસો દૂઝવા જેવડી થતાં જ ચોરાય છે. જેતપુરના દરબાર એ રાખી લે છે. ચારણો ત્યાં જાય છે. ચોરીના લાંછનથી બચવા, આબરૂને ખાતર ભેંસોના કટકા કરી, દરબાર એને દરબારગઢમાં દાટી દે છે ને ચારણોનાં ત્રાગાંને ગણકારતા નથી. પણ પછી દૂધ ચોખા ને ઘીમાં નર્યાં જીવડાં જ દેખાય છે! ગીગાભક્તની દયાથી વચમાં એ મુશ્કેલી ટળે છે, પણ છેવટે પાપ એનો કેડો મૂકતું નથી. એક પછી એક સાત દીકરા જન્મીને નાની વયમાં જ ગુજરી જાય છે, ને દરબાર એમ નિર્વંશ જાય છે. પાપ તો કોઈને ન જ મેલે, એ લોકમાન્યતા ચરિતાર્થ થાય છે. (ચાલુ)

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃ. ૩૨૮થી

વ્યાટની કટાક્ષકૃતિઓ (Satires)

વ્યાટની શક્તિ-ગતિ અને નીડર પ્રકૃતિનો પરિચય તેની કટાક્ષકૃતિઓમાં સુખદરીતે થાય છે. તેણે બે કટાક્ષકૃતિઓ હૉરેસ (Horace) પાસેથી અને એક ઈટાલીના કવિ આલમાની (Alamani) પાસેથી લીધી છે. રાજદરબારના અનુભવો પામીને ત્યાંથી વિમુખ થએલો કવિ તેણે ત્યાં જે દુર્ગુણો અને દુષ્ટતા જોયાં તેનું ચિત્ર આપે છે અને શ્રીમંત વર્ગની વૃદ્ધ વિધવાઓ સાથે લગ્ન કરીને ધનપ્રાપ્તિ કરનારા સરદારોની તે ઠેકડી ઉડાવે છે. હૉરેસ અને હેન્રીસનની માફક તે પણ શહેરના ઉંદરની અને ગામડાના ઉંદરની કથા આપે છે. જો કે પુરોગામીઓની શક્તિ તેનામાં આવી નથી, તેમ છતાં તેની નૈતિક વિચારણાઓ નોંધપાત્ર બની રહે છે. (ચાલુ)

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

વિભાગ ત્રીજો

૨ · ઈલિઝાબેથ યુગના પ્રભાતે

નવી કવિતા માટેની ભૂમિકા

ઈસ્વીસન ૧૫૦૯માં હેન્રી ૮મો ઇંગ્લૅન્ડની ગાદી પર આવ્યો. તેના સમયમાં ઈંગ્લૅન્ડ વિકાસને પંથે હતું. હેન્રી ૭માએ ઇંગ્લૅન્ડના દુશ્મનોને વશ કરી પોતાની સત્તા મજબૂત કરી હતી. નવા દેશોની શોધખોળો માટે ઉત્તેજના વધી હતી. વહાણવટાને ઉત્તેજન મળ્યું હતું—મળતું હતું. યુરોપના રાજકારણમાં ઇંગ્લૅન્ડે સક્રિય ભાગ ભજવવા માંડયો હતો અને પરદેશો સાથે તેનો સંપર્ક વધવા માંડયો હતો. આમ, હેન્રી ૮માના રાજ્યારોહણ સમયે ઇંગ્લૅન્ડના સમાજજીવનમાં એકંદરે શાંતિ હતી, સ્વસ્થતા હતી. થોડાંક છમકલાં થયાં તે હેન્રીએ દબાવી દીધાં. પ્રજાનું ચિત્ત કળા, સાહિત્ય ને વિજ્ઞાન પ્રત્યે વિશેષપણે આકર્ષાવા માંડયું હતું. હેન્રી ૮માએ ભલે પોતાનો અંગત સ્વાર્થ સિદ્ધ કરવા ધર્મગુરુઓના મઠોનો નાશ કર્યો, પણ પછી તે કલા અને સંસ્કારનાં કેન્દ્ર બની રહ્યાં—વિદ્યાધામ બની ગયાં. હેન્રીનો દરબાર પણ ફૅશન અને નવીન સંસ્કારનું કેન્દ્ર હતો. એ પોતે પણ સાહિત્ય કળાનો શૉખીન જીવ હતો. એના યુગમાં સરદારો સુંદરીના પ્રેમની આરાધના માટે કવિતા રચતા. સ્ત્રી-દાક્ષિણ્યનો મહિમા ત્યારે ઘણો વ્યાપક હતો. માત્ર ઉમરાવો (નાઈટ્સ) જ નહિ, દરેક શિક્ષિત જન કવિતાનો કંઈ ને કંઈ વ્યાયામ—મનોયત્ન—કરતો. સારી કવિતા મિત્રોના વર્તુલમાં વંચાતી—વહેંચાતી અને ગીતસંગ્રહોમાં સમાતી. ઈ. ૧૫૫૭માં રિચર્ડ ટૉટેલે (Richard Tottel) પ્રથમ વાર કાવ્યસંગ્રહ મુદ્રિત કર્યો.

નવી કવિતાના વૈતાલિકો: વ્યાટ અને સરે

ટ્યૂડર યુગના પ્રભાતે ઈટાલી અને ફ્રાન્સના નમૂના પર જે કવિતા ઇંગ્લૅન્ડમાં રચાવા માંડી તેના વૈતાલિકો સર ટૉમસ વ્યાટ (Thomas Wyatt) અને સરે (Surrey) હતા. ટૉમસ વ્યાટનો જન્મ ઈ. ૧૫૦૩માં થએલો. તે કેમ્બ્રિજ અને ઑક્સફર્ડમાં ઉચ્ચ શિક્ષણ પામેલો અને રાજા હેન્રી ૮માની તેના પર કૃપા હતી. રાજ્યનાં મહત્ત્વનાં કાર્યો પ્રસંગે તેને વારંવાર પરદેશનો પ્રવાસ ખેડવાનો મોકો મળતો. તેણે તે સમયના કલાસમૃદ્ધ ઈટાલીમાં ઠીક સમય વસવાટ કરેલો અને ત્યાં તેને દાન્તે તથા પૅટ્રાર્ક જેવા મહાન સર્જકોની પ્રતિભાનો પરિચય કરવાની તક મળી. અંગત ઊર્મિના ઉદ્ગાર માટે પેટ્રાર્કનું સૉનેટ સ્વરૂપ તેના મનમાં વસી ગયું.

અંગ્રેજી કવિતાના વિકાસમાં ચૉસરે નવી ક્ષિતિજ ઉઘાડી આપેલી ને તેની કવિતાએ નવપ્રસ્થાન કરેલું; પણ ત્યાર પછી લિડગેઈટ, ઑક્લીવ, હૉઝ (Haws) ઇત્યાદિ તેના અનુયાયીઓએ ખાસ કશી સૂઝ દર્શાવી નહિ, અને લગભગ એક સૈકા સુધી કાવ્યના છંદ, આયોજન, વ્યાકરણ વગેરે બાબતમાં લગભગ અતંત્રતા જેવી પરિસ્થિતિ પ્રવર્તતી રહી. અંગ્રેજી કવિતાને આ અનવસ્થામાંથી બહાર કાઢી તેને છંદશાસ્ત્રના ચીલે ચડાવવાનું અને તેમાં વ્યવસ્થા આણવાનું શ્રેય વ્યાટ અને સરેને ઘટે છે. અંગ્રેજી કવિતાના છંદ અને શૈલીના આ બે પ્રથમ સુધારકો ગણાય, અને ડેવિડ ડેચીઝ વ્યાટ માટે નોંધે છે તેમ 'With him modern English poetry begins'. નવી કવિતાનો તેનાથી આરંભ થાય છે.[1]

વ્યાટનું કાવ્યવાહન: સૉનેટ

ટૉમસ વ્યાટની કેટલીક ઉત્તમ નહિ તો પણ રસપ્રદ કવિતા સૉનેટ રૂપે પ્રગટી છે. તેણે ઈટાલીના પોતાના વસવાટ દરમિયાન ત્યાંના સમર્થ સૉનેટકાર ફ્રાન્સેસ્કો પેટ્રાર્ક (Francesco Petrarch)ની કાવ્યકલાનો જાદુ અનુભવ્યો. માત્ર ઇલિઝાબેથના યુગને જ નહિ, ત્યાર પછી વર્ષો સુધી સમગ્ર યુરોપને મોહિની લગાડનાર સૉનેટનો કલાપ્રકાર સૌપ્રથમ ઈટાલીમાં બારમી સદીમાં પ્રગટયો હતો. ત્યાંથી એ ફ્રાન્સમાં અને પછી ઇંગ્લૅન્ડમાં ગયો અને વ્યાપક થયો.

અંગ્રેજી કવિતામાં ગાંભીર્ય અને નવું બળ લાવવા માટે તેમજ અંગત ઊર્મિના ઉદ્ગાર માટે સૉનેટનો કલાપ્રકાર ખૂબ અનુકૂળ બન્યો. પરંતુ સૉનેટ એ માત્ર અનાયાસ ઊર્મિનો ઉદ્ગાર જ વ્યક્ત કરનાર વાહન ન હતું. ચૌદ પંક્તિમાં વિચાર-ઊર્મિને સમાવવા માટે લાઘવ અને કલાસંયમની કવિ પાસે અપેક્ષા રહેતી. પંક્તિઓની સમતુલાની જાળવણી, નિશ્ચિત રૂપમાં પ્રાસનું આયોજન—ટૂંકમાં સૉનેટની રચના માટે કવિપક્ષે ચિત્તની શિસ્ત આવશ્યક હતી. અનુભૂતિની તીવ્રતા—માર્મિકતા સૉનેટમાં સઘનપણે ન પ્રગટે તો નવાઈ! કેમ્બ્રિજ હિસ્ટરી ઑવ ઇંગ્લિશ લિટરેચરમાં તેની વ્યાખ્યા આપી છે તે પ્રમાણે: 'Of all forms, the sonnet is that in which it is most difficult to be obscure, turgid or irregular. Its small size and precise structure force on the writer compression, point and intensity; for a feeble sonnet proclaims itself feeble at a glance.'

સૉનેટમાં પ્રેમનો વિષય

કવિ વ્યાટે આકાર અને વિચાર બંનેને લક્ષમાં રાખીને પેટ્રાર્કનાં સૉનેટ નમૂના રૂપે લીધાં. પેટ્રાર્કે તેની પ્રેયસી લૉરા (Laura)ને સંબોધીને—અનુલક્ષીને સૉનેટો રચેલાં. આવાં પ્રેમવિષયક સૉનેટોએ પછીની પેઢીઓના કવિઓને સમસ્ત યુરોપમાં આકર્ષણ કર્યું. વ્યાટ વિષે પણ લોકોક્તિ છે કે તેના યૌવનકાળમાં ઍન બોલીન (Anne Boleyn)ના પ્રેમમાં તે હતો. એ યુવતી પર હેન્રી ૮માની નજર ઠરી. તેની સાથે લગ્ન કરવા તે તત્પર થયો ત્યારે વ્યાટે એ યુવતી સાથેના પોતાના પ્રેમસંબંધની રાજાને જાણ કરેલી. આ વાતમાં તથ્ય હોય કે નહિ, પરંતુ એ બેના લગ્ન પ્રસંગે તે મુખ્ય માણસ તરીકે હાજર રહ્યો હતો.

વ્યાટે ત્રીસેક જેટલાં સૉનેટ લખ્યાં છે. તેમાં દસેક તો પેટ્રાર્કના સૉનેટના અનુવાદ છે. તેમ છતાં તેનાં કેટલાંક સૉનેટો પ્રેમિકાને ઉદ્દેશીને છે. ઊર્મિકવિતા સૉનેટ દ્વારા ઇંગ્લૅન્ડમાં વ્યાટના પ્રયત્નોથી વધુ કલાત્મક રૂપે પ્રવેશ પામી. વ્યાટને પણ પ્રેમનો અનુભવ હતો જ. નિષ્ઠુર પ્રેમિકા સમક્ષ નમ્ર સેવક તરીકે ઉપસ્થિતિ, પ્રેમની યાચના, પ્રેમિકાના કટાક્ષે હૃદયનું વીંધાવું, તેના વિયોગમાં નિરાશાના સાગરમાં ડૂબી જવું, પ્રેમિકાની ઉપસ્થિતિ યા અનુપસ્થિતિ પ્રમાણે ચિત્તનું પલટાવું, આ બધું અગાઉ Courtly loveમાં સામાન્ય હતું. તેનું વધુ સંસ્કારી ભવ્ય રૂપ સૉનેટોમાં અને ગીતરચનાઓમાં હવે પ્રગટ થવા માંડયું. વ્યાટ પેટ્રાર્કનું ઘણી વાર અનુકરણ કરતો હોવા છતાં તેની પોતાની મૌલિકતા પણ કેટલાંક સૉનેટ-ઊર્મિકોમાં વ્યક્ત થાય છે. તેણે પેટ્રાર્કથી જુદી રીતે પણ પોતાના અંગત પ્રેમભાવો વ્યક્ત કર્યા છે અને લાગણીની—ઊર્મિની સચ્ચાઈ તેનાં સૉનેટોને રસપ્રદ બનાવે છે. પ્રેમનો વિજયધ્વજ કેવો લહેરાય છે તેનું તે ચિત્ર આપે છે:

Into my face presseth with bold pretence,
And there campeth displaying his banner.

૧ અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં નવી ઢબનાં ઊર્મિકાવ્યો નર્મદથી શરૂ થયાં. નર્મદનું પણ કાવ્યક્ષેત્રે પાયોનિયર—અગ્રયાયી—તરીકેનું કાર્ય છે. અર્વાચીન કવિતાની ઉષા નર્મદથી પ્રગટી.

ક્રાંતિકારી મામા સી. આઈ. ડી.!

ગાંધીજી જ્યારે કાયમને માટે ભારતમાં રહેવા ને સ્વરાજ્યરીવા કરવા આવ્યા ત્યારે એમને વિષે હું છાપાંઓમાં અથવા માસિકોમાં શુભુસ્તિ હતો જ. હું જાતે ગાંધીજીના કામમાં જોડાઈ શક્યો તે પહેલાં મારા સાથીઓને તેમ કરવાનો મેં આગ્રહ કર્યો. એમાં મુખ્ય હતા મારા સાથી હરિહર શર્મા. (અમે એમને અણ્ણા કહેતા.) મને સ્મરણ છે કે હરિહર શર્મા રંગૂનના ડૉ. પ્રાણજીવનદાસ મહેતાને ત્યાં રહેતા હતા. એમનાં બાળકોને ભણાવતા હતા. અને પ્રાણજીવનદાસ તો ગાંધીજીના જૂના સ્નેહી. એટલે એમના મનમાં બાપુજી વિષે આકર્ષણ તો હશે જ.

જ્યારે ગાંધીજીએ આશ્રમ ખોલવાનો નિશ્ચય કર્યો ત્યારે મેં હરિહર શર્માને કહ્યું કે જો ગાંધીજી સાથે જોડાવું હોય તો પ્રારંભના દિવસોમાં જ જોડાવું જોઈએ. મારી દલીલ એ હતી કે કોઈ મોટો માણસ જ્યારે પોતાની સંસ્થા ખોલે છે ત્યારે પાયો ખોદવાથી માંડી આખી ઈમારત ઊભી કરવા સુધી ઝીણામાં ઝીણી વિગતોમાં એ ધ્યાન આપે છે. આગળ જતાં જ્યારે એમની રાષ્ટ્રસેવા ખીલે છે ત્યારે પોતાની સંસ્થાને તે એટલો વખત કે એટલું ધ્યાન આપી શકતા નથી. પ્રારંભના દિવસોમાં સંસ્થાને સંસ્થાપકનું હૃદયસર્વસ્વ મળે છે, કેમ કે તે વખતે ઊઠતા દરેક સવાલ અંગે એ પોતાના જીવનસિદ્ધાન્ત પર એ પ્રસંગને કસીને તેનો ઈલાજ ગોઠવે છે. માટે ગાંધીજી પાસેથી વધુમાં વધુ મેળવવું હોય તો આ જ વખત છે; આથી ગાંધીજીનો સહવાસ પણ તમને વધુમાં વધુ મળશે.'

મારી વાત અણ્ણાને ગળે ઊતરી. તેઓ સત્યાગ્રહાશ્રમમાં દાખલ થયા ને એમણે ગંગનાથ વિદ્યાલયના સાથી મામા ફડકેને પણ ખેંચ્યા. હું પોતે આશ્રમમાં દાખલ થઈ શક્યો એ બે જણ પછી જ; એનું કારણ મેં અન્યત્ર લખ્યું છે. મામા આશ્રમમાં દાખલ થયા એટલામાં સુરતના દયાળજીભાઈએ ગાંધીજી પાસે જઈને કહ્યું કે 'તમારી સંસ્થાના મામા ફડકેને તમે જાણતા નહિ હો. પણ એ સી. આઈ. ડી.ના માણસ છે. ગાંધીજીએ કહ્યું: 'એમ હોય તો મને કશો વાંધો નથી. સી. આઈ. ડી.વાળા મારા આશ્રમમાં આવી રહે તો તેમનું કલ્યાણ જ થશે. અમારી પાસે છુપાવવાનું છે શું?'

એક દિવસે બાપુજીએ મને જ પૂછ્યું કે 'મામા વિષે લોકો આમ બોલે છે એની પાછળ છે શું'? મેં એમને પેલો જૂનો આખો કિસ્સો સંભળાવી હસાવ્યા. (ચાલુ)

પોતાને ગુલામ બનાવનારી પ્રેમિકાને, એને તરછોડનાર પ્રેમિકાને તે કડવી વાણી પણ સંભળાવે છે. તેનું હૃદય સરળ છતાં દૃઢ છે. પ્રેમિકાને તે કહે છે:

My heart I gave thee, not to do it pain.

(મારું હૃદય મેં તને સોંપ્યું તે તેને રિબાવવા સારુ નહિ) અને પ્રેમિકાના પ્રેમચાંચલ્ય પ્રત્યે કઠોરતાથી નોંધે છે:

For he that doth believe bearing in band,
Plougheth in the water and soweth in the sand.

કોઈક વાર આવેગપૂર્વક પ્રેમિકાને વીનવે છે: 'મને તું તરછોડીશ? ના, ના; એકવાર કહી દે, ના. 'Say nay, Say nay'ના ધ્રુવપદવાળું એ ઊર્મિક લોકપ્રિય બનેલું છે. એ જ પ્રમાણે 'Blame not my lute'ના ધ્રુવ-પદવાળું ગીત પણ પંકાએલું છે.[૧] કવિ પ્રેમિકાને કહે છે: 'મારી સારંગીને દોષ ના દેતી. તારા રંગઢંગ પ્રમાણે મારી સારંગી રાગ કાઢે છે. તું સુપાત્ર બનીશ તો મારી સારંગી પણ સુંદર સંગીતની લહાણ કરશે.'[૨]

ક્યારેક એ ઉદ્‌ગાર કરે છે: હું વિલાપ–વલોપાત કરવાનો નથી; એને બેવફા પણ નહિ કહું...ચિત્તના પલટા એ યુવતીની પ્રકૃતિ છે:

That often-change doth please a woman's mind.

પણ છેવટે નિરાશામાં સારંગીને છેલ્લું ગીત બજાવી લેવાનું કહે છે:

My lute, awake! perform the last
Labour that thou and I shall waste;
And end that I have now begun
And when this song is sung and past
My lute, be still, for I have done.

વ્યાટનું એક સરસ મઝાનું રોમાંચક—સમસ્યારૂપ ગીત સહુને સહેજે રોચક નીવડે તેવું છે. એ ઉખાણું જ છે:

A lady gave me a gift she had not;
And I received her gift which I took not;
She gave it me willingly and yet she would not;
And I received it, albeit I could not;
If she gave it me, I force not;
And if she take it again, she cares not;
Construe what this is and tell not,
For I am fast sworn I may not.

કવિએ ભલે સોગંદ ખાધા હોય, પણ વાચક મલકાઈ ઊઠશે—પ્રેમિકાને મળેલી ઉત્તમ ભેટ ચૂમી સિવાય બીજું કઈ હોય?

વ્યાટે પેટ્રાર્કનાં સૉનેટો નમૂના રૂપે લીધાં ખરાં, પણ તેના બંધારણને તે ચુસ્તપણે વળગી રહેતો નથી. પેટ્રાર્કના સૉનેટમાં ઘણુંખરું બે મુખ્ય ભાગ પડે છે. પહેલો ખંડ અષ્ટક (octave)નો, અને બીજો ષટ્ક (sestet)નો. અષ્ટકમાં તે a b b a, a b b a એ રીતે પ્રાસ મેળવે છે અને ષટ્કમાં ઘણુંખરું c d e, c d e અથવાં cdc, cdc અથવા cdc, dcd એમ વિવિધ પ્રકારે પ્રાસનું આયોજન કરે છે. પેટ્રાર્કશાઈ સૉનેટમાં છેલ્લી બે પંક્તિ યુગ્મરૂપે હોય અને સૉનેટનું એ રીતે યુગ્મ દ્વારા સમાપાન થતું હોય તેવું કદી બનતું નથી. વ્યાટે અને ઈલિઝાબેથના યુગનાં બીજાં લગભગ બધાં સૉનેટોમાં યુગ્મથી જ સૉનેટનો અંત આવે છે.

પેટ્રાર્ક પાસેથી વ્યાટ કવિતાનું નવું વાહન લાવ્યો, તેમ છતાં તેનાં શરૂઆતનાં સૉનેટોમાં Stress—સ્વરભાર ક્યાં આવે તેની પણ તેનામાં સૂઝ દેખાતી નથી. ધીમે ધીમે તેને છંદશાસ્ત્ર અનુકૂળ થતું જાય છે અને તેની રીતિ (Style) પણ ઘડાય છે. વ્યાટ ખરું જોતાં નવી કવિતામાં પાયાનું કામ કરી ગયો છે, તેનું મૂલ્ય અગ્રયાયી pioneer તરીકેનું છે. તેનાં જે સમર્થ કાવ્યો છે તે સ્વરૂપદૃષ્ટિએ મૌલિક નથી. વિષયવસ્તુમાં પણ ઘણુંખરું તે પેટ્રાર્કના દૃઢ માળખાને જ વળગીને નિષ્ઠુર પ્રિયાના નિરાશ પ્રેમી તરીકે દેખાય છે; પરંતુ ક્યારેક ક્યારેક 'They flee from me that sometime did me seek' જેવી રચનામાં તે મૌલિક અને શક્તિશાળી કવિ તરીકે પ્રતીત થાય છે. તેમ છતાં તેણે અંગ્રેજી ભાષાને સુંદર ઊર્મિકના વાહન માટે ગૌરવાન્વિત કરી તેમાં તેની મહત્તા રહેલી છે. તેની કવિત્વશક્તિ વિષે એક વિવેચકે નોંધ્યું છે: 'His poetry conveys the charm of a brave and strong spirit; his technical faults are those of a pioneer; but his great claim to recognition...lies in his successful effort to raise his native tongue to dignity by making ıt the vehicle of eite and courtly poetry.' એનો સમકાલીન અગ્રયાયી સરે પણ વ્યાટની ઉત્તમ કવિતા જ્યાં સિદ્ધ થાય છે ત્યાં સુધી પહોંચી શકતો નથી. (અનુસંધાન પૃષ્ઠ ૩૨૬)

---

૨ જો કે ડેવિડ ડેચીઝ નોંધે છે તેમ મધ્યકાલીન ઊર્મિકવિતાની જ પરંપરા ટ્યૂડર સમયનાં ગીતોમાં વહેતી દેખાય છે.

સંગીત-સમજ-૨૫ રાગ મિયાં કી મલ્હાર

સાહુરામ ન્યા. ચોધ

કલકત્તાથી મુંબાઈ આવીને વસ્યા બાદ સ્વ. કુંદનલાલ (કે. એલ.) સાયગલનાં જે ચિત્રા ઊતર્યાં તેમાં એમનાં ગાયનોને કારણે આરંભમાં 'ભક્ત સુરદાસ' ઘણો સારા આવકાર પામેલું, એ ચિત્રમાંનું 'રૈન ગઈ અબ હુઆ સવેરા' એમના ખરજભર્યા સૂરમાં એક આગવું દર્દ વ્યક્ત કરતું હતું. આ જ રાગમાં ફિલ્મ 'નાદિરશાહ'માં લતા મંગેશકરે ગાએલું 'મહમદશાહ રંગીલે' પણ એટલું જ લોકપ્રિય બન્યું અને એ જ પ્રમાણે હમણાં સારી પેઠે સાંભળવા મળતું ફિલ્મ 'ગુડ્ડી'માં વાણી જયરામે ગાએલું 'બાલે પપીહારા' પણ એટલું જ આકર્ષક બની રહ્યું છે. ત્રણે ગીતા એકસાથે ધ્યાનથી સાંભળો તો તેમાંનું રાગસામ્ય સરળતાથી પરખી શકાશે. મ પ નિ ધ નિ સા એ સ્વરસમૂહ એમાં વારંવાર લેવાતો જણાશે અને એ જ તો જેના પર આ ગીતો આધારિત છે એ રાગ 'મિયાં કી મલ્હાર'ના જીવભૂત સ્વરો છે. આ સ્વરસમૂહમાં 'રે પ'ની સ્વરસંગતિ દાખલ કરતાં 'મિયાં કી મલ્હાર' તદ્દન સ્પષ્ટ બની રહે છે. સમ્રાટ અકબરના સંગીતરત્ન મિયાં તાનસેને આ રાગ રચ્યાનું કહેવાય છે. આ જ રીતે 'મિયાં કી તોડી', 'મિયાં કી સારંગ' અને 'દરબારી કાનડા' વગેરે રાગો પણ તાનસેનના રચેલા છે. ને ત્યારથી આરંભાઈ આજે તોડી, સારંગ, કાનડા વગેરે રાગો આ તાનસેની સ્વરૂપમાં જ સવિશેષ ગવાય છે.

ભારતીય સંગીતના મૂળ છ રાગોમાંના એક મેઘ રાગ પરથી મલ્હાર ઊતરી આવ્યાનું મનાય છે. અને એ મલ્હારમાં તાનસેને પોતાની સંગીત-પ્રતિભાનો કલાસ્પર્શ આપીને 'મિયાં કી મલ્હાર'ની રચના કરી છે. આજે ગવાતા મેઘ, 'મેઘ મલ્હાર' વગેરે રાગનાં સ્વરૂપ પણ પ્રાચીન ગ્રંથોક્ત રાગરૂપોથી તો ભિન્ન છે જ. સંભવ છે કે મુસ્લિમ શાસનકાળમાં ત્યારના ગાયકોએ એ સ્વરૂપો ફેરવી નાખ્યાં હોય. આજે મલ્હારની ફરમાઈશ થતાં ગાયકો બહુધા 'ગોડ મલ્હાર' કે 'મિયાં કી મલ્હાર' ગાય છે. વધુ કુશળ ગાયક 'સૂર મલ્હાર' કે 'મેઘ મલ્હાર' રજૂ કરશે. પણ શુદ્ધ મલ્હાર તો જવલ્લે જ ગવાતો જણાશે. મોટે ભાગે આજે મિયાં કી મલ્હાર જ મલ્હાર નામે રજૂ થાય છે.

મિયાં કી મલ્હાર વર્ષાઋતુનો સૌથી વધુ લોકપ્રિય રાગ છે. શાસ્ત્રીય દૃષ્ટિએ તેને ગાવાનો સમય મધ્ય રાત્રિનો છે, પણ વર્ષાકાળમાં એ ગમે તે સમયે ગાઈ શકાય છે. કાફી થાટમાંથી ઉત્પન્ન થતા આ રાગનો આરોહ સંપૂર્ણ હોવા છતાં ક્રમબદ્ધ સરળતાથી તેના સ્વરો લેવાતા નથી, અને તેમાં શુદ્ધ નિષાદ (નિ) લેવાય છે. અવરોહમાં ધૈવત (ધ) વર્જ્ય તથા ગાંધાર (ગ) અને નિષાદ કોમળ છે. આમ, આ રાગની જાતિ સંપૂર્ણ ષાડવ છે. વાદી સ્વર મધ્યમ (મ) અને સંવાદી ષડ્જ (સા) છે.

'મ પ, નિ ધ, નિ ધ, નિ સા' એ તાન આ રાગનું સૌથી વધુ મહત્ત્વનું અંગ છે. અને એનાથી રાગ પરખાઈ જાય છે. આ પછી 'મ રે, પ, મ પ-ગ, ગાંધાર મ રે સા' એ સ્વરો લઈ ગાયક 'રે પ'ની સ્વરસંગિત લઈને કોમળ પર એક વિશિષ્ટ આંદોલન લે છે. આ રાગની રજૂઆતમાં કૌશલ માગી લે તેવું આ અંગ છે. ઉત્તમ ગાયકો પોતાના શિષ્યોને વારંવાર રટણ કરીને આ સ્વરો સિદ્ધ કરવા આગ્રહ કરે છે. મિયાં કી મલ્હારમાં 'મ પ નિ પ' સ્વરો કાનડા અંગના સુંદર મિશ્રણ રૂપ હોઈ આ રાગ કાનડા તથા મલ્હારના મિશ્રણથી રચાયો હોવાનો પણ એક મત છે. મિયાં કી મલ્હારના અસ્થાઈ અને અંતરા બંને ઘણુંખરું મ પ નિ ધ નિ સા સ્વરોથી આરંભાતા જોવા મળે છે. અંતરમાં આ સ્વરો મધ્ય સપ્તકમાં લેવાતા હોઈ છેલ્લે ગાયક તાર ષડ્જ પર મુકામ કરે છે, અને પછી સાં રેં સાં નિ સાં નિ પ મ પ ગ, મ રે સા, નિ સા, નિ ધ સા સ્વરોથી અવરોહ કરી અંતરાની તાન પૂરી કરે છે.

મિયાં કી મલ્હારમાં અનેક ધ્રુપદ, ધમ્માર અને વિલંબિત તથા મધ્યલયના ખયાલ રચાયા છે. રામપુર, ગ્વાલીઅર તથા આગ્રાના મશહૂર ગાયકોએ આ રાગ પર સારી સિદ્ધિ મેળવેલી છે. ઘણા ગાયકોને ઠીકઠીક સાંભળ્યા પછી લાગે છે કે આ રાગ ગાવા માટે ઘટ્ટ સુમધુર બુલંદ અવાજ હોવો જરૂરી હોઈ તથા ગાયનમાં મંદ્ર સપ્તકના મધ્યમ સુધી નીચે અવરોહ કરવો પડતો હોઈ દુર્બલ સ્વરવાળા કે સ્ત્રીગાયકને આ રાગ ગાવો બહુ અનુકૂળ થતો નથી. વળી, કોમલ સ્વર પર વૈચિત્ર્યપૂર્ણ આંદોલન લેવું પડતું હોઈ અવાજમાં યોગ્ય સમયે વિવિધ ગમકતાન લેવાની શક્તિ કે આવડત ન હોય તો ગાયક આ રાગ સુરેખતાથી રજૂ કરી શકતા નથી. હારમોનિયમ જેવા વાજિંત્ર પર તો આ રાગ વગાડવો નિરર્થક છે. કેવળ સ્વરજ્ઞાન કે રાગાંગ સાચવીને જ આ રાગ ગાવો શક્ય નથી.



મુઘલ શાહેનશાહ અકબરનાં નવરત્નોમાંના એક સંગીતસમ્રાટ તાનસેનના જીવન સાથે સંકળાએલી અનેક વાયકાઓમાંથી એના વિષે આધારભૂત ગણી શકાય એવી બહુ ઓછી માહિતી મળે છે. શાહી દરબારનો એ મુલ્કમશહૂર સંગીતકાર વૃંદાવનના પ્રખર સંગીતજ્ઞ સ્વામી હરિદાસનો શિષ્ય હતો એ તો નિશ્ચિત છે, પણ એનું ખરું નામ તો ત્રિલોચનમિત્ર, તન્નામિત્ર કે રામતનુ હતું એ નક્કી નથી. ગ્વાલિયરવાસી કાશી કે કાન્યકુબ્જના ગૌડ બ્રાહ્મણ મકરંદ પાંડેનો એ પુત્ર. પાંડેજીના અલ્પજીવી સંતાનોમાં જીવી જનાર આ એક પુત્રના જન્મ અને જીવન સાથે ગ્વાલિયરના મુસ્લિમ સંત મુહમ્મદ ગૌસની કૃપા સંકળાએલી હોવાની પણ અનેક વાતો છે. સ્વામી હરિદાસ પાસે તાનસેન સંગીત શીખવા કઈ રીતે ગયો તે અને એ પછી યે એ અકબરના દરબારમાં પહોંચ્યો ત્યાં સુધીનું એનું જીવન અને ત્યાર પછીની કથા સાથે યે અનેક અવનવી વાતો ને કેટલાક ચમત્કારો પણ વર્ણવાતા રહ્યા છે. હિંદુ ધર્મ છોડી તાનસેન ક્યારે મુસલમાન બન્યો, અથવા એણે ધર્માંતર કરેલું કે નહિ એ વિષે પણ મતાંતર છે. પણ એટલું નિશ્ચિત કે એ એક મહાન સંગીતકાર અને ધ્રુપદ ગાયનનો એ મહાનિષ્ણાત અને પ્રસારક હતો. ઈશ્વરસ્તવન અને પ્રિયવિરહની મનોવ્યથા દ્વારા જીવ-શિવની મિલનોત્કંઠા તથા પોતાના આશ્રયદાતા શાહેનશાહનાં ગુણગાન કરતાં એણે રચેલાં લગભગ ત્રણસો જેટલાં ધ્રુપદો મળે છે. કેટલાક રાગોમાં કલાત્મક ફેરફાર કરીને એણે કરેલી નવી રાગરચનાઓ આજે પણ પ્રચલિત અને લોકપ્રિય છે. 'સંગીતસાર' અને 'રાગમાલા' નામે બે ગ્રંથો પણ તેણે રચ્યા છે. બંગાળના વિષ્ણુપુર ઘરાનાના એક વિદ્વાન ગાયક ગોપેશ્વર બેનરજીએ પ્રકટ કરેલાં તાનસેનનાં ગેય કાવ્યોમાં કાળાંતરે પાઠાંતરે અનેક ઘણો ફેર પડી ગયો હોવા છતાં પણ તેમાં વૈષ્ણવોના અષ્ટછાપ સંત કવિઓ જેવી ઉચ્ચ કાવ્યશક્તિ જોવા મળે છે. ધ્રુપદ ગાયકી આગળ જતાં 'ગૌડી' કે 'ગૌડહરી બાની' તરીકે જાણીતી થઈ અને એમા વંશજો-શિષ્યો સેનીયા ઘરાનાના ગાયકો કહેવાયા. ગ્વાલિયરના અમીરખાં, જયપુરના (અનુ. પૃ. ૩૨૪)

ત્રણેક માસ પછી થનારું એક અદ્ભુત આકાશદર્શન

કોહુટેક

વીસમી સદીનો આગંતુક ધૂમકેતુ

લેખક - ડૉ. યશવંત ગુ. નાયક

આકાશ સાથે પરિચય સાધ્યા બાદ સદીઓ પછી યે આપણને ધૂમકેતુ વિષે એટલું જ આકર્ષણ ને કુતૂહલ રહ્યું છે. આકાશના ચિરપરિચિત નકશામાં એકાએક દર્શન દઈને ફરી અદૃશ્ય બની જતા આ પૂછડિયા તારાએ ઇતિહાસમાં અનેકવાર ભય પણ પ્રેર્યાની હકીકતો પ્રાપ્ત છે. પણ સૂર્યમંડળના જ સભ્ય આ ધૂમકેતુઓના લંબવર્તુલાકાર ભ્રમણમાર્ગના જ્ઞાન પછી માણસ હવે એને ભયની આગાહી રૂપે નથી જોતો એ ખરું, પરંતુ એનું આકર્ષણ તો હજી યે એટલું જ કુતૂહલપ્રેરક રહ્યું છે.

ધૂમકેતુ નાના કે મોટા કદનો હોઈ શકે. સૂર્યની આસપાસના એના ભ્રમણનો સમય પણ ઓછોવત્તો હોઈ શકે. ઈ. સ. ૧૮૧૮માં પહેલી વાર નોંધાએલો ધૂમકેતુ દર સાડા ત્રણ વર્ષે આપણી નજીક આવે છે, પણ એ એટલો નાનો છે કે દૂરબીન વિના જોઈ શકાતો નથી; તો હૅલીનો ધૂમકેતુ સદીઓથી એના અજબ દર્શનથી દુનિયાભરમાં ખ્યાત બની રહેલો છે. લગભગ દર ૭૫–૭૬ વર્ષે નિયમિત દેખાતા રહેલા હૅલીના ધૂમકેતુના દર્શનની નોંધ સૈકાઓથી થતી રહેલી મળે છે. છેલ્લે એ ઈ. ૧૯૧૦માં દેખાએલો ત્યારે દેખાતા આકાશના ચોથા ભાગ જેટલો એ વિસ્તૃત હતો. એટલે કે એની પૂછડી પૃથ્વીથી સૂર્ય વચ્ચેના અંતર જેટલી લાંબી હતી! પૃથ્વીના દરેક ભાગમાંથી એ જોઈ શકાતો હતો.

ધૂમકેતુ સૂર્યથી દૂર હોય ત્યારે પ્રથમ તો એ નાના વાદળ જેવી રચનાના બિંબ જેવો દેખાય; પણ પછી જેમજેમ એ સૂર્યની નજીક આવતો જાય તેમતેમ એ વધુ તેજસ્વી દેખાવા સાથે એની પાછળની પૂછડી (અને કેટલાક ધૂમકેતુની તો પૂછડીઓ) સ્પષ્ટ થવા લાગે છે, જે ધૂમકેતુ અને સૂર્ય વચ્ચેનું અંતર ઘટવા સાથે લંબાઈમાં વધતી જતી દેખાય છે. સૂર્યની ઠેક નજીક પહોંચ્યા બાદ જ્યારે ધૂમકેતુનો ભ્રમણમાર્ગ વળાંક લે ત્યારે એ પૂછડી સૂર્યથી દૂર વંકાય છે. ૧૯૧૦માં હૅલીના ધૂમકેતુની પૂછડી લગભગ ૯,૩૦,૦૦,૦૦૦ માઈલ જેટલી લાંબી દેખાઈ હતી. પછી ધૂમકેતુ જેમ જેમ સૂર્યથી દૂર સરતો જાય તેમ તેમ એની પૂછડી સંકોચાતી જઈ, છેવટ અદૃશ્ય બની, પુનઃ એ પેલા વાદળ જેવા કે તારા જેવા સ્વરૂપે પહોંચી આપણી દૃષ્ટિમર્યાદામાંથી લુપ્ત થઈ જાય છે.

ધૂમકેતુમાં દ્રવ્યનું પ્રમાણ ઘણું ઓછું હોય છે, અને તેથી એની પૂછડીમાંનું દ્રવ્ય તો અત્યંત જૂજ. હૅલીના ધૂમકેતુની પૂછડીમાંથી જ આપણી પૃથ્વી પસાર થઈ હતી, ને એ કારણે કોઈ કોઈ તો એનો નાશ થઈ જવાના ભયથી ફફડી ઊઠ્યા હતા, પણ એવું કંઈ બન્યું નહિ, એટલું જ નહિ પણ એ પૂછડીમાંના દ્રવ્યને કારણે આપણા આકાશદર્શનમાં પણ કશો અવરોધ જણાયો નહોતો. વિજ્ઞાનીઓ ધારતા હતા કે ધૂમકેતુની એ પૂછડીમાંના કોઈ ઝેરી વાયુઓને કારણે પૃથ્વી પરનું વાતાવરણ દૂષિત થઈ અહીંની સમગ્ર જીવસૃષ્ટિ કદાચ નાશ પણ પામે, પણ એ કલ્પના ખરી ન પડી. ઊલટું એ પૂછડીના પ્રકાશના પૃથક્કરણથી જાણવા મળ્યું કે તેમાં કાર્બન, નાઇટ્રોજન અને ઑક્સિજનના ક્ષારો હતા.


ધૂમકેતુની રચનામાં એનું મુખ્ય કેન્દ્ર એનું મસ્તક છે. એનો વિસ્તાર નાનો હોય છે અને તેમાં પ્રમાણમાં ઘટ્ટ પણ વાદળી જેમ પોલા દ્રવ્યનો મુખ્ય જથ્થો હોય છે. આ દ્રવ્ય મુખ્યત્વે ઠરી ગએલા પાણી, મિથેન વાયુ અને એમોનિયા તથા અન્ય ઘન પદાર્થોની રજનું બનેલું હોય છે. મસ્તકનો આ ભાગ એકાદ માઈલ કે એથી યે ઓછા વિસ્તારનો હોય છે.


નરી આંખે દેખાય તેવા મોટા ધૂમકેતુઓમાં છેલ્લે ૧૯૬૩માં દેખાએલો 'ઇકેયા-સાકી' ધૂમકેતુ તો ઘણાને યાદ હશે. મળસ્કે પૂર્વાકાશમાં એનું દર્શન અદ્ભુત લાગતું હતું. ૧૯૧૦માં દેખાએલા હૅલીના ધૂમકેતુનું દર્શન અને તેને અંગે ફેલાએલા ભયનું પણ અનેકને સ્મરણ હશે. એ પહેલાં ૧૯૦૮માં દેખાએલા મોરહાઉસ ધૂમકેતુનું દર્શન પણ કેટલાકને યાદ હશે. ગણતરી પરથી જણાયું છે કે ઈ. ૧૯૮૬માં ફરી હૅલીના ધૂમકેતુનું દર્શન થશે. ત્યારે ઇકેયા-સાકી લગભગ ૧૦૦૦ વર્ષે પછી ફરી દેખાશે. આમ જોકે દર વર્ષે ત્રણચાર બહુ નાના ધૂમકેતુ આવી જાય છે, પણ એમાંના કેટલાક તો સદાને માટે સૂર્યમંડળ છોડી દૂર ચાલ્યા જાય છે, જ્યારે મોટા ભાગના લંબ.વર્તુલાકારે સૂર્યની પ્રદક્ષિણા કરતા રહે છે. જોકે આ બધા જ કાંઈ નરી આંખે જોઈ શકાય એવડા કદના હોતા નથી.

પણ આ વર્ષે ડિસેમ્બરની આસપાસમાં એક વિરલ ધૂમકેતુ આવી રહ્યો છે. હાર્વર્ડના ખગોળશાસ્ત્રી ફ્રેડ વ્હિપલના શબ્દોમાં કહીએ તો આ નવો ધૂમકેતુ એ 'વીસમી સદીનો ધૂમકેતુ' કહી શકાશે. પ્રચંડ ગતિથી એ સૂર્ય તરફ ધસી રહ્યો છે. ગયા માર્ચ માસમાં ચેકોસ્લોવાકિયાના ખગોળશાસ્ત્રી લ્યુબાસ કોહુટેકે ૩૧ ઇંચ વ્યાસવાળા દૂરબીનમાંથી એનું પ્રથમ દર્શન કર્યું ત્યારે એ સૂર્યથી લગભગ ૪૮ કરોડ માઈલ દૂર, એટલે કે ગુરુના ગ્રહ જેટલે દૂર દેખાયો હતો. હૅલીનો ધૂમકેતુ છેલ્લે પ્રથમ દેખી શકાયો ત્યારે ૧૭ કરોડ માઈલ જેટલો દૂર હતો. આ પરથી અનુમાન થાય છે કે આ નવો ધૂમકેતુ હૅલીના ધૂમકેતુ કરતાં પણ ૫૦ ગણો, શુક્રના ગ્રહ કરતાં ૨૫૦ ગણો અને ગુરુ કરતાં ૧૦૦૦ ગણો તેજસ્વી હોવો જોઈએ.

એના શોધક કોહુટેકના માનમાં એને 'કોહુટેક ધૂમકેતુ' નામ અપાયું છે. અનેક સૈકાઓથી ન જોવા મળ્યું હોય એવું અદ્ભુત એનું દર્શન હશે જ. અંદાજ છે કે એની પૂછડી આકાશના છઠ્ઠા ભાગના પટ પર લંબાએલી જોવા મળશે. હાલ તો એ પૂછડી વિનાના એક તેજસ્વી ધાબા જેવો દેખાય છે, પણ સૂર્યકિરણોના દબાણથી જ્યારે એની પૂછડી પેદા થશે અને સૂર્યની વધુમાં વધુ નજીક પહોંચતાં જ્યારે એની લંબાઈ દીર્ઘતમ હશે ત્યારે તેનાં દ્રવ્યકણો અને સૂર્યકિરણોની પ્રક્રિયાથી એની તેજસ્વિતા કોઈ અજબ

સૂર્ય પરિવારના બધા ગ્રહો લગભગ એક જ સપાટીએ રહી એની પ્રદક્ષિણા કરે છે, પણ ધૂમકેતુઓનો માર્ગ નીચેની આકૃતિમાં દર્શાવેલા એક દૃષ્ટાંત પ્રમાણે તદ્દન ભિન્ન હોય છે. આને કારણે એ આકાશના કોઈ પણ ભાગમાં દેખા દે છે. ધૂમકેતુઓની બીજી ખાસિયત એ છે કે એનું મુખ (કેન્દ્ર) સદાય સૂર્યસંમુખ અને પૂછડી સૂર્યની સામેની દિશા પ્રતિ જ લંબાએલી રહે છે. આથી સૂર્યને પ્રદક્ષિણા લઈ પાછા ફરતા ધૂમકેતુમાં પૂછડી આગળ અને તેનું મોં (કેન્દ્ર) પાછળ દેખાય છે. આ પૂછડી પણ જેમ જેમ ધૂમકેતુ સૂર્યની નજીક આવે તેમ લંબાતી જાય અને ધૂમકેતુ પાછો ફરતાં જેમ જેમ દૂર જાય તેમ ટૂંકાતી જાય છે. વળી ક્યારેક તો એ એટલી પાંખી હોય છે કે તેની આરપારના તારા પણ જોઈ શકાય.






૧૫,૫૦,૦૦૦ માઈલ લાંબી પૂંછડીવાળો ઈ. સ. ૧૮૪૩નો ધૂમકેતુ અને અનેક પૂંછડીવાળો ઈ. ૧૭૪૪નો ડીસેઆનો ધૂમકેતુ.







ઈ. ૧૯૧૭માં દેખાએલો હૅલીનો ધૂમકેતુ. હવે એ ઈ. ૧૯૮૬માં ફરી જોવા મળશે. જમણી બાજુ છેક ઉપર ઈ. ૧૮૬૧નો અનેક પૂછડીઓવાળો ધૂમકેતુ. તેની નીચે ડાબી બાજુ મોરહાઉસ ધૂમકેતુ, જેની પૂછડી વળી જુદી જ રીતે દેખાતી હતી. તેની બાજુમાં ઈ. ૧૯૪૮માં દેખાએલો ઇક્લિપ્સ ધૂમકેતુ. તેની નીચે ઈ. ૧૯૬૫માં દેખાએલો ઇકેયા-સેકી.





દૃશ્ય બની રહેશે. અમેરિકન ખગોળશાસ્ત્રી બ્રિયાં માર્સડેનના મત પ્રમાણે તો એ એટલી તેજસ્વી હશે કે નરી આંખે દિવસે પણ એ જોઈ શકાશે.

આ વર્ષના ડિસેમ્બર લગભગ શરૂ થઈ આવતા વર્ષના જાન્યુઆરીમાં એ સૂર્યની પ્રદક્ષિણા કરી પાછો ફરે તે દરમિયાન થનાર આ અદ્‌ભુત આકાશદર્શનનો સૌથી વધુ લાભ તો કદાચ દક્ષિણ અમેરિકાના દેશોને મળશે, કેમ કે આવતી નાતાલના દિવસે એ વિસ્તારમાં સૂર્યનું કંકણાકાર ગ્રહણ પણ થવાનું છે, ને ત્યારે ત્યાં આ ધૂમકેતુનું દર્શન ઔર આકર્ષક બની રહેશે. વળી, એ જ વખતે શુક્ર અને ગુરુ પણ આસપાસમાં જ હશે, એથી સૂર્યકંકણ, શુક્ર, ગુરુ અને આ ધૂમકેતુનું દર્શન અદ્‌ભુત જ હશે.

આવી આ અદ્વિતીય તકનો લાભ લેવાની તૈયારીઓ અત્યારથી ચાલી રહી છે. પૃથ્વી પરથી, રૉકેટો દ્વારા તથા હાલમાં પૃથ્વીની આસપાસ ફરી રહેલી અમેરિકન 'સ્કાઈ-લૅબ' નામની આકાશી પ્રયોગશાળામાંથી આ ધૂમકેતુનો અનેક રીતે અભ્યાસ થશે. એનું દ્રવ્ય, એનો ઉદ્‌ગમ, એનું ઉષ્ણતામાન, એની ઘનતા વગેરેનો તો અભ્યાસ કરાશે જ, ઉપરાંત એક કલ્પના એવી પણ છે કે કદાચ એમાંથી રેડિયોના સૂક્ષ્મ તરંગો પણ બહાર પડતા હોય તો તેની પણ ચકાસણી થશે. એક અંદાજ છે કે આ ધૂમકેતુના અવકાશી ભ્રમણનો સમય પાંચ થી દસ હજાર વર્ષનો હશે, એટલે ફરી તેનું દર્શન તે બીજાં એટલાં વર્ષો પછી જ શક્ય બને. આ રીતે એને માટેની આપણી પાસે આ પહેલી-છેલ્લી તક જ ગણાય.

આજે એક યા બીજા કારણે સમગ્ર માનવજાત ઓછાવત્તા પ્રમાણમાં તંગ મનઃસ્થિતિ ભોગવી રહી છે, તેમાં કુદરતે વિનામૂલ્યે આ એક અદ્‌ભુત મનોરંજન આપવા ધાર્યું છે એનો લાભ લેવા, અને હજી સમય છે તે દરમિયાન ધૂમકેતુઓ વિષે શક્ય એટલી માહિતી ને જ્ઞાન મેળવી તૈયાર રહો. આજે જીવી રહેલા માણસોનાં જીવનનો આ પણ એક અવિસ્મરણીય બનાવ બની રહેશે. □

નીચે: ઇકેયા-સેકી. હવે પછી એ ૫૦૦ કે ૧૦૦૦ વર્ષ બાદ ફરી દેખાશે.



ટિકિટ સંગ્રહ

સ્વાતંત્ર્યના રજતજયંતી વર્ષની પૂર્ણાહુતિ નિમિત્તે આ પંદરમી ઑગસ્ટે દેશના બે મહાન વ્યક્તિવિશેષો-મહાત્મા ગાંધીજી અને પંડિત નેહરુની એક વિખ્યાત સુંદર છબિ સાથે બહાર પડેલી ૨૦ પૈસાની કિંમતની એક ખાસ દ્વીરંગી ટપાલટિકિટ.
(પ્રેષક: ડાહ્યાલાલ સી. પરમાર
અમદાવાદ)





પૂરુ ગુજરાતી પણ નહિ લખી-વાંચી શકતા 'કુમાર'ના એક વાચક નક્રીસા અભ્યાસે એડનથી 'કુમાર'ના વિષય વૈવિધ્યની પ્રશસ્તિ કરતા પત્ર સાથે યમનની આ એક પાપ્પા ઇંચના કદની મોટી ટપાલટિકિટ મોકલી છે. યમનના સ્વાતંત્ર્યની પાંચમી જયંતી નિમિત્તે એ બહાર પડી છે. સ્વતંત્ર યમનના સૈનિકના આલેખન સાથે તેના પર આ જ જયંતી નિમિત્તની ત્યાંની અન્ય ત્રણ ટપાલટિકિટો છાપીને સાંકળી લીધેલી છે.



આ સપ્ટેમ્બરની ૧૨મી તારીખે લંડનમાં પાર્લામેન્ટના વેસ્ટ મિન્સ્ટર હૉલમાં બ્રિટનનાં રાણી ઇલિઝાબેથ બીજાના હસ્તે ખુલ્લી મુકાએલી, કૉમનવેલ્થ પાર્લામેન્ટરી એસોસીએશનની ૧૯મી કૉન્ફરન્સ નિમિત્તે બ્રિટને બહાર પાડેલી આ બે ખાસ ટપાલટિકિટોમાં પહેલી પર વ્હાઈટ હૉલ તરફથી અને બીજી પર મિલબૅન્ક તરફથી દેખાતા પાર્લામેન્ટનાં બે અનોખાં દશ્યોનાં રેખાંકનો છે. તેના આલેખક રિચાર્ડ ડૉવનરનો ટિકિટનાં ડિઝાઈનનો આ પહેલો પ્રયાસ છે, જે સુંદર રીતે સફળ રહ્યો છે. પહેલી ટિકિટ કાળા, રાખોડી અને પીળા બદામી રંગમાં તથા બીજી કાળા અને સોનેરી રંગમાં છપાએલી છે. આ કૉન્ફરન્સ આ એસોસીએશનનાં મુખ્ય સભ્ય દેશોમાં વારાફરતી યોજાય છે. આ રીતે અગાઉ ઈ. ૧૯૬૧માં એ બ્રિટનમાં યોજાએલી ત્યારે પણ બ્રિટને એ નિમિત્તે બે ખાસ ટપાલટિકિટો બહાર પાડી હતી. (પ્રેષક: રમણિકલાલ સોલંકી-લંડન)


પચ્ચીસ વર્ષ પહેલાં



સપ્ટેમ્બર૧૯૪૮ઃસળંગઅંક૨૯૭

ગુજરાતમાં વરસાદની અનિશ્ચિતતા દર્શાવતા વિગતવાર આંકડાઓ સાથે કુદરતની અવકૃપા સામે શા ઉપાય લઈ શકાય તે પ્રતિ આંગળી ચીંધતો લેખ પચ્ચીસ વર્ષ પર 'કુમાર'માં પ્રકટ થએલો. જે સ્થિતિ આઝાદીના એ આરંભ કાળમાં હતી તેમાં પચ્ચીસ વર્ષ પછી યે ખાસ ફેર પડ્યો નથી; એટલે એ લેખમાંની તારવણી પર નજર નાખીએ. ત્યારે આપેલો ગુજરાતમાં વરસાદનું પ્રમાણ દર્શાવતો નકશો પણ ફરી આપ્યો છે, જેમાં દર્શાવેલી ગુજરાત પ્રદેશની સીમા અને આજના ગુજરાત રાજ્યની સીમા એક નથી એ સમજી શકાશે.

ગુજરાતમાં વરસાદ જુલાઈ માસમાં પડવો શરૂ થઈ સપ્ટેમ્બર સુધી પડી રહે છે. ઉનાળામાં અરબી સમુદ્રમાં થતા બાષ્પીભવનથી ઉત્પન્ન થએલાં વાદળાંને નૈઋત્યના મોસમી પવન ગુજરાત પર ખેંચી લાવે છે. પણ આ ખેંચા આવેલાં વાદળાંમાંથી બહુ જ ઓછો વરસાદ ગુજરાતને મળે છે, કેમ કે તેને ઠારવા આપણે ત્યાં કોઈ ઊંચા પહાડો ન હોવાથી એ ગુજરાત પરથી પસાર થઈ આગળ ચાલ્યાં જાય છે અને ગુજરાતને તેનો લાભ મળતો નથી. જ્યાંજ્યાં પર્વતો હોય છે ત્યાંત્યાં વાદળાંઓ અટકી જઈ ઊંચે ચડે છે. આથી તે ઠંડાં થઈ સંતૃપ્ત (Saturated) બની વરસે છે. કોંકણના ધોધમાર વરસાદનું કારણ ત્યાંના પશ્ચિમ ઘાટના પહાડો જ છે. ગુજરાતમાં પણ જ્યાં થોડો ઉચ્ચ પ્રદેશ છે તેની પાસેના પ્રદેશમાં સારો વરસાદ પડે છે. દા. ત. પશ્ચિમ ઘાટના ઉત્તરના છેડા પાસે આવેલા ધરમપુર અને વાંસદા આગળ, સાતપુડા ને વિંધ્ય પર્વતમાળા પાસે આવેલા છોટાઉદેપુર ને બારિયા આગળ, અરવલ્લી પર્વત પાસે ઈડર આગળ ને ગિરનાર પાસે જૂનાગઢ આગળ. પરંતુ બાકીનો સમસ્ત ગુજરાત એવા વરસાદથી વંચિત જ રહે છે. પણ વરસાદ એકલા નૈઋત્યના પવનથી જ આવતો નથી. એ પવનોને લીધે પડતો વરસાદ તો ઘણો ઓછો ને અપર્યાપ્ત છે. પણ ગુજરાતને એક બીજી બાજુથી પણ વરસાદ મળી રહે છે. આપણે ત્યાં વરસાદ શરૂ થાય છે એ જ વખતે બંગાળના ઉપસાગરના ઉત્તરના ભાગમાં એક 'ડિપ્રેશન' (દાબ) શરૂ થાય છે. તેને લીધે હવા ત્યાંથી ધસી આવવાથી ઊપજતાં હવાઈ મોજાં એ તરફથી પણ વરસાદ-



ગુજરાતમાં વરસાદનું પ્રમાણ

ગુજરાતમાં જુદેજુદે ઠેકાણે સરાસરી કેટલો વરસાદ પડે છે એ દર્શાવતા ઉપરના નકશામાં લીટીઓમાં લખાએલા આંકડાઓ તે ભાગનું વરસાદનું પ્રમાણ દર્શાવવા ઉપરાંત ગુજરાતમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ પાક ઉગાડવા તેને વરસાદના પ્રમાણ અનુસાર ક્યા-ક્યા વિભાગોમાં વહેંચવો જોઈએ તે પણ બતાવે છે. એ વિભાગોમાંના જે ગામોમાં વરસાદનું પ્રમાણ જુદું પડે છે ત્યાં તે કૌસમાં જણાવ્યું છે.

નાં વાદળાં ખેંચી લાવે છે, જે હિંદના પ્રદેશ પર થઈ ને વાયવ્ય તરફ આગળ વધતાં આખા ગુજરાત પરથી કે તેના સરહદના ભાગ પરથી પસાર થાય છે. ત્યારે ગુજરાતમાં સારો વરસાદ પડે છે. આપણે ત્યાં ઘણી વાર ધોધમાર વરસાદ પડવાથી જે રેલો આવે છે તેનું કારણ પણ એ મોજાં જ છે. આંકડાઓ જોતાં જણાય છે કે આ કારણે દર બે કે ત્રણ વર્ષે ગુજરાતમાં સખત વરસાદ વરસે છે. પરંતુ જ્યારે તે મોજાં ગુજરાત પરથી પસાર થતાં નથી ત્યારે આપણે ત્યાં અનાવૃષ્ટિ અને દુકાળનો સંભવ ઊભો થાય છે.

આમ ગુજરાતભરમાં વરસાદનું કોઈ સ્થાયી પ્રમાણ નથી, જેને આધારે ખેડૂત પાકની વાવણી સફળતાથી કરી શકે. વિવિધ સ્થળના આંકડા જોતાં જણાય છે કે વરસાદનું પ્રમાણ કોઈ વર્ષે તદ્દન ઓછું તો કોઈ વર્ષે ઘણું વધારે છે. આ રીતે એકાદ બે વર્ષ અનાવૃષ્ટિનાં જાય છે તો વળી બીજાં વર્ષે બમણો-ત્રણગણો વરસાદ પડી અતિવૃષ્ટિ થાય છે. એટલે કેવળ વરસાદ પર જ આધાર રાખીને આપણે પાક વાવીએ તો વરસાદની અનિયમિતતાને લીધે તે નિષ્ફળ જવાનો સંભવ છે. કોઈ પણ ખેતીપ્રધાન દેશ આ રીતે વરસાદની અનિશ્ચિતતા પર નભી શકે નહિ. આ અનિશ્ચિતતાને દૂર કરવી હોય તો આપણે સૂકી ખેતી (Dry farming) ખીલવવી પડશે. તે માટે નદીઓમાંથી નહેરો કાઢવાની અને બંધો બાંધવાની વિશાળ યોજનાઓ આપણે કરવી પડશે. ગુજરાતમાં નદીઓ મબલખ છે અને ઘણીખરીમાં બારે માસ પાણી પણ રહે છે. જો તેમના પર બંધો બાંધવામાં આવે તો ગુજરાતનું નંદનવન થતાં વાર નહિ લાગે. તે પોતાને જોઈતું અનાજ તે પોતે જ પકવી શકશે, એટલું જ નહિ પણ બીજા અછતવાળા પ્રાંતોને પણ તે પૂરું પાડી શકશે.

પરંતુ બંધોની યોજના થતાં તથા પ્રત્યક્ષ બંધાતાં ઘણાં વર્ષો જશે. ત્યાં સુધી ગુજરાતના પાકમાં સુધારો થઈ મોટા પ્રમાણમાં તે ઊતરે તે માટે એક બીજી યોજના વિચારવા જેવી છે. ગુજરાતમાં જુદેજુદે ઠેકાણે વરસતા સરાસરી વરસાદ પ્રમાણે ગુજરાતને જુદાજુદા વિભાગોમાં વહેંચી દેવું જોઈએ. આ રીતે ગુજરાતના ભાગ પડતાં કેવા ભાગ પડે તે નકશામાં બતાવ્યું છે. આ રીતે પડેલા ભાગમાં વૈજ્ઞાનિક પદ્ધતિએ વાવેતર કરવું શક્ય બનશે. ક્યા વિભાગમાં વરસાદનું પ્રમાણ ઓછું કે વધારે છે, ક્યા વિભાગમાં નહેરોની તાત્કાલિક જરૂરિયાત છે તથા વરસાદના પ્રમાણના આધારે ક્યા ભાગમાં કયો પાક સારો ઊગી શકે તે નક્કી થઈ શકે. આમ પાકનું વાવેતર સારીપેઠે વધારી શકાય તેમ છે. દેશ પર વર્ષેવર્ષે આવતું અન્નસંકટ નિવારવું હોય તો આનો ગંભીરતાથી વિચાર થવો જોઈએ.

કલાયાત્રા

ચિત્રકાર રમેશ પંડ્યા

ગયે વર્ષે, મુંબાઈની આર્ટ ગૅલેરીમાં, સાંચીના ભાસ્કર્યના આધારે કરેલાં ચિત્રોનું એક પ્રદર્શન યોજાયું હતું. જરૂર પૂરતા અથવા તો બહુ જ ઓછા રંગોમાં કરેલાં એ ચિત્રોમાં રેખાનું બળ હતું. મોટા ભાગનાં ચિત્રો વેચાઈ ગએલાં.

એમનો જન્મ ૧૯૩૦ના ઑક્ટોબરની ૨૨મી તારીખે ને વિક્રમના બેસતા વર્ષે જ સૂરતમાં. પણ મૂળ વતન અને મોસાળ બન્ને નર્મદા કિનારે ચાણોદ હતું. પિતા મંગુલાલ પંડ્યા રેલવેમાં ગાર્ડ હતા. પણ ત્રણ વર્ષનીનાની વયે માતાની અને છઠ્ઠે વર્ષે પિતાની છત્રછાયા ખોઈ બેઠા. મામાએ મોકળા મને ભાણા-ભાણીની જવાબદારી ઉપાડી લીધી. પિતૃપક્ષે, મોસાળમાં ને પછી શ્વશુર પક્ષે બધા મોટે ભાગે રેલવેમાં ગાર્ડ હતા. આ સૌ વચ્ચે એક રમેશભાઈ ચિત્રકાર થયા એ નવાઈ છે. બાળપણમાં ચાણોદ જેવા ગામમાં રામલીલા, ભવાઈ, વ્યાસજીની કથા કે મેળા ને ક્યારેક સરકસ તેમને માટે આનંદનાં સાધન હતાં. મામાની નોકરીમાં ફેરબદલીને કારણે રમેશભાઈનો અભ્યાસ ડહોળાતો રહ્યો. પાંચમી ટ્રાયલે તે એસ. એસ. સી. થયા. ગણિત તો સાવ કાચું હતું, પણ કલ્પના કાચી નહોતી. શાળાસમય દરમિયાન કડીની શાળાના કળાશિક્ષક શ્રી રતિભાઈ ગામી અને ત્યાર પછી ચાંદોદના વતની કલાકાર શ્રી સોમેશકુમાર જોષીની પ્રેરણામાં તેઓ ચિત્રકલાના પાઠ પામ્યા. અને તે સમયનાં એમનાં ચિત્રો 'બાલજીવન' અને 'વિશ્વમંગલ'માં છપાતાં ઉત્સાહ વધ્યો.

એસ. એસ. સી. પછી શું તે પ્રશ્ન તેમને મૂંઝવતો હતો. નોકરી કરવી કે ભણવું? અંતે શ્રી રવિભાઈની આગ્રહભરી પ્રેરણાથી પ્રેરાઈને મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની તાજેતરમાં શરૂ થયેલી ફૅકલ્ટી ઑવ ફાઈન આર્ટસમાં જોડાયા ને શ્રી બેન્દ્રે સાહેબ તથા શ્રી માર્કન્ડ ભટ્ટ પાસે અભ્યાસ શરૂ કર્યો. પ્રતિવર્ષ પ્રથમ કક્ષાએ આવતા રહી કૉલેજની શિષ્યવૃત્તિ મેળવી પ્રથમ વર્ગ સાથે બી. એ. થયા. તે બાદ ફેલોશિપ મેળવી એમ. એ. થયા. આ અરસામાં મામા નોકરીમાંથી નિવૃત્ત થયા. જવાબદારી વધતાં શ્રી બેન્દ્રે સાહેબની સલાહથી માતૃસંસ્થામાં જ અધ્યાપક તરીકે જોડાઈ ગયા.

ભારતમાં યોજાતાં મોટા ભાગનાં પ્રદર્શનોમાં તેઓ ભાગ લે છે. સૌરાષ્ટ્રમાંથી બે ઈનામો અને ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સમાંથી ગ્રાફિક કલાને લગતું એક ઈનામ મળ્યું. સ્વિટ્ઝરલૅન્ડમાં ભારત સરકારે ગોઠવેલ ગ્રાફિક્સના પ્રદર્શનમાં પણ તેમની બે કૃતિઓ મુકાઈ હતી. ૧૯૫૯માં પાર્લામેન્ટ હાઉસની પરસાળમાં 'મહારાણા પ્રતાપ'નું ભીંતચિત્ર કર્યું. શ્રી જ્યોતિ ભટ્ટ સાથે પણ ચાર-છ ભીંતચિત્રો અને અલંકરણોમાં કામ કર્યું. પ્રો. કે. જી. સુબ્રહ્મણ્યમ્ સાથે તેઓના લખનૌ રવીન્દ્રશાળા પરના વિશાળ સેરામિક્સ મ્યુરલ પર પણ કામ કર્યું. આ જ અરસામાં જયંતીભાઈ પટેલ ('રંગલો')નો પરિચય થયો. વ્યંગચિત્રોનો મૂળથી શોખ હતો ને તક મળી. ૧૯૬૬માં વડોદરાના દૈનિક 'લોકસત્તા'ની રવિવારની પૂર્તિમાં 'આનંદ ગંગા' નામનો હાસ્યવિભાગ બન્નેએ મળી ચલાવ્યો આ નિમિત્તે ઠીકઠીક રેખાંકનો થયાં.

રમેશભાઈ ગાવા-બજાવવાના અને નાટકના પણ ભારે શોખીન છે. કૉલેજનો વાર્ષિકોત્સવ હોય ત્યારે તો તે ઢોલ ને ગીત સાથે નવા રૂપે જ દેખાય છે. પહાડી ઘટ્ટ અવાજ અને સહેજે સૌમાં ભળી જવાની આવડતને લીધે વિદ્યાર્થીઓ પાસેથી પણ સુંદર કામ લઈ શકે છે. ૧૯૬૪માં મ્યુઝિક કૉલેજે યોજેલ શૉર્ટટર્મ કૉર્સમાં ઉત્તર ગુજરાતના પરંપરાગત કલાકાર શ્રી અમૃતભાઈ નાયક પાસે ચાર માસ માટે ભવાઈની તાલીમ લીધી અને સત્રને અંતે તેના બે પ્રયોગોમાં 'મિયાં જૂઠણ'નો વેશ ભજવી પ્રશંસા મેળવી. જાણીતા લોકનાટ્ય મર્મજ્ઞ અને કલાકાર શ્રી બળવંત ગાર્ગીએ તેમના અંગ્રેજી પુસ્તકમાં જૂઠણના વેષની નોંધ સાથે તસ્વીર પ્રગટ કરી











છે. આ નાટકરસિયા ક્યારેક રેડિયો પરથી વાર્તા અને ગાવાનો કાર્યક્રમ પણ આપે છે. નવરાત્રિ એટલે એમને માટે આનંદના દિવસો.

પણ આ બધી પ્રવૃત્તિમાં ચિત્ર મુખ્ય છે. ૧૯૬૮માં ગુજરાત લલિત કલા અકાદમી તરફથી યોજાએલ શિબિરમાં નિમંત્રણ મળ્યું. ૧૯૬૯માં ગાંધી-દર્શન પ્રદર્શન માટે મ્યુરલ કર્યાં. ૧૯૭૦ અને ૭૨માં મુંબઈની 'તાજ આર્ટ ગૅલૅરી'માં વૈયક્તિક પ્રદર્શનો યોજ્યાં.

તેમનાં ચિત્રો અગમ્ય નથી. વસ્તુ કે વિષયને તેઓ સ્વીકારે છે. નવી સૂઝસમજથી વિમુખ ન જ રહેવાય છતાં કોઈ પ્રવાહ કે વહેણમાં ખેંચાઈ પણ ન જવાય. કોઈ વાદ સાથે જવા કરતાં અભિવ્યક્તિ પર આરૂઢ થવું તે વધુ પસંદ કરે છે. કલા, કલાકાર કે કલાપ્રવાહને ક્યારેય જુદા ન પાડી શકાય. એ રીતે ભારતની ભૂમિમાં જન્મેલ કલાકાર આંતરરાષ્ટ્રીય પ્રવાહોથી પર ન હોય છતાં ય ભારતીય તો હોવો ઘટે. પંડિતાઈના પૂરમાં પડીને સામાન્ય જનને તેઓ ઉવેખવા માગતા નથી.

તેમનું ગૃહજીવન સાચા અર્થમાં ૧૯૫૯ના ફેબ્રુઆરી માસથી આરંભાયું. કુ. ઉર્વશી સાથે તેમનાં લગ્ન થયાં. ચિ. ધૈવત અને પૂર્વિ એમ બે સંતાનો છે. સ્વભાવે રમૂજી હોઈ ઘરમાં પણ મઝાનું વાતાવરણ રહે છે. ૧૯૫૮માં એમને ફેફસાંનો રોગ થએલો. આ માંદગી છ વર્ષ રહી. ઊંઘવા માટે ગોળીઓ લેવી પડતી. જિંદગીની શરૂઆતથી મુશ્કેલીઓ સહેવા તો તે ટેવાયેલા હતા. રોગ મટતાં સુધી સ્વસ્થતા જાળવી. ઉર્વશીબહેને તેમની આ પળોમાં સારી એવી સેવા બજાવી. ભાઈ રમેશ હજી તો યુવાન હોઈ તેમની પાસે મોટી અપેક્ષા રાખી શકાય.

નટુ પરીખ

◁ રમેશ પંડચાની ચિત્રકૃતિઓ. ડાબી બાજુ છેડે: રમકડાનું પંખી. લલિત કલા અકાદમીના પ્રદર્શનમાં રજૂ થએલું ચિત્ર. એ પછીનાં ચાર ચિત્રો 'મોર', 'હંસ', 'હાથી' અને 'યુગલ'માં સાંચીનાં શિલ્પાંકનોને અનુસરતાં ચાર શોભન સંયોજનો છે, જેમાં ચિત્રરેખાનું બળ પ્રકટ થાય છે.

આ અંકના પૂઠા પરનાં ત્રણે ચિત્રો 'કૂમળાં પાન', 'બતકો' અને નાયિકાના પગે 'અળતો' લગાડતી સખીના આલેખનમાં પણ એમની વિવિધ આલેખના અને અવનવા ચિત્રવિષયની એમની પસંદગીનાં દ્યોતક છે. ચિત્રોમાં પ્રયોગશીલતાની સાથે ભારતીયતાની છાંટ પણ જાળવી રાખવા તેઓ સતત પ્રયત્નશીલ રહે છે. એમની આ બધી કૃતિઓમાં એમનો એ માટેનો આગ્રહ વ્યક્ત થતો જણાય છે.

સૌરાષ્ટ્રની વિરલ મૂર્તિઓ-૧૨:

પ્રલમ્બપાદ બુદ્ધ

લેખક: **નરોત્તમ પલાણ**

ભારતમાં મૂર્તિની શરૂઆત ક્યારે અને ક્યાં થઈ તે પરત્વે ભિન્નભિન્ન અનેક મતો પ્રવર્તે છે. ઈ. સ. પૂર્વે ૩૦૦૦ સુધીના પ્રાગૈતિહાસિક કાળમાં-સિન્ધુ સંસ્કૃતિમાં-મૂર્તિ હતી. ઈ. સ. પૂર્વે ૩૦૦૦ થી ઈ. સ. પૂર્વે ૨૦૦૦ સુધીના વૈદિકકાળમાં-ઋગ્વેદ ૪: ૨૪: ૧૦માં આવતું ઇન્દ્રનું વર્ણન તેની મૂર્તિનું હોવાનું મનાય છે તે પરથી ત્યારે યે મૂર્તિ હતી. ઈ. સ. પૂર્વે ૨૦૦૯ થી ઈ. સ. ૧૦૦૦ સુધીના ઉત્તર વૈદિકકાળમાં—સાંખ્યાયન ગૃહ્યસૂત્ર ૪ : ૧૯ને આધારે—મૂર્તિ હતી. શ્રી નિહારરંજન રાય 'Maurya and Sunga Art'ના પૃ : ૨ ઉપર જણાવે છે તેમ ગંગાની ખીણમાંથી પ્રાપ્ત સોનાની નાની તક્તી કે જેની ઉપર નગ્ન નારી આકૃતિ ઊભી છે તે ઈ. સ. પૂર્વે આઠમી-સાતમી સદીની મૂર્તિ કહી શકાય તેવી કલાકૃતિ છે. આમ, સિન્ધુ સંસ્કૃતિમાં પ્રાપ્ત મૂર્તિ પછી છેક ઈ. સ. પૂર્વે આઠમી-સાતમી સદીમાં ફરી વાર મૂર્તિ દેખા દે છે. ઉપર જોયું તેમ વચ્ચેના સમયના વાઙ્મય પુરાવાઓ આપણી પાસે જરૂર છે.

ઈ. સ. પૂર્વે ચોથી સદીના નાટ્યકાર ભાસના 'પ્રતિમા' નાટક ઉપરથી ત્યારે મૂર્તિઓ બનતી હોવાનો ઉલ્લેખ મળે છે. આ પછીનાં સો વરસની એટલે કે ઈ. સ. પૂર્વે ત્રીજી સદીના લેખવાળી પરખમ નામના ગામેથી મળેલી યક્ષમૂર્તિ મથુરા મ્યૂઝિયમમાં સંગ્રહાએલી છે. એનું મહત્ત્વ એ છે કે આજ સુધી પ્રાપ્ત ચારેબાજુથી કોતરાએલી (Sculpture in Round) એ સૌપ્રથમ મૂર્તિ મનાય છે. તેના એક સો વર્ષ પછી આ પરખમ યક્ષની કલાપરંપરા નીચે જ મથુરા-કલામાં પ્રથમ બૌદ્ધ મૂર્તિઓ બની. તક્ષશિલાની 'ગાંધાર કલા' આ જ સમયે સ્વતંત્ર રીતે બૌદ્ધ મૂર્તિનું સર્જન કરવા લાગી હતી એમ જણાય છે.

ઈ. સ.ની શરૂઆતમાં કનિષ્કના અમલ નીચે મૂર્તિકલાનાં આ બન્ને કેન્દ્રો—મથુરા અને તક્ષશિલા—બુદ્ધની મૂર્તિ બનાવવામાં જાણે કે સ્પર્ધામાં ઊતર્યાં: બૌદ્ધધર્મની ધાર્મિક પરંપરા પણ હીનયાન-મહાયાનની શાખામાં વિભક્ત બની રહી હતી. મથુરાની આજુબાજુનો ભાગવતભક્તિનો જુવાળ અને મહાયાને રજૂ કરેલી બોધિસત્ત્વની કલ્પના, એ બંનેએ બૌદ્ધ મૂર્તિસર્જનમાં જબ્બરની ભરતી આણી.

અશોકના સમયમાં ઈ. સ. પૂર્વે ૨૬૮ થી ઈ. સ. પૂર્વે ૨૩૨માં બૌદ્ધધર્મનાં પાદાર્પણ



સૌરાષ્ટ્રમાં ઢાંક ગામની સીમમાં પડેલી મૈત્રેય મૂર્તિ 'પ્રલમ્બપાદ બુદ્ધ' (ફોટો • ન. પલાણ)

સૌરાષ્ટ્રમાં થયાં. શરૂઆતના હીનયાની બૌદ્ધોએ જૂનાગઢ, સાણા, રાણપુર અને તળાજામાં પોતાનાં કેન્દ્રો સ્થાપ્યાં. ઈ. સ.ની બીજીથી છેક સાતમી સદી સુધી મહાયાની બૌદ્ધોની કલાભક્તિપૂર્ણ પરંપરા સૌરાષ્ટ્રમાં ગુંજતી રહી. ઈ. સ.ની આઠમી સદીમાં વલભીના પતન સાથે બૌદ્ધધર્મ પણ સૌરાષ્ટ્રમાંથી ખતમ થયો. સંઘજીવનમાં માનતા બૌદ્ધોને એકસાથે વધુ સંખ્યામાં મારી નાખવાનું વિદેશી આક્રમકોને સુગમ બન્યું, કિનારા પરનાં મઠ-મઢી અખાડામાં રહેતા સાધુઓએ જનતાનાં હૃદયમાંથી બૌદ્ધને ઉખેડી નાખ્યો અને વલભી જેવા રાજ્યમાં ઘૂસી જૈનોએ એને આશ્રયહીન બનાવ્યો. આ બધાંની વચ્ચે શંકરાચાર્યનો જબ્બર ફટકો અને સૌરાષ્ટ્રમાં બૌદ્ધોના રામ!

બૌદ્ધધર્મ લગભગ હજાર વર્ષ સૌરાષ્ટ્રમાં રહ્યો. આજે ખૂણેખાંચરેથી ધીરે ધીરે પ્રકાશમાં આવતી બૌદ્ધ ગુફાઓ બૌદ્ધ સ્તૂપો અને બૌદ્ધ મૂર્તિઓ બૌદ્ધધર્મ ત્યાં કેવો તો વ્યાપક રીતે ફેલાયો હતો તેની ગવાહી આપી જાય છે.

સૌરાષ્ટ્રમાં પ્રાપ્ત બૌદ્ધ પ્રતિમાઓમાં ઈ. સ.ની ચોથી સદીની ઉપસાવેલી પ્રતિમાઓ જેતપુર પાસેની ખંભાલિડા—ગુફાના દ્વાર ઉપર જોવા મળે છે. વળા પાસે ઈશાલ્યા ટેકરી ઉપરથી એક માનવકદની મોટી બુદ્ધ પ્રતિમા મળ્યાની વાત સ્વ. કનૈયાલાલ દવે 'ગુજરાતનું મૂર્તિવિધાન' (પૃ. ૫૨૪)માં કરે છે. અમરેલી પાસેના ગોહિલવાડ ટીંબાના ખોદકામમાંથી ઈ. સ.ની શરૂઆતની બૌદ્ધ મૂર્તિઓ મળ્યાની નોંધ પણ શ્રી દવે આપે છે. (પૃ. ૫૧૦). ઈ. સ.ની પાંચમી સદીની જણાતી વળામાંથી પ્રાપ્ત એક બુદ્ધમૂર્તિ 'સ્વાધ્યાય' ઑક્ટોબર '૬૫માં પ્રસિદ્ધ થએલી છે. ઈ. સ.ની છઠ્ઠી સદી-

પરદેશનાં પત્રમિત્રો

સરનામાં પછી કૌંસમાં બહેનો માટે f અને ભાઈઓ માટે M મૂકી એમની વય દર્શાવી છે. પત્રવ્યવહાર અંગ્રેજીમાં જ કરવો. (1) Hedwig Moser, A–8786 Rottenmann, Burgtorsiedlung 202, Austria. (f–16) Music, sport, dancing, reading. (2) Veronica Cobbina, P.O. Box 239, Tarkwa, Ghana. (f–17) Sports, swimming, music, postcards. (3) Hana Zemanova, Praskora 13, Olomonc, Czechoslovakia. (f–17) General interests. (4) Thomas Cheng, 12/F, D Comfort Building 86–88, Nathan Road, Kowloon. Hong Kong. (M–16) Football, music, photography. (5) Sam Ogun Lawson, Massey Street Children's Hospital, Lagos, Nigeria. (M–18) Travelling, politics, postcards. (6) Lai Ka Lung, 2/F, Room 204, 17 Pokfield Road, HongKong. (M–19) Reading, football. (7) Md. S. Zaman, Room No. 3, South Hall, Chittagong Engineering College, Chittagong, Bangla Desh. (M–20) Pop music, travelling, photography. (8) Bertram Petrs, 86 Bamberg, Untere Seelgasse 24, West Germany. (M–17) Pop music, football, photography. (9) Iggy Kwabukuku Abwoli, P. O. Box 179, Fort Portal, Uganda. (M–18) Biology, literature geography, football, dancing. (10) Georghe Serban, Soseaua Nordulin, Str. Crizantemelor Bl. 8, ap. 37, Ploiesti, Rumania. (M–18) Pop music, postcards, drawing. (11) Dayse Janot Lofgran, Sanador Vergueiro 159/609, Flamengo, Rio de Janeiro, Brazil. (f–18) General interests.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૩૨

કંઠમાળ

કંઠમાળને ગલગંડ કે ગંડમાલા પણ કહે છે. મેદ, કફ અને વાયુના દૂષિત થવાથી ગળાના તથા ડોકના ભાગમાં ચણીબોરના આકારની ગ્રંથિ થાય છે. તેનો આકાર આમળા જેવડો મોટો પણ હોઈ શકે. આવી ગાંઠ એક કે તેથી વધુ હોય છે. તેમાંની કેટલીક મટે છે ને તે પાછી-ફરી થાય છે; આમ સતત ચાલ્યા કરે છે. શસ્ત્રક્રિયા કરાવવા છતાં તે ફરી થાય છે. આને કારણે ખભાના તથા ગળાના ભાગમાં સામાન્ય તનાવ તથા દુખાવો રહે છે, સહેજ તાવ આવી જાય છે અને કોઈ વાર ઊલટી પણ થાય છે. રોગી નિસ્તેજ ને અશક્ત બને છે. આંખોમાંથી પાણી નીકળવા લાગે છે. નાડીની ગતિ વધી જાય છે. ઊંઘ ઘટી જાય છે.

ઉપચાર

૧) કાંચનાર ગૂગળ શ્રેષ્ઠ ઔષધ છે. લાંબા સમય સુધી ધીરજપૂર્વક તેનું સેવન કરવું. ૨) ગાંઠ ઉપર રસવંતી, લેવગુટી, દશાંગ લેપ, શોથઘ્ન લેપ વગેરેમાંથી ગમે તેનો નિયમિત લેપ કરવો. ૩) લીમડાની છાલને ઉકાળીને પીવી. ૪) ગાંઠમાંથી જળો દ્વારા લોહી ચુસાવવું. ૫) મહામંજિષ્ઠાદિ, રક્તશોધક ચૂર્ણ, કેશોર ગૂગળ, ત્રિફલા ગૂગળ વગેરે આપી શકાય. ૬) કબજિયાત ન રહે તે માટે હરડે ચૂર્ણ લેવું. ૭) છાશ-દહીં જેવા ખાટા, ભારે ગળપણવાળા, બજારુ તળેલા પદાર્થો ન ખાવા. હલકો, સુપાચ્ય અને ગરમગરમ ઓછો ખોરાક ખાવો.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

ની, પ્રાકૃત શિલ્પ ધરાવતી બુદ્ધમૂર્તિ ભાવનગર ગાંધીસ્મૃતિ સંગ્રહાલયમાં આવેલી છે. ગાંધીસ્મૃતિની જ પ્રલમ્બપાદ બુદ્ધની ધાતુમૂર્તિ ઈ. સ.ની સાતમી સદીની હોવાનું ડૉ. ઉમાકાન્ત શાહ 'સ્વાધ્યાય' મે '૭૦માં જણાવે છે. સાતમી સદીની ભૂમિસ્પર્શમુદ્રાની બુદ્ધપ્રતિમા ઘોઘાના જૈન મંદિરમાં આવેલી હોવાનું 'સ્વાધ્યાય' મે '૬૪ ઉપરથી માલૂમ પડે છે.

આ સાથે ઢાંક ગામની સીમમાં ખુલ્લામાં પડેલી પ્રલમ્બપાદ બુદ્ધની એક મૂર્તિ રજૂ કરું છું. મહાયાને કરેલી કલ્પના મુજબ 'મૈત્રેય' નામના ભાવિ બુદ્ધ, જે હાલ બોધિસત્ત્વની અવસ્થામાં તુષિત સ્વર્ગમાં રહી તપશ્ચર્યા કરે છે તે, શાક્યમુનિ બુદ્ધ પછી પાંચ હજાર વર્ષે માનુષી બુદ્ધ તરીકે અવતરશે. ઈ. સ.ની પાંચમી સદીમાં આ મૈત્રેય બુદ્ધનાં સ્વતંત્ર મંદિરો મધ્ય એશિયામાં અસ્તિત્વમાં આવી ગયાના ઉલ્લેખો મળે છે. (ડૉ. આર. એસ. ગુપ્તે 'Iconography of the Hindus, Buddhists and Jains' પૃ. ૧૧૧) સિંહાસન ઉપર, ધર્મચક્ર મુદ્રામાં પગ લાંબા કરીને બેઠેલી મૈત્રેય મૂર્તિને 'પ્રલમ્બપાદ બુદ્ધ' કહે છે. 'ગાંધારકલા'માં પ્રલમ્બપાદ બુદ્ધને રાજકુમાર તરીકે રજૂ કરવામાં આવે છે. અહીં પણ સિંહાસન ઉપર બેઠેલા બુદ્ધ બે પગ વચ્ચેના ઉત્તરીયથી, કમલ પર મૂકેલા પગથી અને અલંકૃત સિંહાસનને કારણે રાજકુમારની અદા વ્યક્ત કરે છે. બુદ્ધમૂર્તિ વિધાન બ્રાહ્મણ ધર્મના સર્વશ્રેષ્ઠ પુરુષના લક્ષણ ઉપરથી આવેલું હોઈ આવા પુરુષની વૃષણથેલી અંદર હોય છે તે લક્ષણ પણ અહીં સ્પષ્ટ જોઈ શકાય છે.

બૌદ્ધ મૂર્તિવિદ્યાના વિદ્વાનોએ બૌદ્ધ મૂર્તિકલામાં સમયની દૃષ્ટિએ ત્રણ શૈલીઓ હોવાની નોંધ લીધી છે: ૧) ઈ.સ. પૂર્વે છઠ્ઠીથી ઈ.સ. પૂર્વે ત્રીજી સદી સુધી મગધમાં પ્રચલિત રહી તે 'દેવશૈલી; ૨) ઈ. સ. પૂર્વે ત્રીજીથી ઈ.સ.ની ત્રીજી સુધીની 'યક્ષશૈલી' ને ૩) ઈ. સ. ત્રીજીથી શરૂ થએલી 'નાગશૈલી' આ નાગશૈલી પશ્ચિમ તરફ વિકસેલી જણાય છે. ઢાંકમાંથી મળતી ગાંધાર અસર સૂચવતી બુદ્ધની આ પ્રતિમા નાગશૈલીની હોવા સંભવ છે.

ઈ. સ.ની બીજી સદીથી ઢાંકમાં બૌદ્ધો હતા તેની નિશાની ઢાંક પાસેની ઝિંઝુવડી ઝરની બૌદ્ધ ગુફાઓ પૂરી પાડે છે. ઈ. સ. પહેલીથી દસમી સુધી ઢાંક બ્રાહ્મણ, બૌદ્ધ ને જૈનધર્મનું મહાન કેન્દ્ર રહેલું જણાય છે. 'પ્રલમ્બપાદ'ની માનવકદની આ પાષાણ-પ્રતિમા ગુજરાતમાં પ્રાપ્ત થતી પ્રથમ પ્રતિમા છે. આનાથી બૌદ્ધ ધર્મના ઇતિહાસ ઉપર અને કલાપરંપરા પરત્વે નવો પ્રકાશ થાય છે. ઈ.સ.ની ત્રીજી સદીથી શરૂ થએલી 'નાગશૈલી'ની આ મૂર્તિ એના ભાસ્કર્ય પરથી સાતમી સદીની લાગે છે.

નોંધ: પોરબંદરના પુરાતત્ત્વ સંશોધન મંડળના સભ્યોએ આલેચ પાટણની એક વધુ બૌદ્ધ ગુફા પ્રકાશમાં આણી છે. ('કુમાર' જુલાઈ '૭૦) 'કુમાર' ઑક્ટોબર '૭૨માં મૌર્યકાલીન બૌદ્ધસ્તૂપની ઈંટને પ્રકાશમાં લાવ્યાં પછી આ સાતમી સદીની પ્રલમ્બપાદ બુદ્ધની પ્રતિમા રજૂ થાય છે. અમારા ઢાંકના પ્રવાસ દરમિયાન પ્રથમ આ મૂર્તિને અમે 'યક્ષમૂર્તિ' તરીકે ઓળખી હતી ('સ્વાધ્યાય' એપ્રિલ '૭૧) પણ પાછળથી મૂર્તિશાસ્ત્રના સંદર્ભ ગ્રંથો હાથમાં આવતાં આ મૂર્તિ વિષે શંકા જાગી ને અમારા મિત્ર શ્રી મધુસૂદન ઢાંકીને આનો ફોટોગ્રાફ બતાવતાં આ પ્રલમ્બપાદ બુદ્ધની મૂર્તિ હોવાનું નિશ્ચિત થયું. □

સાહિત્યસંપર્ક

શબ્દકથા : ઘેલું

સંસ્કૃતમાં 'ગ્રહ'નો એક અર્થ છે : શરીર કે મનને પીડતું દુષ્ટ સત્વ, શરીરમાં પ્રવેશીને તેનો કબજો લઈ લેતું કોઈ 'ભૂત' કે અનિષ્ટ શક્તિ, ક્લેશ, વળગાડ.

'ગ્રહ'નું પ્રાકૃત સ્વરૂપ 'ગહ', અને તેને 'વાળું' એવા અર્થનો 'ઇલ્લ' પ્રત્યય લાગીને થએલું રૂપ તે 'ગહિલ્લ'. અપભ્રંશમાં 'ગહિલ્લઉ' શબ્દ 'ઘેલો' એવા અર્થમાં વારંવાર વપરાયો છે. અને 'ગહિલ્લઉ', પછી 'ગહિલઉ', 'ઘયલુ' ને 'ઘેલો' એવા ક્રમે હાલનું સ્વરૂપ સિદ્ધ થએલું છે.

દસમી શતાબ્દી પછી પ્રાકૃત 'ગહિલ્લ' ઉપરથી ઘડી કાઢેલો સંસ્કૃત 'ગ્રહિલ' કે 'ગ્રથિલ' વિશેષ કરીને જૈન લેખકોમાં વપરાવા લાગ્યો છે. 'કાલુંઘેલું', 'ગાંડુંઘેલું' એવા દ્વિર્ભાવવાળા સમાસોમાં, 'ઘેલાભાઈ' જેવા નામમાં, અને 'ઘેલસાગરો' જેવા કટાક્ષાત્મક કે વિનોદી શબ્દ ઘડતરમાં થએલા આ શબ્દના પ્રયોગથી આપણે પરિચિત છીએ.

રાજા રાજકાજમાં પ્રધાન સાથે મંત્રણા કરતો હોઈ પ્રધાન 'મંત્રી' કહેવાતો, ને તેની સાથે વિચારવિમર્શ કરાતો હોઈ તે 'ધીસખ' કે 'ધીસચિવ' કહેવાતો. 'ધી' એટલે બુદ્ધિ, ડહાપણ.

મધ્યકાલીન કથાઓમાં રાજાઓ પોતાના પ્રધાનની બુદ્ધિથી જ નભતા. એટલે પ્રધાનોની બુદ્ધિમત્તા ધ્યાનમાં રાખીને, અને ગુણાનુસાર નામ પાડવાની રસમ પ્રમાણે (જેમ ગોવર્ધનરામે પણ 'સરસ્વતીચંદ્ર'નાં પાત્રોનાં નામ પાડ્યાં છે તેમ), કથાકારોએ 'બુદ્ધિસાગર', 'મતિસાગર' 'સુનસાગરો', 'મતિસાર' એવાં નામ પ્રધાનના પાત્રને આપેલાં છે. એટલે કોઈએ 'બુદ્ધિસાગરો'ના ઢાંચા પ્રમાણે 'ઘેલસાગરો' ઘડી કાઢયું : પેલો બુદ્ધિનો સાગર, તો આ ઘેલાઈનો સાગર!

હરિવલ્લભ ભાયાણી

'ગુજરાતી નવલકથા' અને બે નવલકથાઓ

ધીરુ પરીખ

અંગ્રેજી સાહિત્યમાં વિવિધ સાહિત્યસ્વરૂપોની ઐતિહાસિક આલોચના કરતાં અનેક પુસ્તકો મળી આવશે; પરંતુ આપણે ત્યાં એ દિશામાં ખાસ પ્રયાસો થયા નથી. તેમાં લેખકો, વાચકો, વિવેચકો, પ્રકાશકો કોની ઉદાસીનતા આડે આવતી હશે? ખેર! 'અર્વાચીન કવિતા' (સુન્દરમ્), 'આધુનિક કવિતાપ્રવાહો'(જયન્ત પાઠક), 'ગુજરાતી નાટ્યસાહિત્યનો ઉદ્ભવ અને વિકાસ'(મહેશ ચોકસી) જેવા કેટલાક ગણનાપાત્ર ગ્રંથો મળ્યા છે તેમાં રઘુવીર ચૌધરી અને રાધેશ્યામ શર્મા લિખિત 'ગુજરાતી નવલકથા'થી એક વધુ ઉમેરો થાય છે.

લેખકોએ તો કબૂલ્યું છે કે 'આ પુસ્તક ગુજરાતી નવલકથાના ઇતિહાસનું ક્રમબદ્ધ નિરૂપણ કરતું નથી.' છતાંય 'ઐતિહાસિક વિકાસક્રમ'ને લક્ષ્યમાં રાખીને જ બહુધા જાણીતી કૃતિઓની વિચારણા—ફેરવિચારણા થઈ છે તે સારું થયું છે. 'કરણઘેલો'થી આરંભીને 'ઝંઝા' (રાવજી પટેલ) સુધીની આદ્ય-અર્વાચીન કૃતિઓની અભ્યાસનિષ્ઠ ચર્ચા અહીં થઈ છે. કૃતિની ચર્ચા કરતી વખતે લેખકોએ તે તે કૃતિ વિષેનાં અન્ય વિવેચકોનાં મંતવ્યો ટાંકી, તેને તપાસી પછી પોતાનો તટસ્થ અભિપ્રાય દર્શાવવાનો પ્રયાસ કર્યો છે. આમ કરવા જતાં ઘણે સ્થાને કૃતિની જમા બાજુ કરતાં ઉધાર બાજુનાં જ વધારે દર્શન કરાવવામાં આવ્યાં છે, તેમાં ક્યારેક કૃતિનો તો ક્યારેક આલોચકોની દૃષ્ટિનો તાળો મળી રહે છે. 'કરણઘેલો' અને મુનશીની નવલકથાઓના 'ઐતિહાસિક'પણામાં કૃતિદોષ, તો પેટલીકરની કૃતિઓના તોળાએલા ન્યાયમાં દૃષ્ટિદોષ પણ જણાય. ખાસ કરીને છેલ્લા દાયકા-દોઢ દાયકાની જે લઘુનવલોની ચર્ચા થઈ છે તેને કલાસ્વરૂપની સિદ્ધિ માટેના પ્રયાસો લેખી ભક્તિભાવભરી અંજલિ આપવામાં આવી છે તેમાં કોઈ ભાવિ વિવેચકને દાંડીઉલાળનાં દર્શન થાય તો નવાઈ જેવું નહિ.

પ્રસ્તુત ગ્રંથનું ૫૧ પૃષ્ઠનું પહેલું પ્રકરણ ગુજરાતી નવલકથાની એક સદીનું સિંહાવલોકન કરે છે એટલે ખૂબ ઉપયોગી છે. છેલ્લી સદીમાં નવલકથાના વિવિધ પ્રવાહોની અહીં સદૃષ્ટાંત ચર્ચા મળે છે. પૃ. ૨૫ પર વાસ્તવલક્ષી નવલકથાની વાત કરતાં લેખક લખે છે : 'માકું ન લાગી જાય એની તકેદારી સ્વાતંત્ર્યને પણ કુંઠિત રાખે છે.' અહીંની સમગ્ર ચર્ચા જોયા પછી આ ગ્રંથના કર્તાઓએ ઉક્ત તકેદારી નહિ રાખીને સ્વાતંત્ર્યની અકુંઠિતતાનો આનંદ—હક માણ્યો છે તે જણાયા વગર રહેશે નહિ. જોકે એ જ પૃષ્ઠ પર ઉમાશંકર જોશીની નવલકથા વિષે 'આ કોઈક મોટા લેખકની કૃતિ છે.' એવો વાક્યખંડ મૂકવામાં કોઈને પેલી સ્વતંત્રતા કુંઠિત થએલી લાગે પણ ખરી. તો ઠક્કુર નારાયણ વસનજીની નવલકથાઓ વિષે કેટલાક સમ્યક્ અભિપ્રાયો આપ્યા પછી 'એમાં કુલ પૃષ્ઠસંખ્યાના ત્રીજા કે ચોથા ભાગની જાહેરખબરો રહેતી' એવું એમની નવલકથાઓની વિવેચનામાં કાંઈ વધારો-ઘટાડો નહિ કરનારું વાક્ય મૂકી એ જાહેરખબરોની ટકાવારી કાઢવામાં અકુંઠિત સ્વાતંત્ર્યપ્રીતિએ વેડફેલા સમયનો રંજ આપણે શા માટે કરવો? મણિલાલ દ્વિવેદીની (લૉર્ડ લિટનની 'ઝેનોની'પરથી) રૂપાંતરિત નવલકથાનું નામ 'ગુલાબસિંહ' છે જેને લેખકે અહીં 'ગોવિંદસિંહ'ના નામે ઉલ્લેખી છે, તેને પ્રથમ દૃષ્ટિએ તો સરતચૂક માનવાનું મન થાય છે, પણ છેલ્લે સંદર્ભસૂચિમાં ય એ જ નામનો ઉલ્લેખ જોવા મળે છે ત્યારે એ સ્મૃતિદોષ કે અણજાણપણું હશે એમ લાગ્યા વગર નથી રહેતું. વળી, પેટલીકરની નવલકથાઓ વિષે અભિપ્રાય આપતાં પૃ. ૧૯ પર આ વાક્ય આવે છે : 'પેટલીકરના સમકાલીન પ્રશ્નો જૂના બનતાં ભવિષ્યનો વાચક એમની કૃતિઓ સામે આંખ આડા કાન ન કરે તે અશક્ય નથી.' આ વાક્યમાં 'ન' વધારાનો છે તેને ય સરતચૂક જ ગણીને? તો ગુણવંતરાયની 'દરિયાલાલ' નવલકથા દરિયાની નથી એમ કહેવાની સાથે 'સુકાની'ની 'દેવોધાધલ' દરિયાની સાહસકથા છે તેનો ઉલ્લેખ ચૂકી જવો તેને 'કેફિયત'માં એમણે 'આ પ્રકારના પુસ્તકની રચનામાં યદૃચ્છાનું તત્ત્વ અનિવાર્યપણે આવે' એમ કબૂલ્યું છે તે યદૃચ્છા જ ગણી ક્ષમ્ય લેખી શકાશે!

આ ઉપરાંત ગુજરાતી નવલકથાની સદીની ઝાંખી કરાવવામાં એમણે જે જહેમત લીધી છે તે લેખે લાગી છે એમ તો લાગશે જ. પુસ્તકનું સમગ્ર લખાણ અભ્યાસનિષ્ઠ હોવાની સાથે સાથે કટાક્ષો અને ગદ્યચાતુરીથી હળવું પણ બન્યું છે. 'કેફિયત'માં લેખકોએ લખ્યું છે : 'આ પુસ્તક નવલકથાના વિવેચનમાં પહેલ કરનારું છે એ બદલ અમને યશભાગી બનાવવાના કશા ઉદાર પ્રયત્નની અમે રાહ જોતા નથી...' આમ જ્યાં એમણે સ્વયં યશકલગી પહેરી લેવાની વિનમ્રતા દાખવી છે ત્યાં એનું પુનરુચ્ચારણ કરવાની ઉદારતાનું સાહસ નહિ કરું. (પ્રકાશક : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬, પાકું પૂઠું; પૃ. ૩૦૪; રૂ. ૧૨)

અગનપિપાસા : નવલકથાનો નાયક સોમ કિશોરાવસ્થાથી યુવાન બને છે તે કાળ દરમિયાન એના મન પર પડેલા આઘાત-પ્રત્યાઘાતોને લેખિકા કુન્દનિકા કાપડિયાએ બહુ ઋજુતાથી અહીં નિરૂપ્યા છે. બાળગોઠિયાઓ સાથે રમતો સોમ પિતા મુરારિની બૂમ સાંભળી ઘર તરફ દોડે છે એ નાટકીય દૃશ્યથી નવલકથાનો આરંભ થાય છે. પ્રથમ જ પ્રકરણમાં ત્રણ મુખ્ય ઘટનાઓ—પિતાનું લગ્ન, પિતાનો સંગીતશોખ અને તે માટેના પ્રયત્નો, પિતા-

પુત્રનો પ્રેમ—કુશળતાથી રજૂઆત પામી છે. પિતા મુરારિ પુત્રને સંગીતસમ્રાટ બનાવવા ઝંખે છે, પણ એ ઇચ્છા સંતોષાય તે પહેલાં જ પિતા મૃત્યુ પામે છે. આ અવસાનથી પુત્ર મૂંઝવણમાં મુકાય છે. પ્રતિકૂળ સંજોગોના સંઘર્ષમાં એની શક્તિઓ ખર્ચાવા લાગે છે. હવે તે માતાને છોડીને કાકાને ત્યાં રહેવા જાય છે. ત્યાંનું જડ શિસ્તમય વાતાવરણ કલાકાર જીવ સોમને ગૂંગળાવી નાખે છે. એ વિદ્રોહી બનતો જાય છે, પણ સમવયક સુહાસી અને મંગળની હૂંફ તેમજ બાવાજીનું વાત્સલ્ય તેની ચેતનાને બુઠ્ઠી થઈ જતી બચાવે છે. ત્યાં તો માતા મેના પણ મૃત્યુ પામે છે. મામા અને મામાની દીકરીનો સાથ તે ગુમાવે છે. સુહાસીની સ્નેહ હૂંફ ઝોલવાઈ જાય છે. હવે તેની પ્રેમપિપાસા અગનપિપાસા બને છે. જીવનમાં સ્વપ્નભંગથી એ દોષદેખુ બની જાય છે. એવે વખતે એની વહારે ધાય છે શરાબ! સંગીત અને સ્નેહના સ્વપ્નભંગારને એ શરાબમાં વહાવી દેવા મથે છે. એવામાં લૅાબો સાથે સંગીતના જલસામાં ભાગ લેવા એ દિલ્હી જાય છે. ત્યાં નર્તકી અપર્ણાનું તેને આકર્ષણ જાગે છે અને અપર્ણાને તેના વિષે પ્રેમ. સ્નેહભાવનાથી પ્રેરાઈ અપર્ણા સોમની શરાબલત છોડાવવા પ્રયત્નશીલ બને છે. પણ જગતની વાસ્તવિકતાના કટુ અનુભવોથી છંછેડાએલો સોમ કશાની પરવા ન કરતાં એક વાર ક્રોધે ભરાઈ અપર્ણા એનું વાયૅાલિન ફેંકી દે છે. વાદ્ય તૂટી જતાં જાણે સોમનું જિગર જ તૂટી જાય છે. તે આત્મહત્યા કરવા વતન પાછો ફરે છે, અને એક નાળામાં પડતું મૂકે છે. પણ ત્યાં તો ચમત્કાર સર્જાતો હોય તેમ એક અલગારી જેવો ફેરિયો દાદુ તેને બચાવી લે છે. દાદુના જીવનબોધથી સોમના બુઝાતા અંતરાત્માનું તેજ ઝળહળી રહે છે. ભક્તિભાવભર્યાં દાદુનાં વચનોથી સોમનો હૈયાહિમાળો પીગળે છે. પ્રેમની ફિલસૂફી હવે તેને સમજાય છે, અને આવી મળે છે અપર્ણા. આ સ્નેહપાત્રમાં એને સ્નેહામૃતનો સમ્યક્ આસ્વાદ મળે છે. ત્યારે નિરાશાનાં વાદળોમાંથી 'સોમ' પોતાની તમિસ્રઘેરી જીવનનિશાને અજવાળી રહે છે.

આમ પ્રસંગોની હારમાળા ચિત્રપટનીશૈલીએ ઝડપભેર ફરતી રહે છે. એ પલટાતા પ્રસંગાયોજનમાં લેખિકાએ સોમના હૃદયભાવોને તીવ્રતાથી પ્રગટ કરવાનો પ્રયાસ કર્યો છે. સોમનું ભાંગેલું હૃદય અત્યંત કુમાશથી અભિવ્યક્ત થયું છે. વાયોલિન અને અન્ય પ્રતીકો કથનશૈલીમાં કલાત્મકતા લાવે છે. ભાષાશૈલી ભાવાનુકૂલ હોવા છતાં મુરારિ અને મેનાના પ્રથમ પ્રણયસંવાદોમાં એક જ સ્તરની લાગે છે ત્યારે પાત્રોનું સહજ વ્યક્તિત્વ પ્રગટ થવાને બદલે લેખિકાના આરોપિત વ્યક્તિત્વનો પડઘો પાડતાં હોય તેવાં તે જણાય છે. અને દાદુ જેવા સામાન્ય ફેરિયાની ફિલસૂફી સભર શૈલીમાં પણ લેખિકાનો અવાજ સ્પષ્ટ રીતે તરી આવે છે. અને એટલે અંશે પાત્રોને હાનિ પહોંચ્યા વગર રહેતી નથી. ક્યાંક ક્યાંક પ્રસંગો તાલમેલિયા અને નાટકીય પણ લાગવા સંભવ છે આ બધું હોવા છતાં ય સરસ રીતે રજૂ થએલી વાર્તા સોમના જીવનપલટાઓ અને અંતિમ પરિવર્તન દ્વારા નક્કર આશા પાઈ જાય છે. વાસ્તવિકતા અને કલાને બહાને જીવનનું ખમીર હણી લઈ નપુંસકોની વણઝાર ઊભી કરી તેની દયા ખાતી કૃતિઓ કરતાં જીવનને પોષક આવી કૃતિઓ પ્રજાજીવનને ઉન્નત કરે છે. (પ્રકા. સોમૈયા પબ્લિકેશન્સ પ્રા. લિ. ૧૭૨, નાયગાંવ-ક્રૉસ લેન, દાદર, મુંબઈ-૧૪; કાચું પૂઠું; પૃ. ૨૭૬; રૂ. ૧૨)

પુત્ર માનવીનો: ગાંધી શતાબ્દીનિમિત્તે ઘણું ગદ્યપદ્ય ઊમટી પડ્યું! પ્રસ્તુત પુસ્તક આમ તો એ નિમિત્તની જ નિર્મિતિ છે; પરંતુ એક કથાના રૂપમાં ગાંધીજીના ચંપારણ્યપ્રવેશથી તે ભારતના ભાગલા સુધીની જીવનયાત્રા અહીં વણાએલી છે એટલે વાચનનો ભાર ન રહે તે રીતે ઇતિહાસ નિરૂપણ થએલું છે. કથાનાયક ગાંધીવાદી છે, છેક સુધી ગાંધીયાત્રામાં સામેલ છે, એટલે એના મુખે કહેવાએલી વાર્તા ઐતિહાસિક શ્રદ્ધેયતાનો વાચનરસ પૂરો પાડે છે. વચ્ચે વચ્ચે કથા કહેનાર પાત્રના કૌટુંબિક-સામાજિક પ્રસંગોની ગૂંથણી વાર્તારસ જાળવવામાં મદદરૂપ થાય છે. આ સિવાય ખરું જોતાં તો આ કથાના નાયક ગાંધી પોતે જ છે. ગાંધીપ્રેમના ઉમળકાથી પરમ ગાંધીવાદી કાકાસાહેબ આ નવલકથાને આવકારે છે તેમાં કૃતિના સ્વરૂપ કરતાં સંભાર પર વધુ ભાર છે તે તો ભાગ્યે જ કહેવાની જરૂર પડે.

કથાની લખાવટ રોચક છે. લેખિકા જરૂર પ્રમાણે લાંબાંટૂંકાં વાક્યો, પાત્રહૃદયના કે પરિસ્થિતિના ભાવપલટા સાથે પલટાતા વાક્યવિન્યાસો, ખપ પૂરતા રૂઢિપ્રયોગો અને કહેવતો, પ્રકૃતિ સમાજ કે રાજકારણનું વાતાવરણ ખડું કરવાની સબળ શૈલી, ક્યારેક વેદનાસિક્ત તો ક્યારેક કટુતાભર્યાં કટાક્ષો વગેરે પ્રયોજીને નિરૂપણમાં સરસતા લાવી શક્યાં છે. ગાંધીજીના ચરિત્રને અને તે સમયના રાજકીય વાતાવરણને આબેહૂબ ઉઠાવ આપવામાં પણ એમણે ભાષાશૈલીનું સારું ગજું દાખવ્યું છે. કાલ્પનિક પાત્રો-પ્રસંગોની રંગપૂરણી હોવા છતાં ગાંધીયુગીન યથાર્થતાને લેશ પણ આંચ આવી નથી તે નોંધપાત્ર છે. અરે, એમણે જાણે ગાંધીને સજીવન કર્યા છે!

ગાંધીના આદર્શો, એ આદર્શો માટેના એમના પ્રયત્નો, એ પ્રયત્નો પાછળની સચ્ચાઈ અને સ્વાર્થહીનતા, એ આદર્શો પાછળ કશાયની પરવા કર્યા વગર કૂદી પડતી પ્રજા અને નેતાઓ: આ બધાંનો તરવરાટભર્યો ચિતાર ખડો કરીને ગાંધીના અનુયાયીઓએ આજે ગાંધીની અને ગાંધીવાદની તેમજ તેને રસ્તે રસ્તે ભારતની જે દુર્દશા કરી છે તેનું વેધક ચિત્ર કટાક્ષમય શૈલીમાં લેખિકાએ સચોટતાથી ઊપસાવ્યું છે તે આ ગ્રંથનું ઉત્તમ આકર્ષણ છે. સમગ્ર કથાપ્રવાહમાં ખેંચાતા વાચકોને—તે પેઢીના અને આ પેઢીના—આઝાદીની લડતની અને લડવૈયાની પ્રત્યક્ષ ઝાંખી થયાનો આનંદ મળી રહે છે. આ રીતે નવલકથાનું મહોરું પહેરીને આવેલી આ કૃતિ ખરેખર તો એક સબળ અને સરસ ગાંધીકથા જ છે. (લે. મૃણાલિની દેસાઈ; પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું; પૃ. ૩૬૪; રૂ. ૧૮)

નવાં પ્રકાશનો

નાલુ કેટ્ટ: ભારત સરકારે સાંસ્કારિક ક્ષેત્રે જે કેટલાંક રચનાત્મક પગલાં ભર્યાં છે તેમાંનું એક તે નૅશનલ બુક ટ્રસ્ટ દ્વારા ચાલતી 'આંતરભારતી પુસ્તકમાળા'. એક પ્રાંતની રસિક ને ત્યાંની સંસ્કૃતિને ઉપસાવતી કૃતિ પસંદ કરી, અન્ય ભારતીય ભાષાઓમાં તેના અનુવાદ કરાવી સાહિત્યના આદાનપ્રદાનની જે વ્યવસ્થા તેમાં કરી છે તે પ્રશસ્ય છે. આ યોજના હેઠળ કેરળના જાણીતા નવલકથાકાર એમ. ટી. વાસુદેવન્ નાયરની કૃતિ 'નાલુ કેટ્ટ'નો કમલ જસાપરા પાસે આ સુભગ અનુવાદ તૈયાર કરાવાયો છે.

'નાલુ કેટ્ટ' એટલે ચાર ઓરડાની હવેલી. આ હવેલી અહીં સંયુક્ત કુટુંબનું પ્રતીક બને છે. કેરળમાં જે સંયુક્ત કુટુંબની સમાજવ્યવસ્થા તૂટી રહી છે તેનું આ નવલકથા આબેહૂબ ચિત્ર રજૂ કરે છે. ત્યાંના ખમીરવંતા નાયર પરિવારની આ સંસાર-કથામાં સંક્રાન્તિકાળની સ્થિતિ નિરૂપાઈ છે. આ પરિવારનો કિશોર અપ્પુણ્ણી, એની માતા પારુકુટ્ટીએ મનપસંદ પતિ સાથે લગ્ન કરવાથી મોસાળ અને સમાજમાં હડધૂત થાય છે. દગાફટકાથી પતિનું મૃત્યુ થતાં મા-દીકરો નિરાધાર બને છે અને માતા પારકાં ઘરનાં કામ કરવા લાગે છે. લોકોની ચઢવણીથી દીકરો માને છોડી ચાલ્યો જાય છે ને ઘણા વખતે તે પાછો ફરે છે. તે નૂતન યુગનું પ્રતિનિધિ પાત્ર છે અને બાપુકી હવેલી ટકી રહે તેમાં તેને કોઈ ખાસ દિલચસ્પી નથી. આમ છતાંય જ્યારે એ હવેલી વેચાવાનો વખત આવે છે ત્યારે કુળદેવીના નિવાસવાળું અને જ્યાં પોતાનું કૈશોર્ય વીત્યું હતું તે હવેલી પોતે જ ખરીદી લે છે ને તેમાં ઉચિત ફેરફાર કરી એક નાના કુટુંબને રહેવા

માટે યોગ્ય નહીં મકાન તૈયાર કરવા ઇચ્છે છે ત્યારે તેને માતા યાદ આવે છે. અંતે માતા પારુકુટીનો નાલુકેટ્ટ-પ્રવેશ, નવલકથાના અંતમાં, ભાંગતી સંયુક્ત કુટુંબની પ્રથાને નવી રીતે ઊભી રાખવાનો ઈશારો કરતો જાય છે.

પાત્રના વર્તમાન વર્ણન સાથે 'ફ્લૅશબૅક'ની પદ્ધતિએ ભૂતકાળનાં ચિત્રો પણ અંકિત થતાં જાય છે. રમ્ય નિરૂપણશૈલી, પોતદાર ગદ્ય, અસ્ખલિત વાર્તાપ્રવાહ અને માતા-પુત્રનાં સૂક્ષ્મ સંવેદનો આ કૃતિને સરસ બનાવે છે. એક સૂચન: સરકાર આવાં પુસ્તકો થોડી સસ્તી કિંમતે પ્રજા પાસે પહોંચાડે તો તેના ઉમદા આશયને વધુ વેગ મળે. (પ્રકા. નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્હી; મુખ્ય વિક્રેતા: વોરા ઍન્ડ કં., કાચું પૂઠું; પૃ. ૨૧૭; રૂ. ૬-૫૦)

મોટાનાં મન: ગાંધી શતાબ્દી દરમિયાન દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ જે કાર્યક્રમ હાથ ધરેલો તે અન્વયે થએલા આ પ્રકાશનના સંપાદકો છે કલ્યાણજી વિ. મહેતા, ઈશ્વરલાલ ઈ. દેસાઈ અને હકૂમત દેસાઈ. ભારતની આઝાદી-લડતમાં સૂરત જિલ્લો મોખરે રહ્યો હતો. આથી સૂરત જિલ્લાના કાર્યકરો પર લખાએલા વિવિધ મહાનુભાવ નેતાઓના આ ચૂંટેલા પત્રસંચયમાંના લેખકો છે ગાંધીજી, વિઠ્ઠલભાઈ પટેલ, સરદાર પટેલ, મહાદેવભાઈ દેસાઈ, કિશોરલાલ મશરૂવાળા, ડૉ. સુમન્ત મહેતા, ઈન્દુલાલ યાજ્ઞિક, અમૃતલાલ ઠક્કર, પ્રાગજી દેસાઈ અને મોહનલાલ પંડયા. જેલમાં રહ્યે રહ્યે એઓ દેશ માટે કેવા ચિંતિત હતા તે આ પત્રો કહી બતાવશે. સાથે સાથે નાની નાની બાબતો ને પ્રસંગોમાં એમનાં અડીખમ, ઋજુ, દયાર્દ્ર હૈયાંનો પણ એ પરિચય કરાવશે. મહાન વ્યક્તિઓનાં મનનો એમાંથી સમ્યક્ ને શ્રદ્ધેય પરિચય મળી રહે છે તે દૃષ્ટિબિંદુથી પુસ્તકનું નામાભિધાન થયું છે તે પણ એટલું જ ઉચિત છે. (પ્ર. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, નવી સિવિલ ઑસ્પિટલ, મજૂરા ગેટ, સૂરત-૧; પાકું પૂઠું; પૃ. ૨૯૬; રૂ. ૫.)

હૈયાં હિજરાયેલ: સૌરાષ્ટ્રનાં રજવાડાંની ખટપટો અને તેનો ભોગ બનેલાં પાત્રોનાં હૈયાંની વાત આ નવલકથામાં મનસુખલાલ મો. ઝવેરીએ રસમયરીતે આલેખી છે. ભાષાશૈલી રોમૅન્ટિક છે અને વાસ્તવના સંભારને શણગારે છે. સૌરાષ્ટ્રની બોલીનો લેખકે ફાવટપૂર્વક ઉપયોગ કરી વાતાવરણની સચ્ચાઈનો રણકો લાવવા પ્રયાસ કર્યો છે. અર્થેતિ રોચક કથનશૈલીમાં વાચકને ખેંચી રહેતી આ કથા ઠીક ઠીક સફળ થઈ છે. (પ્ર. લોકપ્રિય પ્રકાશન, ૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; પાકું પૂઠું; પૃ. ૨૩૯; રૂ. ૭-૦૦)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના [illegible] મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ [illegible]**



શ્રી મીનુ દેસાઈ

સૌથી જૂના અને ગુજરાતી ભાષાભાષીઓમાં સૌથી વધુ ફેલાવો ધરાવતા વર્તમાન પત્ર 'મુંબઈ સમાચાર'ના હાલના તંત્રી. જન્મ નવસારીમાં તા. ૧ જુલાઈ ૧૯૧૯. કૉંગ્રેસના ચુસ્ત હિમાયતી, 'હિંદ છોડો'ની લડતમાં સક્રિય ભાગ લીધેલો. ઈમરજન્સી પ્રેસ ઍડવાઈઝરી કમિટી, પ્રેસ કન્સલ્ટેટિવ કમિટી અને મહારાષ્ટ્ર સરકારની પ્રેસ ઍક્રેડિટેશન કમિટી તથા ગુજરાત રાજ્યની પ્રેસ કન્સલ્ટેટિવ કમિટીના સભ્ય. ગુજરાતી ભાષાના એક અચ્છા લેખક અને કવિ. એમનાં ૨૮માંનાં બે પુસ્તકો વિવિધ યુનિવર્સિટીઓમાં પાઠ્યપુસ્તક છે, એમના 'એલીગી ઑન મહાત્મા ગાંધી' (ગાંધીજીની કરુણ પ્રશસ્તિ)ને ભારત સરકારનું ને 'વિદ્યાર્થી નાટિકાઓ' ને ગુજરાત સરકારનું ઈનામ મળ્યું છે. છેલ્લા અઢી દાયકાઓથી તેઓ રેડિયો-પરથી સામાજિક, સાહિત્યિક અને સાંસ્કૃતિક વિષયો પર વાર્તાલાપો આપતા રહ્યા છે. અનેક સામાજિક ને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાએલા છે. મહારાષ્ટ્ર સરકારે એમની 'જસ્ટિસ ઑવ પીસ' તરીકે વરણી કરેલી છે.

૧ આપને અન્ય કયા તંત્રીઓ વિષે ખાસ આદર છે?

ઉ. 'ટાઈમ્સ ઑવ ઈંડિયા'ના સ્વ. તંત્રી ફ્રાન્સિસ લૉ અને 'સ્ટેટ્સમૅન'ના હાલના તંત્રી એન. જે. નાનપોરિયા. અંગત પ્રસિદ્ધિથી દૂર રહીને વાચકોના રુચિ તંત્રની નાડ પારખનારા, એ બંને તંત્રી ખાતાની સુદૃઢ રચનાની શક્તિ ધરાવનારા.

૨ આપ કોને સફળ તંત્રી ગણો?

ઉ. હૈયું અને હાથ સ્વચ્છ રાખી, વાચકના આદર્શો તથા અરમાનનાં મૂલ્યો પ્રત્યે અફર નિષ્ઠા ને સૂઝ ધરાવનારને.

૩ વર્તમાન સાહિત્યના સૂર આપને કેવા લાગે છે?

ઉ. ગાંધીયુગના સાહિત્યઘડતરના સંસ્કારથી હું પૂરેપૂરો રંગાએલો હોઈ આજની ગંદી કવિતા, ગલીચ વાર્તા અને અવ્યવસ્થિત ગોઠવણીવાળા ભારેખમ શબ્દોથી સભર વિવેચન, જો એને સાચે જ કવિતા, વાર્તા કે વિવેચન કહેતા હો તો, ઉપર વીસ-પચીસ વર્ષ પછી જ ફરીથી દૃષ્ટિ નાખજો. લગભગ એ બધું જ ત્યારે સાફ થઈ ગયું હશે.

૪ આપના પ્રિય કવિ? લેખક? પાત્ર? પુસ્તક?

ઉ. કવિમાં શેલી અને સુંદરમ્, લેખકમાં મુનશી અને વિશ્વનાથ ભટ્ટ, પાત્રોમાં રમણલાલ દેસાઈનો અશ્વિન અને મુનશીની મંજરી તથા પુસ્તકમાં 'ગીતાંજલિ.'

૫ આપ કવિ પણ છો. કાવ્યની આપની વ્યાખ્યા કાવ્યમાં આપશો?

ઉ. શું હશે, જાણું ના નથી,
દૂઝતા ઘાવની ઔષધિ તું સદા;
હું ય આશ્વાસનો ત્યાં જઈ મેળવું
જ્યાં મળે નીરખવા નિત્ય નોખી અદા.

૬ લેખન પ્રવૃત્તિની પ્રેરણા શામાંથી મળે છે? આપનો શૉખ?

ઉ. અત્યંત એકાંત મારે માટે મધુર પ્રેરણા જેવું છે. એકાંતમાં એકલાએકલા મોજથી ટહેલવું એ મારો શૉખ છે.

૭ જિંદગીનું સ્વરૂપ આપ કઈ રીતે આલેખો છો?

ઉ. આ જિંદગીની મહેફિલે / ફૂલો બદલ હાથે ચડે છે કંટકો;
એ કંટકો સત્કારવા તૈયાર છું,
પણ બુઝદિલોના દિલને બહેકાવવા લાચાર છું.

૮ જીવનની અનુભૂતિનો નિચોડ? સતત પ્રવૃત્તિ છતાં સુખી છો?

ઉ. જીવનમાં જે માગ્યું તે મળ્યું છે. વધતેઓછે અંશે જે કંઈ પામ્યો છું તેનાથી પારાવાર સંતોષ છે. પચ્ચીસ વર્ષ પહેલાં જે સંતોષી જીવ હતો તે જ આજે પણ રહે અને હવે પછી પણ મન, વાણી અને વર્તનની એ જ સમતુલા જળવાઈ રહે ત્યારે જ જીવતાં આવડ્યું એમ મને લાગશે. બાળપણથી જ ધાર્મિક સંસ્કાર અને વાતાવરણને લીધે આજ સુધી અપાર પ્રફુલ્લતામાં મગ્ન રહું છું. દરરોજ તાજગીભરી નવીનતા ધરાવતો અમારો વ્યવસાય માને તે સૌને માટે સુખી બની રહે છે.

૯ જીવનનો સૌથી સુખદ પ્રસંગ? ને બન્યો હોત તો કરુણ પ્રસંગ?

ઉ. સુખદ પ્રસંગ તો ૨૫ વર્ષ પર જે ગુરુનું હું સાન્નિધ્ય પામ્યો તે ધન્ય પળની કાયમી મધુર યાદ. કરુણ પ્રસંગ તો અંગત વાત છે. એ કહેવાની ન હોય, ગળી જવાની હોય.

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલ-કારોનાં જીવન-કવનનો પરિચય

[૪૮]

કરાવનાર · જલન માતરી



ચિનુ મોદી

છેલ્લાં પંદર વર્ષમાં ગુજરાતી ગઝલ સાહિત્યમાં જે ક્રાન્તિકારી કલમો બહાર આવી છે એણે ગઝલને નવો જ ઘાટ આપ્યો છે. ગઝલને એમ અનેક વિષયોની વાત કરતી કરી દેનારા શાયરોની ગણતરી કરતાં તરત જ ડૉ. ચિનુ મોદીનું નામ આવી જાય.

એમની ગઝલમાં નવી વાતની સાથેસાથે 'તગઝ્ઝુલ' (ગઝલ રંગ) પણ ભારોભાર છે. એમનું ચિંતન ગહન છે અને નવી ઉપમાઓથી એમની ગઝલ નખશીખ દીપી ઊઠે છે. અવારનવાર યોજાતા મુશાયરામાં ભાગ લઇને એમની વાતને સમજનારા શ્રોતાઓની દાદ મેળવે છે. મુશાયરાનું સંચાલન ખૂબ કુશળતાપૂર્વક સંભાળે છે.

મૂળ નામ ચિનુભાઈ ચંદુલાલ મોદી. ગઝલક્ષેત્રે પણ ચિનુ મોદી તરીકે જ ઓળખાય છે. વતન કડી, વિજાપુર (ઉ. ગુજ.) જન્મસ્થળ વિજાપુર (ઉ. ગુજ.). જન્મ તા. ૧૮–૧૦–૧૯૩૯. સોળ વર્ષની વયે સાહિત્યક્ષેત્રે પ્રવેશ કરીને આજ દિન સુધી અનેક પ્રકારનું સાહિત્ય એમણે સર્જ્યું છે અને ખંડ કાવ્યો ઉપર મહાનિબંધ લખીને એમણે પીએચ.ડી.ની ઉપાધિ મેળવી છે.

પદ્યાનુવાદમાં 'વસંત વિલાસ', નવલકથામાં 'શૈલા મજમુદાર', 'ભાવ-અભાવ' અને 'લીલા નાગ', કાવ્યસંગ્રહોમાં 'વાતાયન', 'ક્ષણોના મહેલમાં', 'ઊર્ણનાભ' અને 'નગરચર્યા', નાટકોમાં 'ડાયલનાં પંખીઓ' તથા 'કૉલબેલ' વગેરે પુસ્તકો આટલી ઉંમરમાં સર્જ્યાં છે. હાલ અમદાવાદની સ્વામીનારાયણ કૉલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક છે.

એમની કલમ ભીંતને પગ વગર ચલાવી શકે છે અને આંસુઓને કોરાં બતાવી શકે છે, દીવાલને જોઇને તે દીવાલ છે કે ફેલાતું જળ—એવો પ્રશ્ન પૂછી રહેલા, ઊંટની પીઠ ઉપર રેતને બેસાડનારા, ખરતાં પાંદડાંને અશ્રુ સારતી હવા તરીકે ઓળખાવનારા, સડકની જેમ ગભરાયા વિના ગઝલ-કેડી ઉપર ચાલી રહેલા આ નવજવાન શાયરના શે'રોનો આસ્વાદ લઈએ :

કોઈ ઇચ્છાનું મને વળગણ ન હો,
એ જ ઇચ્છા છે; હવે એ પણ ન હો.

∞

કદી આંસુઓનું લઈ રૂપ આવે
કદી ફૂલ પેઠે પરોવાય શબ્દો.
હતો મૌનનો એક સાગર છલકતો
કિનારે રહીને તરી જાય શબ્દો.

∞

તું મને મળતી ખરી પણ મન વગર
ઝાંઝવાં બનતાં સરોવરજળ વગર.
જ્યાં જઉં છું ત્યાં મને સામી મળે
ભીંત પણ ચાલી શકે છે પગ વગર.

∞

પવન જેવો થઈ કાયા વગર હું ચાલવા માંડયો,
અને મારા જ પડછાયા વગર હું ચાલવા માંડયો.
મદારી રાજમાર્ગે નાગને રમવા લઈ આવ્યો,
સડકની જેમ ગભરાયા વગર હું ચાલવા માંડયો.

∞

ભાગ્યની રેખા નથી કે હાથમાં જકડી શકો,
બંધ મુઠ્ઠી ખોલશો કે તુર્ત પકડાશે સમય.
મંઝિલે આવ્યા પછી પણ જો તમે થાકો નહિ,
તો પછી વેરાન પગલાં જેમ ભૂંસાશે સમય.

∞

શ્વેત દીવાલો ઉપર પડનાર પડછાયા ગયા,
ચોક વચ્ચોવચ પડેલાં મોરનાં પગલાં ગયાં.

મન હતું ખંડેર, સૂના જીર્ણ ઘરનું આંગણું
કોણ આવી આંગણે, રોકાઈ ક્ષણ, પાછાં ગયાં?
ઊંઘતું જાગે સરોવર એમ ના ઇચ્છયું હતું,
શું કરું? પ્રતિબિંબથી પણ જળ તરંગાતાં ગયાં!

∞

એક મોજું ક્યાં લગી કાંઠે રહી શકશે, કહો?
ખેર, હું તો એમ ઇચ્છું તું અહીં આવે, રહે.

∞

ઝાંઝવાંનાં મૃગ ઘણું દોડયાં, પરંતુ,
ચંદ્રને ક્યારે વળી સૂરજ મળે છે.

∞

દુર્દશાની આંગળી છોડી શકત
મુજથી પથરે ફૂલ મુકાયું નહિ.
લાખ ઇચ્છયું'તું કળીએ, તે છતાં
વાયરાથી સ્હેજ થોભાયું નહિ.
વાદળીની મનની મનમાં રહી ગઈ
જ્યાં ચહ્યું'તું ત્યાં જ વરસાયું નહિ.

∞

આંખની પ્યાલી ઘણી માદક હતી,
ઓઠ પ્યાસા, પણ સુરા બેશક હતી.
બેકરારી દિલ લઈ બેસી ગયું
આપને પણ આવવાની તક હતી.

∞

પાંદડાં ખરતાં રહ્યાં, ખરતાં રહ્યાં
અશ્રુઓ સારી રહી જાણે હવા.

એકકેય મારી ઝંખના પૂરી નથી થઈ
મારે મરણની ઝંખના જેવું નથી રહ્યું.

∞

તું હવાની જેમ અડકી ને પછી ચાલી ગઈ
પાંપણો ભીની થઈને પંથને તાકયા કરે.

∞

ક્યાંક અંધારું મને ઘેરી ન લે,
એ જ ભય ઘેરાય છે ક્યારેક તો.

∞

જિંદગી છે એક રેખા, મોતની રેખા બીજી
બે સમાંતર છે છતાં બંને મળી કાં જાય છે?
મોકળા મનના પવન પેઠે દશા તારી થશે,
તું વ્યથા તારી બધા આગળ ભલાં કાં ગાય છે.

∞

હું અવાચક સાવ મૂગો થૈ ગયો,
મેં હવાને સાંભળી વરસો પછી.
હાલ મુજ મનને પૂછો તો હું કહું
નાવ જળમાં ખળભળી વરસો પછી.

∞

બેસી જતી દીવાલને ખાળી શકાય ના
સૂના ઘરે પાછી તને લાવી શકાય ના.
મારા નસીબ તારલો થાઉં લખીશ ના,
કંઠે ભરાવી નાગને જાગી શકાય ના.

∞

હું જઉં તો ક્યાં જઉં આ શ્હેરમાં?
છે હવાભક્ષી ભુજંગો આંખના.
નામ પોતાનું લખે, ભૂંસે, લખે
આંધળી ભીંતે અપંગો આંખના.

∞

મારી ઉદાસ રાતનાં સપનાંઓ ક્યાં જશો?
મારાં નયન શી ક્યાંય તે ભીનાશ નહિ જડે.

∞

પુષ્પે સવારે બેસતાં મોતીને શોધતાં
કાંઠે ડૂબી જશો ને છતાં લાશ નહિ જડે.

∞

પાષાણે ટકરાયા છો? આંસુમાં ભિંજાયા છો?
ના કહેતાં શરમાયા નહિ? માણસ નહિ પડછાયા છો.

∞

એમનાથી વાત તો કરવી નથી.
પણ નજરને આંતરી શકતો નથી.
દર્દ મારું થાય ખુલ્લું, શું કરું?
શબ્દ એને સંઘરી શકતો નથી.
કાફિયા પેઠે જીવન બદલી શકત
પણ રદિફ નક્કી કરી શકતો નથી.

∞

આંખમાં ક્યારેક ઝૂકી સહેજ જો જોશો તમે
તો હવાની જેમ કાયાહીન દેખાશે સમય.
કાચબાની જેમ ધીમેથી સરકતો જાય છે,
તો મિલનટાણે હરણની જેમ કાં નાસે સમય?

∞

પથ્થરો પોલા નીકળશે શી ખબર?
મિત્ર બહુ ભોળા નીકળશે શી ખબર?
એમની આંખો ભીંજાઈ'તી ખરી,
આંસુઓ કોરાં નીકળશે શી ખબર?

વૃક્ષ-વેલ-પરિચય-૧૩
પારિજાતક



એક કથા છે કે સમુદ્રમંથન કરતાં તેમાંથી નીકળેલાં પાંચ માંહેનું એક દેવવૃક્ષ સત્યભામાની પ્રસન્નતા માટે શ્રીકૃષ્ણે ઈંદ્ર સાથે યુદ્ધ કરીને સ્વર્ગમાંથી પૃથ્વી પર આણેલું તે પારિજાતક.

મોગરો, ચમેલી, જાઈ વગેરેની જાતનું આ વૃક્ષ હિમાલયની તળેટીથી માંડી બ્રહ્મદેશ-સીલોન સુધી અને ૩૦૦૦ ફૂટની ઊંચાઇએથી માંડી અતિ ચીકણી જમીન સિવાય બધે ઊગે છે. લગભગ ત્રીસેક ફૂટ સુધી સીધા ઊગતા આ વૃક્ષની સીધી ડાળો પર સામસામે ગોઠવાએલાં, ઉપરની સપાટી પર શ્વેત રુંવાટીવાળાં, એકાદ ઇંચ લાંબી દાંડી પર બેથી ચાર ઇંચ લાંબાં ને એકથી અઢી ઇંચ પહોળાં, નીચેથી ગોળાઈ લઈ ટેરવે અણિયાળાં પાન હોય છે.

પણ જે થકી પારિજાતક અત્યંત લોકપ્રિય છે તે તો છે એનાં, વચ્ચે સુંદર કેસરી કુંડાળાવાળાં શ્વેત ટચૂકડાં અતિશય નાજુક ફૂલ. વર્ષામાં (અને ક્યાંક તો બારેમાસ) એ ખીલે છે ત્યારે એની મીઠી સુગંધથી રાતની હવા મદીલી બની રહે છે. સવાર થતાં તો એ ખરી પડી વૃક્ષ નીચે એની બિછાત થઈ જાય છે. આ ફૂલ ત્રણથી પાંચનાં ઝૂમખાંમાં શાખાને છેડે બાઝેલાં હોય છે. ડાળ હલાવતાં પણ એ ખરી પડે.

બાગ-બગીચાનું આ સોહામણું વૃક્ષ અન્ય રીતે પણ ઉપયોગી છે. ફૂલોનો કેસરી ભાગ જુદો કાઢી રેશમ રંગવાના કામમાં લેવાય છે. રુંવાટીવાળાં એનાં પાન લાકડાની ચીજો પર કાચકાગળની પેઠે ઘસવામાં પણ વાપરી શકાય છે. આ પાન રેચક અને કટુપૌષ્ટિક હોઈ તાજાં પાનના રસનાં ૧૦-૨૦ ટીપાં બાળકોને જુલાબ આપવામાં, તથા છ-સાત કુમળાં પાનને આદુ સાથે વાટીને કાઢેલો રસ આંતરિયા તાવમાં અપાય છે. બાળકોના પેટના કૃમિ માટે આ પાનનો રસ સાકર સાથે પાવો એ અકસીર ઈલાજ છે. રસ દાદર પર પણ લગાડાય છે. ધીમા તાપે બનાવેલો એનો ઉકાળો સંધિવામાં ગુણકારી છે. પાન-સોપારી સાથે પારિજાતકની છાલનો જરાક ભૂકો ખાવાથી ઘટ્ટ કફ છૂટો પડે છે.

આમ, ગુણ અને ગંધથી પૂર્ણ આ વૃક્ષને દેવવૃક્ષ ગણ્યું છે એ યથાર્થ છે. □



અર્ઘ્યજલી

હે માતૃભૂમિ! અમ પાવન પુણ્યનામ.
તારે પદામ્બુજથી અંકિત તે પ્રદેશ
હો મુક્ત રોગ ભય ને ક્ષયથી અશેષ,
દીર્ઘાયુ આ શિશુક સૌ તવ હો! એ અનુગ્રહે
સન્નિષ્ઠ અંગ મન જાગ્રત તો સદા રહે,
મુહીશું મોત ધરી સજ્જ સમર્પી સર્વ,
સંરક્ષણે બલિ થકી અમ ધન્ય પર્વ!

(અથર્વ વેદ) —પિનાકિન ઠાકોર

ગુજરાતના શિક્ષક-રત્ન કરુણાશંકર ભટ્ટ

ગાંધીજીએ જેમને 'ગુજરાતનું રત્ન' કહીને બિરદાવેલા એ સાધુચરિત, સર્વોત્કૃષ્ટ શિક્ષક સ્વ. કરુણાશંકર કુબેરજી ભટ્ટની જન્મશતાબ્દી નિમિત્તે ગઈ તા. ૧૯મી ઑગસ્ટે એમના જીવનની સંસ્કારસૌરભનો સ્પર્શ પામેલા બહોળા વર્ગે એમને અનેક રીતે અંજલિ આપી. ઇ. ૧૯૪૩માં ૭૦ વર્ષની વયે એમનું અવસાન થયા બાદ આજ ત્રણ દાયકાના અનેકરંગી પલટાઓ પછી યે શિક્ષણ અને પોતાના આભિજાત્ય દ્વારા એમણે પ્રસારેલો સંસ્કાર-વારસો હજી વિસરાયો નથી, એ એમણે સ્વીકારેલા અને ખેડેલા એમના જીવનકાર્યની દૃઢતાનો દ્યોતક છે.

ભાદરણ (તા. બોરસદ) મુકામે મોસાળમાં ઈ. ૧૮૭૩ની ૧૯મી ઑગસ્ટે એમનો જન્મ થએલો. ઈ. ૧૮૯૩થી ૧૯૦૮ એમ પંદર વર્ષ એમણે વડોદરા રાજ્યની સરકારી ગુજરાતી શાળાઓમાં શિક્ષણ આપ્યું. એ સાથોસાથ કોસિંદ્રા અને ગંભીરામાં વિદ્યાર્થીઓ તેમજ એમના વાલીઓમાં શિક્ષણ અને સંસ્કારમય જીવનની અભિરુચિ વિકસાવેલી. આ પછી સ્વ. મોતીભાઈ અમીનના આગ્રહથી પેટલાદની માધ્યમિક શાળામાં મૅટ્રિકના વર્ગમાં ગુજરાતીના શિક્ષક તરીકે તેઓ જોડાયા અને એ વિદ્યાલય તથા છાત્રાલયની ખ્યાતિ ચોપાસ ફેલાવી. ઈ. ૧૯૧૫થી અમદાવાદમાં શેઠ અંબાલાલ સારાભાઈનાં બાળકોના સર્વાંગી શિક્ષણનો ભાર વર્ષો સુધી એમણે ઉપાડેલો. કોસિંદ્રા-કાશીપુરા-ચિખોડા અને આસપાસનાં ગામોમાં બાળકોમાં ઉચ્ચ શિક્ષણ, ઉચ્ચ વિચાર અને ઉચ્ચ જીવનની ભાવના વિકસાવવા એમણે ગુરુકુલની ઢબનો એક આશ્રમ પણ સ્થાપેલો. છેવટે તેઓ મુંબાઇના શેઠ તુલસીદાસ કીલાચંદનાં બાળકોનાં શિક્ષણ-સંસ્કારની જવાબદારી સંભાળતા હતા. આમ, અર્ધી સદી જેટલાં વર્ષોની એમની શિક્ષણસેવાથી અનેકોનાં જીવનને એક સુંદર ઘાટ મળ્યો હતો.

પોતાના ગુરુ મણિશંકર ર. ભટ્ટ (કવિ 'કાન્ત'), ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુર, મહાત્મા ગાંધીજી અને આચાર્ય ક્ષિતિમોહન સેનના પ્રભાવને એમણે પોતાના જીવનમાં ઊંડે સુધી ઉતાર્યો હતો. એમને મન ખરી કેળવણી નિયત અભ્યાસક્રમ કે વર્ગની દીવાલોનાં ચોકઠાંમાં સીમિત નહોતી. વિદ્યાર્થીની સમસ્ત જીવનદૃષ્ટિને આવરીને એના સંસ્કાર-જીવનના ઘડતરમાં પાયારૂપ બની રહેવામાં જ એમને શિક્ષણની સાર્થકતા સમજાતી. વિદ્યાર્થીઓનાં જીવનમાં એમના વાલીઓનો પણ પ્રભાવ પડે એ હેતુથી તેઓ વાલીઓની જીવનદૃષ્ટિને પણ સંસ્કારવા સદા પ્રવૃત્ત રહેતા. જીવનમાં જ્ઞાનસંચયને પુરસ્કારવા સાથે નીતિમત્તાને એમણે એનાથી યે ઊંચું સ્થાન આપ્યું હતું.



પોતાના બહોળા વિદ્યાર્થીવર્તુળમાં તેઓ 'માસ્તર', 'ગુરુજી' કે 'મોટા ગુરુજી' તરીકે ઓળખાતા, પણ એમની સાથેનો એમનો સંબંધ કેવળ શિક્ષક-વિદ્યાર્થીનો ન રહેતો.

જહાજ-વ્યવહાર માટેની દુનિયાની મુખ્ય નહેરો

નામ અને સ્થાન	ખુલ્લી મુકાયાનું વર્ષ	લંબાઈ (માઈલમાં)	ઓછામાંઓછી પહોળાઈ (ફૂટમાં)	ઓછામાંઓછી ઊંડાઈ (ફૂટમાં)
૧) સાં લૉરાં (સેઈન્ટ લૉરેન્સ) સી-વે: કૅનેડા અને યુ. એસ. એ.માં મૉન્ટ્રીઅલ અને ઑન્ટેરીઓ સરોવરને જોડતી	૧૯૫૯	૧૮૨	૧૭૫	૨૭
૨) સુએઝ*: ઇજિપ્તમાં ભૂમધ્ય સમુદ્ર અને સુએઝના અખાતને જોડતી	૧૮૬૯	૮૯	૫૨૫	૪૪
૩) કીલ: જર્મનીમાં ઉત્તર સાગર અને બાલ્ટિક સમુદ્રને જોડતી	૧૮૯૫	૫૩.૩	૩૪૧	૩૬
૪) પનામા: પનામામાં આટલાંટિક અને પૅસિફિક મહાસાગરને જોડતી	૧૯૧૪	૫૧.૨	૫૦૦	૪૦
૫) માંચેસ્ટર શિપ: ઈંગ્લૅન્ડમાં માંચેસ્ટર શહેર અને મર્સી નદીના મુખને જોડતી	૧૮૯૪	૩૧	૧૩૦	૨૮
૬) વેલૅન્ડ: કૅનૅડામાં ઓન્ટેરીઓ અને આયર સરોવરને જોડતી	૧૯૩૨	૨૭	૩૧૦	૨૭
૭) ટેર્ન્યુઝેન ગેન્ટ: નેધરલૅન્ડ્સ ને બેલ્જીઅમમાં શેલ્ડ નદી અને ગેન્ટ શહેરને જોડતી	૧૮૨૭	૨૦	૪૯૨	૪૧
૮) કેઈપ કૉડ: યુ. એસ. એ.માં બઝાર્ડ બે અને કેઈપ કૉડ બેને જોડતી	૧૯૧૪	૧૭.૪	૫૪૦	૩૨
૯) ચેસપીક ઍન્ડ ડેલવર: યુ. એસ. એ.માં ચેસપીક બે અને ડેલવેર નદીને જોડતી	૧૮૨૯	૧૩	૨૫૦	૨૭
૧૦) નૉર્થ સી: નેધરલૅન્ડ્સમાં ઉત્તર સાગર અને આમસ્ટર્ડામને જોડતી	૧૮૭૬	૧૨	૬૫૦	૪૯.૨
૧૧) કૉરિન્થ: ગ્રીસમાં એજીઅન અને કૉરિન્થના અખાતને જોડતી	૧૮૯૩	૩	૭૨	૨૬
૧૨) સૂ સેન્ટ મેરી: યુ. એસ. એ. અને કૅનૅડામાં હ્યુરન ને સુપિરીઅર સરોવરોને જોડતી	૧૮૫૫	૧.૬	૧૦૦	૨૭

* હાલમાં આરબ-ઈઝરાએલ યુદ્ધસ્થિતિને કારણે ઈઝરાએલના કબજામાં સુએઝની નહેર બંધ છે

વિદ્યાર્થીઓના તેઓ એક વડીલ આપ્તજન સમા હતા. રજાઓમાં ઘેર નહિ ગએલા અનેક છાત્રોને એમણે પોતાને ઘેર જમાડીને એમની મૂંઝવણો ટાળી હતી. પોતાના બીમાર વિદ્યાર્થીઓને જોવા એમણે બહારગામની પણ ખેપો ખેડી હતી. શિક્ષણ એ એમનો ધર્મ હતો. એ બળવતાં વેઠવાં પડેલાં બધાં દુ:ખોને એ શિવના વિષની જેમ ઘોળી પી જતા.

ખરા અર્થમાં ગુરુ એવા એ પત્નીપરાયણ પતિ, સંતાનવત્સલ વડીલ, વિદ્યાવ્યાસંગી વિદ્યાર્થી, ગુરુભક્ત શિષ્ય અને શિષ્યભક્ત ગુરુ, સમભાવી વફાદાર મિત્ર, અતિથિપ્રિય યજમાન, સેવાપરાયણ સેવક અને દેશપ્રેમી નાગરિક હતા.

હીન અને ઓશિયાળા ગણાતા શિક્ષણકાર્યને એમણે પોતાની ઉચ્ચ શક્તિઓથી ગૌરવવંતું રાખેલું. મોટા ક્રોડપતિઓના સતત સમાગમમાં રહેવા છતાં એમણે કદી દૈન્ય કે પરાધીનતા બતાવ્યાં નહોતાં. એક શિક્ષકના હક્કની સ્વતંત્રતા એમણે ભોગવી હતી ને પોતાના સત્ત્વથી સમાજના અનેક સ્તરોમાં અનન્ય પ્રતિષ્ઠા ભોગવી હતી. (સંકલિત)

સુએઝ-પનામા પછીની ત્રીજી મોટી નહેર

સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને વર્લ્ડ બૅન્કની સહાયથી ધી ઇસ્ટ આફ્રિકન હાર્બર્સ કૉર્પોરેશન કિન્યા એક નવા બંદર માટે મોજણી કરી રહ્યું છે. મોમ્બાસાની ઉત્તરે માલિન્દી નજીકની સાગર કંઠાર પર આ નવું બંદર બંધાવાનો સંભવ છે. આજે યુગાન્ડાનો સાગર માર્ગે ચાલતો વિદેશ વ્યાપાર મોટા ભાગે મોમ્બાસા માર્ગે થાય છે. તેના ભાવિ વિકાસ સાથે સંભવ છે કે મોમ્બાસા બંદર કદાચ એ માટે નાનું પડશે. આ નવા બંદરથી કિન્યાનો સાગર સાથેનો સીધો સંપર્ક સધાતાં નવા ઉદ્યોગોનો વિકાસ પણ શક્ય બની ઘણી વધુ પ્રગતિ સાધી શકાશે.



પણ જળમાર્ગના વિકાસના ક્ષેત્રે આથી એ ઘણી મોટી અને મહત્ત્વની એક વિશાળ યોજના પૂર્વમાં આકાર લઈ રહી છે. આમ તો એ લગભગ બે સદી જૂનું સ્વપ્ન છે, પણ હમણાં ગઈ ૧૨મી જુલાઈએ તોકિયોમાં આ અંગે એક આંતરરાષ્ટ્રીય બેઠક મળી ગઈ જેનો અહેવાલ સપ્ટેમ્બરમાં રજૂ થઈ જશે અને તદનુસાર થાઈલૅન્ડમાં ભૌગોલિક દૃષ્ટિએ સૌથી ઓછા પહોળા વિસ્તાર—ઈસ્થમસ ઑવ ક્રા (ક્રા સંયોગીભૂમિ)માં હિંદી મહાસાગર અને સિયામના ઉપસાગર તથા દક્ષિણ ચીની સાગરને જોડતો એક પચાસ માઈલ લાંબો 'ક્રા કૅનાલ' નામે નવો જળમાર્ગ રચાશે. અહીંની ખડકાળ ભૂમિને કોરવા અણુધડાકાનો (પ્રથમ મોટો શાંતિમય) ઉપયોગ થશે. આ નહેરના બંને છેડે મોટાં બંદરો પણ વિકસાવાશે. આજનાં બધાં મોટાં જહાજો તથા દસ લાખ ટન જેટલું તેલ લઈ જઈ શકે તેવાં ભવિષ્યનાં તેલવાહક જહાજો આ ક્રા કૅનાલમાંથી પસાર થઈ શકે તેટલી તેની પહોળાઈ અને ઊંડાઈ રખાશે. (જુઓ નીચે નકશો)


સુએઝ અને પનામાના જળમાર્ગ પછી જહાજત અને આંતરરાષ્ટ્રીય વ્યાપારના ક્ષેત્રે આ ક્રા કૅનાલ પણ એટલા જ મહત્ત્વની બની રહેશે. અગ્નિ એશિયાના સમગ્ર વિસ્તારના વિકાસની શક્યતાઓ વધવા સાથે આ જળમાર્ગથી પશ્ચિમ એશિયાનાં તેલક્ષેત્રોમાંથી જાપાનને તેલ લઈ જવાનું ઘણું સરળ બની જશે.

ભારતમાં બાગબાની

આપણી પૌરાણિક કથાઓમાં વૃક્ષવીથિઓ, પુષ્પવૈવિધ્ય ને ઉપવનોનાં અનેક સુંદર વર્ણનો છે. આજના આપણા રાષ્ટ્રીય પુષ્પ કમળ પ્રત્યેનો આપણો આદર પણ ઘણા પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. મોગલ બાદશાહોના બાગ પણ વિખ્યાત છે. બ્રિટિશ શાસનમાં પણ દેશમાં કેટલાંક સ્થળે અભ્યાસની દૃષ્ટિએ વનસ્પતિ-ઉદ્યાનો બન્યા છે. ફ્રેંચ શાસકોએ પણ પોતાના અહીંના પ્રદેશમાં કેટલાક બાગ બનાવ્યા હતા. ભૂતકાળ આ દિશામાં જે કંઈ થયું તેને જાળવી રાખવા સાથે સ્વાતંત્ર્ય પછી આપણે પણ એમાં નવો ઓપ આપ્યો છે. દિલ્હીમાંના મુગલ કાળના ઐતિહાસિક રોશનઆરા બાગને તદ્દન નવું રૂપ આપી હાલ તાજેતરમાં તાજમહાલ પાસે શ્વેત ફૂલોવાળો એક ખાસ બાગ બનાવવાનું નક્કી થયું છે. તેને ૫૦ એકર જેટલામાં વિસ્તાર્યો છે એ એનું એક સુંદર ઉદાહરણ છે.

બ્રિટિશ શાસન દરમિયાન આપણી બાગબાનીમાં મોસમી ફૂલક્યારીઓવાળા બગીચાઓનો પ્રચાર થયો, આમાંથી મોટાં શહેરોમાં પુષ્પ-

આ માસના આકાશમાં] ૯ [સપ્ટેમ્બર-ઑકટોબર



વિષુવવૃત્તથી વધુમાં વધુ દક્ષિણે ઢળી આજે જેમ ૨૨મી ડિસેમ્બરે સૂર્ય ધનુ રાશિમાંથી ઉત્તરાયન આરંભે છે તેમ દોઢ હજાર વર્ષ પૂર્વે નહોતું થતું. ત્યારે સૂર્યનું દક્ષિણતમ અયન મકર રાશિમાં થઈ ત્યાંથી તેનું ઉત્તરાયન આરંભાતું હતું. એટલે ત્યારે મકરસંક્રાંતિ અને ઉત્તરાયન વચ્ચે સમયનો આજે છે એ તફાવત નહોતો. આજે સૂર્ય ૨૨મી ડિસેમ્બરે ધનુ રાશિમાંથી ઉત્તરાયન આરંભી ૧૪મી જાન્યુઆરીએ મકર રાશિમાં પ્રવેશે છે. સૂર્યનો આ મકર-પ્રવેશ તે મકરસંક્રાંતિ. આમ, ઉત્તરાયન ૨૨મી ડિસેમ્બરે અને મકરસંક્રાંતિ ૧૪મી જાન્યુઆરીએ થાય છે. સૂર્યનો અયનમાર્ગ વિષુવવૃત્તથી દક્ષિણે વધુમાં વધુ ૨૩॥ અંશ દૂર અને મકર રાશિમાંથી પસાર થતો હોઈ પૃથ્વી પર વિષુવવૃત્તથી ૨૩॥ અંશ દૂર કલ્પેલી એક સમાંતર વૃત્તરેખાને મકરવૃત્ત નામ અપાયું.

(આ જ રીતે ઉત્તરમાં કર્કવૃત્ત.) પણ હવે સૂર્યમાર્ગ પર દક્ષિણતમ રાશિ ધનુની આવતી હોઈ ખરી રીતે તો તેને આજે મકરવૃત્તને બદલે ધનુર્વૃત્ત કહેવું જોઈએ.

ધનુ પછીની એટલે કે રાશિચક્રમાં દસમી રાશિ મકર (Capricorn)ની છે. ઉત્તરાષાઢા, શ્રવણ અને ધનિષ્ટા નક્ષત્રનો તેમાં સમાવેશ છે. બેએક તારાને બાદ કરતાં મકર રાશિના બધા તારા નિસ્તેજ છે, પણ હોડી આકારની એની રચના પરથી આકાશમાં આ રાશિને સહેજ પ્રયત્ન કરતાં પકડવી અઘરી નથી. મકર રાશિમાં અજમુખ મત્સ્ય (બકરો+માછલી) જેવી આકૃતિની કલ્પના પાછળનું કારણ સ્પષ્ટ નથી. મકર એટલે મગર. એ રીતે આ રાશિમાં મગરની આકૃતિ પણ ઘણા કલ્પે છે. એક કલ્પના એવી પણ છે કે આ રાશિની ઉત્તરે એન.જી.સી. ૭૪૭૯-ની સંજ્ઞાથી ઓળખાતી એક નિહારિકાનો દેખાવ પાણીમાં તરતા મગરના મુખ જેવો છે એ પરથી કદાચ આ તારામંડળને મકરનું નામ અપાયું હોય.

સપ્ટેમ્બર માસનો ખગોળ સાથે એક બીજો પણ સંબંધ છે. આ માસની ૨૩મી તારીખે શરદસંપાત થાય છે. ખગોળની દૃષ્ટિએ ત્યારે દિવસ-રાત સરખાં હોય છે. 'ખગોળની દૃષ્ટિએ' એટલા માટે કે પ્રત્યક્ષ રીતે તો પૃથ્વી પરથી વક્રીભવનને કારણે ખરા સૂર્યોદય પહેલાં બે મિનિટ અને સૂર્યાસ્ત સમયે બે મિનિટ પછી સૂર્ય દેખાતો હોવાથી એ કુલ ચાર મિનિટ અને સૂર્યના મધ્યબિંદુને બરાબર ક્ષિતિજની ધારે આંબવાની બંને વખતની એકએક મિનિટ મળી કુલ છ મિનિટના હિસાબે દિવસ ૧૨ કલાક અને ૬ મિનિટનો થાય. આ રીતે બરાબર બાર કલાકનો દિવસ તો ૨૭મી સપ્ટેમ્બરે જોવા મળે. □

પ્રદર્શનો યોજાતાં થયાં. ઈ. ૧૯૫૯માં ભારતની રોઝ (ગુલાબ) સોસાયટી સ્થપાઈ અને કેવળ ગુલાબની વિવિધ જાતનાં ખાસ પ્રદર્શનો પણ યોજાવા લાગ્યાં. આજે આપણા બાગબગીચાઓમાં ૫૫ જાતનાં સપુષ્પ વૃક્ષો, ૮૦ જાતની ફૂલઝાડીઓ, ૩૦ જાતના કંદમૂળવાળા છોડ અને ૧૫૦ ઉપરાંત વિદેશી વૃક્ષછોડ તથા મોસમી ફૂલો અને સંખ્યાબંધ પ્રકારનાં ગુલાબ ઉગાડાય છે. વળી, ૯૬ જાતના વિવિધ વેલાઓ અને વિશિષ્ટ



આકાર, ખાસિયત અને રંગ-કદભેદવાળા થોર, ક્રિસેન્થેમમ, ર્‌હોડોડેન્ડ્રોન્સ, ઑરચિડ વગેરે પણ હવે ઘણાં લોકપ્રિય બન્યાં છે.

ઈ. ૧૯૫૦માં સ્વ. ક. મા. મુનશીએ આરંભેલી વનમહોત્સવની પ્રવૃત્તિ હવે એક ઝુંબેશરૂપ બની ગઈ છે જેમાં ભારતીય પદ્ધતિના બાગ બનાવવાની પણ યોજના છે. ઈ. ૧૯૫૪માં પાકિસ્તાનની બાગાયાત સોસાએટીએ કરાચીમાં એક પુષ્પપ્રદર્શન યોજેલું. તેના આંતરરાષ્ટ્રીય વિભાગમાં ભારતને બીજું સ્થાન મળ્યું ત્યારે વિશ્વભરમાં આશ્ચર્ય ફેલાયું હતું. આ વિજયથી પ્રેરાઈ આપણે ત્યાં ફૂલો-ખાસ કરીને ગુલાબ ઉગાડવાની પ્રવૃત્તિને વધુ વેગ મળ્યો. ૧૯૫૫ થી '૬૦ દરમિયાન બાગાયાત સમિતિની પ્રવૃત્તિને ફળો, શાકભાજી અને ફૂલ-સંવર્ધન એમ ત્રણ વિભાગમાં વહેંચી નાખી એ અંગેનાં સંશોધનોનું મહત્ત્વ વધારવામાં આવ્યું. કાપેલાં ફૂલોના વેચાણનો તો એક સારો વ્યવસાય બન્યો છે. એક મોજણી દરમિયાન જાણવા મળ્યું કે એમાં વર્ષે ૯૨૬ લાખ રૂપિયાની હેરફેર થઈ હતી. આમાં ૧૦,૪૬૦ મેટ્રિક ટન જેટલાં ગુલાબ, જસ્મિન, મેરીગોલ્ડ, ક્રિન્સેન્થેમમ, ગ્લેડીઓલા, કમળ અને એસ્ટરનો સમાવેશ થાય છે. ૭૪૬૫ એકર વિસ્તારમાં એ ઉગાડાયાં હતાં. વર્ષે આપણે પાંચથી દસહજાર કાપેલાં ગુલાબ પરદેશ મોકલીએ છીએ.

ઈ. ૧૯૬૧માં જાપાની પદ્ધતિના બાગ બનાવવા માટે ત્યાંથી નિષ્ણાતોની એક ટુકડી ભારત આવી હતી. ઈ. ૧૯૬૫ સુધીમાં દિલ્હીના રોશનઆરા બાગમાં ૨૦ એકર વિસ્તારમાં જાપાની શૈલીનો બાગ વિકસાવવામાં આવ્યો. તે પછી દિલ્હીમાં ૧, સફદરગંજ રોડ (વડા પ્રધાનનું

XXIX

GADSBY WAS WALKING back from a Visit down in Branton Hills' manufacturing district on a Saturday night. A busy day's traffic had had its noisy run; and with not many folks in sight, His Honor got along without having to stop to grasp a hand, or talk; for a Mayor out of City Hall is a shining mark for any politician. And so, coming to Broadway, a booming bass drum and sounds of singing, told of a small Salvation Army unit carrying on amidst Broadway's night shopping crowds, Gadsby, walking toward that group, saw a young girl, back towards him, just finishing a long, soulful oration, saying!—

". . .and I can say this to you, for I know what I am talking about; for I was brought up *in a pool of liquor !!"*

As that army group was starting to march on, with this girl turning towards Gadsby, His Honor had to gasp, astonishingly :—

"Why ! Mary Antor !!"

"Oh ! If it isn't Mayor Gadsby ! I don't run across you much, onw-a-days. How is Lady Gadsby holding up during this awful war?"

[201]

સંસ્કૃત ભાષાના સાહિત્યમાં વિવિધ પ્રકારની ભાષાચાતુરીનાં સંખ્યાબંધ દૃષ્ટાંતો ઉપલબ્ધ છે. પણ ઈ. ૧૯૩૯માં પ્રકટ થએલી એક અંગ્રેજી નવલકથા 'ગૅડ્ઝબી'ના આ એક પાનામાં છે તેમ એ સમગ્ર કથાના ૫૦,૦૦૦થી યે વધુ શબ્દોના વિસ્તારમાં તેના લેખક અર્નેસ્ટ વિન્સન્ટ રાઈટે એક પણ શબ્દ એવો નથી વાપર્યો કે જેમાં અંગ્રેજી મૂળાક્ષર 'e' વપરાતો હોય, અને છતાં એના લખાણમાં વ્યાકરણ કે અર્થનો ક્યાંયે દોષ નથી.

ꩠ

નિવાસસ્થાન) તથા ગુજરાત ભવનમાં 'રૉક ગાર્ડન'ની રચના પણ થઈ. આ પછી તો દેશમાં જાપાની શૈલીના બાગે અને જાપાની પુષ્પસજાવટ-'ઈકેબાના'એ ઘણી લોકપ્રિયતા મેળવી છે. વૃક્ષોને કૃત્રિમ રીતે વામન સ્વરૂપ શોભન રૂપે વિકસાવવાની જાપાનની 'બોનસાઈ'ની રીત પણ ભારતમાં ઘણી ચાહના પામી છે, જેમાં દિલ્હીના વી. પી. અગ્નિહોત્રીએ ભારતમાં ઉપલબ્ધ વનસ્પતિની ૧૩૦ જાતોના લગભગ ૬૦૦ જેટલા બોનસાઈ વિકસાવીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ મેળવી છે.

આ ઉપરાંત હમણાં હમણાં અનૌપચારિક આયોજન માટેનો પ્રેમ અને અનિયમિતતાની ફૅશનને પણ વેગ મળી રહ્યો છે. જેમાં કુદરતી સૌંદર્યને તેના યથાતથ સ્વરૂપમાં રજૂ કરવાનો પ્રયત્ન છે. આવા મોસમી પુષ્પછોડની અનૌપચારિક રચનાવાળા એક બાગનું ચિત્ર પાછળ આપ્યું છે.

ટિટાન

- શનિના નવ ચંદ્રોમાંના સૌથી મોટા 'ટિટાન' પર તદ્દન આદિ સ્વરૂપની જીવસૃષ્ટિનો સંભવ હોવાનું વિજ્ઞાનીઓ માને છે. ઈ. ૧૯૪૪માં શોધાએલા શનિના આ ઉપગ્રહનાં નવાં નિરીક્ષણોમાં જણાયું છે કે અગાઉ મનાતું હતું એ કરતાં તેનું ઉષ્ણતામાન વધુ છે અને તે બે અબજ વર્ષ પહેલાંના પૃથ્વીના ઉષ્ણતામાન જેટલું ગણી શકાય. પૃથ્વી પર એ સમયે જીવસૃષ્ટિનો પ્રારંભ થયો હતો એટલે સંભવ છે કે ટિટાન પર હવે આદિ જીવન આકાર લઈ રહ્યું હોય.

ગણિતગમ્મત

૬ (છગડા)ની વિચિત્રતા

૬, ૬૬, ૬૬૬ એ ત્રણ સંખ્યા માત્ર '૬'ના ઉપયોગથી બનેલી હોઈ એ ત્રણે સંખ્યા ક્રમિક સંખ્યાનો સરવાળો બતાવે છે.

૬ = (૧ + ૨ + ૩)

૬૬ = (૧ + ૨ + ૩ + ૪ + ૫ + ૬ + ૭ + ૮ + ૯ + ૧૦ + ૧૧)

૬૬૬ = (૧ + ૨ + ૩ + ૪ + ... + ૩૬)

(૩૬ × ૩૭) ÷ ૨ = ૧૮ × ૩૭ = ૬૬૬ છે.

વળી, ૬, ૬૬, ૬૬૬ આ ત્રણ સંખ્યાઓ સાથે સાથે મૂકવાથી ૬૬૬૬૬૬ થશે અને એ ૩૭ વડે વિભાજ્ય છે. કારણ કે ૧૧૧૧૧૧ આમ છ એકડાની સંખ્યા ૩૭ વડે વિભાજ્ય છે. માટે ૬૬૬૬૬૬ એ પણ ૩૭ વડે વિભાજ્ય હોઈ શકે મતલબ કે ૬૬૬૬૬૬ ને ૩૭ વડે નિઃશેષ ભાગી શકાય છે, ૧૧૧ એ ત્રણ એકડાની સંખ્યા ૩૭ વડે વિભાજ્ય છે. ૧૧૧ = ૩૭ × ૩. આ પરિણામ ઉપરથી ૬૬૬૬૬૬ નું ઉપર મુજબનું પરિણામ નક્કી થઈ શકે છે.

—એમ. એન. ખત્રી

ꩠ

ℂ બ્રિટનના નૅશનલ કોલ બોર્ડનું સ્ટૉક આર્ચાર્ડ સંશોધન-કેન્દ્ર એક એવી પ્રક્રિયા વિકસાવી રહ્યું છે જેમાં તેઓ પ્રવાહી જેવા સ્વરૂપના ગૅસમાં કોલસાને ઓગાળી તેમાંથી કણો જેવો અત્યંત શુદ્ધ કોલસો તારવી શકશે, જે ઇલેક્ટ્રોડ માટે કાર્બન, રેઝિન અને પ્લાસ્ટિક જેવી વિવિધ ઉપયોગી ચીજો બનાવવામાં કામ લાગશે. આ શુદ્ધ કોલસાની તારવણી પછી વધેલા પદાર્થમાંથી બનાવેલો બાળેલો કોલસો વધુ મજબૂત હોઈ ધાતુસંશોધનનાં કાર્યોમાં ખપ લાગશે.

શતરંજના વિશ્વવિજેતાઓ : ડૉ. મિખાઇલ બોટવીનિક

ઈ. ૧૯૪૬માં તે વખતના વિશ્વવિજેતા ડૉ. અલેખાઈન અને ડૉ. મિખાઈલ બૉટવીનિક વચ્ચે વિશ્વવિજેતાપદ માટે આહ્વાન (challenge) મૅચ ગોઠવાઈ હતી. તેની શરતો નક્કી થઈ ત્યાં જ ડૉ. અલેખાઈનનું અવસાન થયું, પરિણામે શતરંજના આંતરરાષ્ટ્રીય મંડળે (FIDEએ) તે સમયના છ અગ્રણી ખેલાડીની ટુર્નામેન્ટ યોજી હતી. એ છ હતા – રશિયાના ડૉ. મિખાઈલ બૉટવીનિક, વાસિલી સ્માયસ્લૉવ અને અને પોલકેરિસ, અમેરિકાના રૂબન ફાઈન અને સેમ્યુઅલ રેશેવ્સ્કી અને હોલૅન્ડના (ભૂતપૂર્વ વિશ્વવિજેતા) ડૉ. મૅક્સ યુવે. આમાંથી સંજોગવશાત ફાઈન ન રમી શકતાં બાકીના પાંચેય ખેલાડી બીજા ચારેય સાથે પાંચપાંચ રમતની ટુર્નામેન્ટ રમ્યા. આ ૨૦ માંથી ૧૪ પોઈન્ટ મેળવી બોટવીનિક વિશ્વવિજેતા બન્યા.

વચ્ચેનાં બે વર્ષ બાદ કરતાં ૧૯૪૮ થી '૬૩ સુધી બોટવીનિકે એ વિશ્વવિજેતા પદ જાળવી રાખ્યું. આ સમય શતરંજના ઇતિહાસમાં 'બોટવીનિક યુગ' તરીકે ઓળખાય છે. ૧૯૪૮ પછી દર ત્રણ વર્ષે નિયમિત રીતે વિશ્વવિજેતા-પદ માટેની મૅચ રમાય છે. ૧૯૫૧માં ડૅવિડ બ્રોન્સ્ટાઈન અને ૧૯૫૪માં વાસિલી સ્માયસ્લૉવ સામેની મૅચ ૧૨-૧૨ પૉઈન્ટથી ડ્રૉ થતાં status quo નિયમ પ્રમાણે તેઓ વિશ્વવિજેતા રહ્યા. ૧૯૫૭માં તેઓ સ્માયસ્લૉવસામે હાર્યા, પણ બીજે જ વર્ષે વળતી મૅચમાં જીતીને પદ પાછું મેળવ્યું. ૧૯૬૦માં મિખાઈલ ટાહલ સામે હાર્યા ૧૯૬૧માં ફરી વાર વિશ્વવિજેતા પદ પાછું મેળવ્યું. ૧૯૬૨માં તેઓ ટીગ્રન પૅટ્રોસ્યન સામે હાર્યા. ત્યાં સુધીમાં FIDE એ વળતી મૅચની પ્રથા નાબૂદ કરી હતી. એટલે ડૉ. બોટવીનિક શતરંજમાંથી નિવૃત્ત થયા. ૧૯૬૧માં ૫૦ વર્ષની વયે તેનાથી અર્ધી (૨૫) વયના ટાહલને હરાવીને એમણે પોતાની શક્તિનો પરિચય આપ્યો હતો.

બોટવીનિક વિશ્વવિજેતા પદ માટેની સાત આહ્વાન મેચ રમ્યા હતા. જેની વિગત સામેના કોઠામાં આપી છે:

બોટવીનિક શરૂઆતની અમુક જ પદ્ધતિ અપનાવતા, પણ તેમાં તેઓ નિષ્ણાત ગણાતા. તેમની રમતમાં ઊંડી વ્યૂહરચના વધુ જોવા મળતી. પરિસ્થિતિને ધીરેધીરે પોતાને પક્ષે સબળ બનાવવામાં અને અંતના તબક્કામાં તેનો લાભ લેવામાં તેઓ ઘણા ચતુર હતા. તેઓ ઇલેક્ટ્રૉનિક્સમાં ડૉક્ટરેટની ડીગ્રી ધરાવતા હોઈ એક વૈજ્ઞાનિક જેમ વિજ્ઞાનનો અભ્યાસ કરે તેમજ તેઓ શતરંજનો અભ્યાસ કરતા.

અહીં આપણે જ્યારે તેઓ નવાનવા મહા-ઉસ્તાદ થયા હતા ત્યારે ઈ. ૧૯૩૫માં રમાએલી એમની એક ટૂંકી રમત જોઈશું. આ રમતમાં તેઓનાં સફેદ મ્હોરાં હતાં.

1 P–Q4; 2 P–QB4, P–Q4; 3 N–KB3, B–K2; 4N–B3 N–KB3; 5 B–N5, 0–0; 6 P–K3, PQR3; 7 P×P, P×P; 8 B–Q3, P–B3; 9 Q–B2, QN–Q2; 10 P–KN4!

હવે તેઓ 11 B×N, N×B; 12 P–N5 પછી 13 B×Pchથી પ્યાદું જીતવાની ધમકી આપે છે. તેમાંથી બચવા કાળો પ્યાદું સ્વીકારે છે અને સફેદનો હુમલો થોડી વારમાં મજબૂત થાય છે.

10 ..., N×P; 11 B×Pch, K–R1; KB–B4, QN–B3. અહીં 12..., P–KN3? થી કાળો સફેદનો ઊંટ ફસાવવા પ્રયત્ન કરે તો 13 B×P, P×B; 14 Q×P પછી સફેદનો હુમલો વધુ જોર પકડે.

13 B–Q3, N–R4; 14 P–KR3, N(5)–B3; 15 B–K5, N–N1; 16 0–0–0, N–R3; 17 QR–N1, B–K3; 18 Q–K2! B–KB4?

લગભગ સરખી લાગતી સ્થિતિમાં હવે સફેદ બહુ જ જલ્દી જીત મેળવે છે. કાળાના R4 પરના ઘોડાને કોઈનું રક્ષણ નથી તેનો લાભ બોટવીનિક તુરત જ લે છે.

19 B×B, N×B; 20 N–R4!



કાળાના બન્ને ઘોડા હવે રક્ષણ વિનાના છે. અને તેમની ઉપર હુમલો છે. બોટવીનિકનો સફેદ ઘોડો પણ રક્ષણ વિનાનો અને જેના પર કાળાનો સંપૂર્ણ કાબૂ છે એવા ખાના ઉપર આવ્યો છે. (જુઓ સાથેની આકૃતિ) આ સ્થિતિમાં કાળા પાસે જે વિવિધ વિકલ્પો છે તે જોઇએ:

(1) 20 ..., N×N? 21 Q–Nch, K–N1; 22 R×P mate.

(2) 20 ..., B×N? 21 Q×Nch, K–N1: 22 Q×Nch અને ફરી 22 R×P mateની ધમકી આવે છે. તે સામે 22..., P–N3; 23 R×Pch, P×R; 24 Q×P mate કે પછી 23 ..., K–R2; 24 Q–R5 mate થાય અને 22 ..., B–B3; 23 B×B, Q×B; 24 Q×Q પછી થોડી ચાલમાં સફેદ મ્હાત કરે તેમ છે.

20 .., N–B3! ઉત્તમ લાગે છે. પણ તેમાં યે કાળો 21 N×Nથી એક મ્હોરું ગુમાવે છે અને સફેદનો હુમલો એવો જોરદાર બની રહે કે થોડી જ ચાલમાં મ્હાત થાય તેમ છે. માટે 20 ..., Resigns. સુરેશ મોદી

વિશ્વવિજેતા પદ માટેની બોટવીનિકની સાત આહ્વાન મૅચોનું પરિણામ

વર્ષ	પ્રતિસ્પર્ધી	કુલ રમત	જીત	ડ્રૉ	હાર	પરિણામ
૧૯૫૧	બ્રોન્સ્ટાઈન	૨૪	૫	૧૪	૫	૧૨-૧૨-ડ્રૉ | status quo નિયમ
૧૯૫૪	સ્માયસ્લૉવ	૨૪	૭	૧૦	૭	૧૨-૧૨-ડ્રૉ | પ્રમાણે વિશ્વવિજેતા રહ્યા.
૧૯૫૭	સ્માયસ્લૉવ	૨૨	૩	૧૩	૬	૯½-૧૨½ હાર
૧૯૫૮	સ્માયસ્લૉવ	૨૩	૭	૧૧	૫	૧૨½-૧૦½ જીત
૧૯૬૦	ટાહલ	૨૧	૨	૧૩	૬	૮½-૧૨½ હાર
૧૯૬૧	ટાહલ	૨૧	૧૦	૬	૫	૧૩-૮ જીત
૧૯૬૩	પેટ્રોસ્યન	૨૨	૨	૧૫	૫	૯½-૧૨½ હાર

ઈ. ૧૯૭૧ની અધવચમાં ૨ ટકાના દરે ૭૪૦ લાખ જેટલો એક વર્ષમાં વધારો થઈને દુનિયાની વસતિ, ૩,૭૦,૬૦,૦૦,૦૦૦ જેટલી થયાનું યુ. નો.ના અહેવાલમાં છે. આ જ દરે વધારો થતો રહે તો ઈ. ૨૦૦૬માં દુનિયાની વસતિ બમણી થઈ જશે.

આમ્સ્ટરડામમાં જગવિખ્યાત ડચ કલાકાર વિન્સેન્ટ વાન ગૉઘનું એક કાયમી સંગ્રહસ્થાન ખુલ્લું મુકાયું છે જ્યાં એનાં ૨૩૦ જેટલાં ચિત્રો, ૪૦૦ આલેખનો તથા પોતાના ભાઈ થીઓ પર લખેલા પત્રો સંઘરાયાં છે. ડૉ. વી. ડબ્લ્યુ. વાન ગૉઘ, વાન ગૉઘના ભત્રીજાએ આ સામગ્રી આપી છે.

હળદર

રસોઈમાં સોડમ અને સ્વાદની સાથે રંગ લાવનાર હળદર રોજિંદા વપરાશના એક ઉપયોગી દ્રવ્ય ઉપરાંત ઘરગથ્થુ ઔષધ તરીકે ઘણી જાણીતી છે. સંકોચને કારણે છોડી દેવાએલી, છતાં શકુન તરીકે હજી યે સચવાએલી લગ્નની પીઠીમાં હળદર એક મુખ્ય દ્રવ્ય છે એ સૌ જાણે છે.

બંગાળ, બિહાર, તમિળનાડુ, દહેરાદૂન વગેરેમાં હળદરનું વાવેતર થાય છે. ગુજરાતમાં એ ખેડા, સૂરત જિલ્લામાં વવાયછે. વિસનગરી હળદર વખણાય છે ખરી, પણ હાલમાં એ તરફ તેનું વાવેતર લગભગ નથી થતું.

કમરપૂર વધતા હળદરના સુગંધીદાર છોડનાં પાન કેળનાં પાન જેવાં અને સફેદ ડાઘ સાથે બંને બાજુ ચીકણાં તથા સોડમવાળાં હોય છે. એ છોડના કંદમાં થતી ગાંઠ તે હળદર. અંદરથી એ તેજસ્વી પીળા રંગની હોય છે. પાણીની આ છોડને બહુ જરૂર પડે છે. મુખ્યત્વે રંગ બનાવવામાં વપરાતી લોખંડી હળદર, દારૂ હળદર, આંબા હળદર વગેરે એની વિવિધ જાત છે. આમાંની આંબા હળદરની વિશિષ્ટ સુવાસ કઢી-કચૂંબરમાં ઓર સ્વાદ લાવે છે, પણ બધે એ સુલભ ન હોઈ એનો વપરાશ વ્યાપક નથી. લોહીવિકાર તથા ખજવાળ મટાડનાર તરીકે તે વપરાય છે.

હળદરની ગાંઠોને ખોદી કાઢી, સાફ કરીને માટલામાં ભરી, એનું મોં બંધ કરી અગ્નિની ધીમી આંચ પર પકવીને તેની કાચી વાસ દૂર કર્યા પછી સૂકવીને એ બજારમાં મુકાય છે. હળદરના ઔષધીય ગુણો પૂરતા પ્રમાણમાં જાણીતા ન હોઈ ઘરમાં હાથવગું હોવા છતાં આ નિર્દોષ ઔષધનો લાભ લોકો લેતા નથી. બાળકો, યુવાનો, વૃદ્ધો ને સગર્ભા કે પ્રસૂતા સ્ત્રીઓ પણ નિર્ભયતાથી વાપરી શકે એવી આ હળદર વાત, પિત્ત ને કફ એ ત્રણેના દોષમાં ગુણકારી છે. લોહીને શુદ્ધ કરવા ઉપરાંત શરીરનો વર્ણ સુધારનાર હળદરને પીઠીમાં જે સ્થાન મળ્યું છે તે આને લીધે જ.

હળદર તીખી, કડવી, લૂખી, ગરમ ને વાન સુધારનાર છે. કફ, પિત્ત, ચામડીના દોષ, પ્રમેહ, લોહીવિકાર, સોજા, પાંડુ અને વ્રણને મટાડનાર છે તથા કોઢ, વિષ, કૃમિ ને અપચા પર ગુણકારી છે. પાચન તંત્ર, રસ, રક્ત ને શરીરની બધી ધાતુઓ પર પ્રભાવક હળદર તેના લેખન ગુણથી શ્લેષ્મિક-કલાઓમાંની કફની વૃદ્ધિ તથા શરીરમાં એકઠા થએલા આમવિષને એ દૂર કરે છે. એના વાતશામક ગુણને લીધે ઠંડી લાગીને થતા વાતનાડીના દાહ પર એ અપાય છે તથા તેનું બાહ્ય માલિશ પણ કરાય છે. પિત્ત-પ્રકૃતિ પરના તેના ગુણને કારણે કમળા અને પિત્તપ્રમેહમાં પણ તેનો ઉપયોગ થાય છે. પાંડુ રોગ પર એ લોહ સાથે આપવાથી ગુણ કરે છે.

સળેખમ, ઉધરસ અને સ્વરભેદમાં (સાદ બેસી ગયો હોય ત્યારે) ગરમ કરેલા દૂધમાં હળદર નાખીને પીવાથી થતા ફાયદાથી તો લગભગ બધા જ્ઞાત છે. આ દૂધમાં થોડું ઘી નાખીને પણ પી શકાય. ઠંડી લાગીને તાવ આવતો હોય તો આમાં મરી પણ ઉમેરી શકાય.

હળદર સાથે ગરમ કરેલા દૂધમાં સહેજ મીઠું અને ગોળ નાખીને પાવાથી બાળકોની શરદી, કફ ને સસણી મટે છે. ગાયના મૂત્રમાં ચપટી હળદર નાખીને પાવાથી પણ સસણી મટે છે. ગોમૂત્રમાં પાથી અર્ધો તોલો હળદર મેળવી પીવાથી કોઢમાં ફાયદો થાય છે, તેમજ ગોમૂત્ર, હળદર અને ગોળ મેળવીને પીવાથી હાથીપગામાં પણ ફાયદો થાય છે.

પુરુષના મૂત્રમાં હળદર વાટીને લેપ કરવાથી વાળો મટે છે, બકરીના મૂત્રમાં હળદર મેળવીને પીવાથી મલબદ્ધતા-કબજિયાત દૂર થાય છે.

કુંવારના ગર્ભમાં હળદર પીસીને સહેજ ગરમ કરી અર્શ-મસા પર ચોપડવાથી કે તેની પોટિસ બાંધવાથી મસા નરમ પડે છે. એ જ લેપ કરવાથી સ્તનરોગમાં પણ ફાયદો થાય છે. લોધર સાથે હળદરને પાણીમાં ઘસીને લેપ કરવાથી પણ સ્તનરોગમાં ગુણ કરે છે.

હળદરનો ગાંઠિયો તુવેરની દાળમાં બાફી, છાંયે સૂકવી, ગાયના ઘીમાં પીસીને લગાડવાથી અર્શ-મસા નરમ પડી સાથો બંધ પડે છે. આ જ રીતે બાફીને છાંયે સૂકવેલો હળદરનો ગાંઠિયો પાણીમાં ઘસી સૂર્યાસ્ત પહેલાં દિવસમાં બેવાર આંખમાં આંજવાથી ઝામર, ધોળાં ફૂલાં અને આંખની રતાશ મટે છે. હળદરનો ગાંઠિયો શેકી, તેનું ચૂર્ણ કરી, કુંવારના ગર્ભમાં મેળવી સાત દિવસ સુધી ખાવાથી પણ અર્શમાં રાહત મળે છે. હળદરનો શેકેલો ગાંઠિયો સૂતી વખતે મોંમાં રાખવાથી સળેખમ અને કફમાં ફાયદો થઈ રાત્રે ત્રાસ આપતી ખાંસી પણ ઓછી થાય છે.

હળદર ને બાજરીનો લોટ ફાકી, પાણી પીધા વિના સૂઈ જવાથી પણ ઉધરસ મટે છે.

હળદર-ચૂર્ણ અને જવખાર સમભાગે લઈ ગરમ પાણી સાથે પીવાથી જુદાંજુદાં સ્થળનાં પાણીની માઠી અસર થતી નથી. ઠંડા પાણીમાં હળદરનો ગાંઠિયો ઘસી, માખણ મેળવી, તેને દિવસમાં બે વાર એમ ત્રણેક દિવસ સુધી બાળકના બંને ખભા, ગળા નીચે, પીઠના હાડકા પર અને કાન પાસેનાં ગલફોરાં પર ચોળવાથી બાળકને ગળું પડે છે તે મટે છે.

હળદરનો ઉકાળો મધ નાખીને પીવાથી પ્રમેહ મટે છે. હળદરના ગાંઠિયાને પીસી ઘીમાં શેકી સાકર મેળવીને થોડા દિવસ સુધી નિયમિત લેવાથી મધુમેહ તથા અન્ય પ્રમેહમાં ગુણ કરે છે. આમળાના રસ કે ઉકાળામાં મધ ને હળદર નાખી પીવાથી મૂત્ર માર્ગે જતું પરું બંધ થાય છે.

હળદરનું ચૂર્ણ એક તોલો અને ચાર તોલા દહીંનું થોડા દિવસ સુધી નિયમિત સેવન કરવાથી કમળો મટે છે. પાંડુરોગ અને યકૃતવિકારમાં પણ એ ફાયદો કરે છે. ગાયની તાજી છાશમાં કે દસ તોલા મઠામાં અર્ધો તોલો હળદર નાખીને સવાર-સાંજ આપવાથી એક અઠવાડિયામાં કમળો મટે છે. છાશમાં જૂનો ગોળ અને હળદર મેળવી પીવાથી પથરીમાં ફાયદો થાય છે. હળદર અને સાકર પાણીમાં પાવાથી મૂર્ચ્છા મટે છે.

શીતળાનો રોગ ચાલતો હોય ત્યારે આમલીનાં પાન અને હળદર ઠંડા પાણીમાં વાટીને પીવાથી શીતળાનો ભય રહેતો નથી. હળદર અને કાથાનું બારીક ચૂર્ણ શીતળાના ઝમી ગએલા વ્રણ પર ભભરાવવાથી ફાયદો થાય છે. હળદર અને કળીચૂનાનો લેપ કરવાથી મૂઢમારનો સોજો મટે છે. હળદર, જૂની માટી અને મીઠું એકત્ર કરી પાણીમાં નાખી અગ્નિ પર ખદખદાવી સહેવાય તેવો ગરમગરમ લેપ કરવાથી પણ મૂઢ મારની પીડા મટે છે. હળદરને સોળ ગણા પાણીમાં ઉકાળી બેવડ વાળેલા કપડાથી ગાળી ભરી રાખવું. દિવસમાં બે વાર એનાં બબ્બે ટીપાં આંખમાં નાખવાથી દુખતી આંખ મટે છે અને ફૂલામાં પણ ફાયદો થાય છે. હળદર, ફટકડી અને આમલીનાં પાન સરખે ભાગે વાટીને ભરેલી પોટલી ગરમ કરીને આંખે શેક કરવાથી આંખની રતાશ અને બળતરા શમે છે.

હળદર અને ફુલાવેલી ફટકડી એકત્ર કરી કાનમાં નાખવાથી કર્ણપાક અને કર્ણસ્રાવ મટે છે. હળદરનું ચૂર્ણ દાબવાથી વાગેલા ઘામાંથી નીકળતું લોહી બંધ પડે છે ને જખમ જલ્દી રુઝાય છે. હળદરને તેલમાં કકડાવી જલ્દી ન રુઝાતા કે વારંવાર ભરાતા જખમ પર ચોપડવાથી પણ ફાયદો થાય છે. હળદરને ઘસીને થોડી ગરમ કરી જંતુના ડંખ પર લગાડી શકાય છે. હળદરની ધુમાડીનો નાસ લેવાથી શરદી-સળેખમ મટે છે.

હળદરને અગ્નિ પર નાખી તેનો ધુમાડો આપવાથી તેમજ હળદરની ભૂકીને ચલમમાં નાખી તેનું ધૂમ્રપાન કરવાથી વીંછી ઊતરે છે.

સુધારો: ઑગસ્ટ અંકના છેલ્લા પાનાને મથાળે મૂકેલી કાવ્યપંક્તિઓની નીચે કર્તા તરીકે 'ચાતક'નું નામ ભૂલથી મુકાઈ જવા માટે દિલગીર છીએ. વસ્તુતઃ એ કાવ્યપંક્તિઓ મોટે ભાગે લોકોક્તિ છે.

આ માસ (સપ્ટેમ્બર) ઇતિહાસમાં

તા. ૩: (૧૮૫૯) ગુજરાતના વિદ્વાન ભાષાશાસ્ત્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનો જન્મ. ગુજરાતી સાહિત્યમાં પ્રથમ કવિ તરીકે પ્રવેશ અને પ્રસિદ્ધિ પામ્યા હતા. નવા જ કાવ્યવિષયો, સંસ્કૃત સુભગ શિષ્ટ ભાષાશૈલી, પાશ્ચાત્ય સાહિત્યના સંપર્કથી વિકસેલી કવિતાદૃષ્ટિ અને નવી જ સમર્પણરીતિથી એમણે પ્રસ્થાન કરેલું. 'કુસુમમાળા', 'હૃદયવીણા' અને 'નૂપુરઝંકાર' એમના પ્રસિદ્ધ કાવ્યસંગ્રહો છે. પુત્રના મૃત્યુથી શોકક્ષુબ્ધ થઈ એમણે રચેલું 'સ્મરણ-સંહિતા' નામક કરુણ પ્રશસ્તિકાવ્ય તથા બુદ્ધના જીવન અને ઉપદેશના વિવિધ પ્રસંગોનાં એમનાં ખંડકાવ્યો પણ ખ્યાત છે. ગુજરાતી ભાષાની જોડણી અંગે વિસ્તીર્ણ અને વિદ્વત્તાભરી ચર્ચા કરતો એમનો નિબંધ, પ્રેમાનંદનાં નહિ એવાં, છતાં એના નામે ચડેલાં નાટકો અંગે એમણે ચલાવેલી લડત, 'ગુજરાતી ભાષા અને સાહિત્ય' અંગેના બે ભાગમાં પ્રકટ થએલાં એમના અંગ્રેજી ગ્રંથ તથા ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનમાળાનાં એમનાં પ્રવચનો વગેરે ઉપરાંત, 'મનોમુકુર'માં સંઘરાએલા એમના પ્રકીર્ણ ગદ્યલેખો, કવિતાસમીક્ષા, છન્દરચના, ભાષાશુદ્ધિ, ભાષાની ઉત્પત્તિ, સાહિત્યમીમાંસા વગેરે અનેક વિષયના લેખો એમનું ઊંડું અવલોકન, અંગઉપાંગની વ્યાપક ચર્ચા, સત્યનું નીડર અને ભારપૂર્વક સમીક્ષણ વગેરે ગુણોથી અંકિત છે. એમનું વિવેચન પણ ઘણું આકરું હતું. બીજી બાજુ અનેક આપ્તજનોના અવસાનના ઘા વેઠનારું એમનું હૃદય એટલું જ કોમલ પણ હતું. ઈ. ૧૯૩૭ની ૧૪મી જાન્યુઆરીએ એમનું અવસાન થયું.

તા. ૪ (૧૯૨૦): કૉંગ્રેસે પહેલવહેલો અસહકારનો ઠરાવ કર્યો.

તા. ૯ (૧૯૫૨): ગાંધી વિચારના પ્રસારક અને 'હરિજન' પત્રોના સમર્થ તંત્રી કિશોરલાલ મશરૂવાળાનું ૬૧ વર્ષની વયે અવસાન.

તા. ૧૦ (૧૬૪૫) શાહજહાંના પ્રેમઅશ્રુ સમા જગવિખ્યાત મકબરા તાજમહાલનું કામ પૂરું થયું.

તા. ૧૧ (૧૯૪૮): લંડનમાં બૅરિસ્ટરીના અભ્યાસ સાથે દાદાભાઈ નવરોજી (એમનો જન્મ પણ આ જ માસમાં ઈ. ૧૮૨૫માં ૪થી તારીખે) પાસેથી હિંદી સ્વાતંત્ર્યની ધગશથી રંગાઈ ૧૯૨૦ સુધી હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે ઝૂઝનારા અને ૧૯૩૪ પછી હિંદુ-મુસલમાનના બે અલગ અલગ રાષ્ટ્રના હિમાયતી બની એ માટે બ્રિટિશ સરકારની પીઠથાબડ, ઐતિહાસિક બલાબલનો લાભ અને ધર્મઝનૂની તત્ત્વોની ઉશ્કેરણી વડે દેશના ભાગલા કરાવી પાકિસ્તાનનું સર્જન કરાવનાર મહમદઅલી ઝીણાનું, નવરાષ્ટ્રની આવી પડેલી જવાબદારીઓની ચિંતા, નિરાશ્રિતોના પ્રશ્નો, આંતરિક મતભેદો ને અનેક આર્થિક તથા રાજકીય પ્રશ્નોથી સર્જાએલી અશાંતિભરી માનસિક તંગ અવસ્થામાં અવસાન.

આ જ તારીખે ઈ. ૧૮૮૩માં મુંબાઈમાં પહેલવહેલું હિંદુ-મુસ્લિમ હુલ્લડ થયું હતું અને કોમી દાવાનળ સામે ગાંધીજીએ ૨૧ દિવસના પહેલા ઉપવાસ પણ આ જ માસની ૧૮મી તારીખે ઈ. ૧૯૨૪માં કરેલા.

તા. ૧૪ (૧૯૪૯): ભારતની વિધાનસભામાં હિંદીને રાષ્ટ્રભાષા તરીકે નક્કી કરવામાં આવી.

તા. ૧૭ થી ૧૯ (૧૯૪૮) રઝાકારોની ચડવણીથી પાકિસ્તાનમાં ભળવા મથનારા અને પોતાની હિંદુ પ્રજા પર ગુજરતા અત્યાચારો વિરુદ્ધ કશું નહિ કરી શકનાર દક્ષિણ હૈદરાબાદની નિઝામ સરકારની સાન ઠેકાણે લાવવા છેવટ આવી ચડેલા ભારતીય સૈન્ય સમક્ષ અંતે નિઝામે શરણાગતિ માગી. રઝાકાર નેતા કાસિમ રઝવીની ધરપકડ થઈ અને હૈદરાબાદમાં લશ્કરી વહીવટની સ્થાપના થઈ ને મેજર જનરલ ચૌધરીને એ લશ્કરી અમલના ગવર્નર બનાવવામાં આવ્યા.



તા. ૧૨ (૧૭૮૬) કચ્છના રાવ રાયધણ ત્રીજાને કેદ કરી પ્રજા તરફથી જમાદાર ફત્તેહમહમદે રાજ્યવ્યવસ્થા પોતાને હાથ લીધી. આ રાવની બિફામવર્તણૂકને કાબૂમાં લેવા અંજારના મેઘજી શેઠે રાવના નાના ભાઈ પૃથુરાજજીના આધિપત્યમાં બાર સભ્યોનું 'બાર ભાયા' મંત્રીમંડળની મેલું. તેમાં યે તડ પડતાં બે જણે રાવને કેદમાંથી છોડાવ્યા. પણ મેઘજી શેઠ અને ત્યારના વહીવટકર્તા ડોસલવેણની સહાયથી જમાદાર ફત્તેહમહમદે રાવને ફરી કેદ કર્યા. ત્યાર બાદ એનું વર્ચસ્વ પણ વધતું ચાલ્યું. ફત્તેહમહમદે પક્ષાપક્ષીનો અંત આણી, રાજના ભાયાતોને કાબૂમાં લઈને સુલેહ સ્થાપી. પોતાના કુશળ વહીવટમાં ફત્તેહમહમદે વાગડમાંથી લુંટારાઓને ભગાડયા, માંડવીને ચાંચીયાઓથી રક્ષણ આપ્યું, રાયધણપુરના નવાબને હરાવ્યો, હાલાર, ઓખા અને બરડા પર હલ્લો કરી જામખંભાળિયામાં થાણું નાખી ધ્રોળમાં કિલ્લેદાર બેસાડયો. દરિયાઈ વેપાર વધારવા તુણાબંદર વિકસાવ્યું અને વાગડમાં બાદરગઢ તથા ફત્તેહગઢ કિલ્લા અને પશ્ચિમમાં લખપતનો ગઢ ચણાવ્યો ને એ બંદર પણ વધાર્યું. ફત્તેહમહમદના વહીવટથી કચ્છની પ્રતિષ્ઠા દૂર દેશોમાં પણ વધી. મ્હેસુરના ટીપુ સુલતાન સાથે પણ તેને મિત્રાચારી હતી. ટીપુએ એને 'શેરે-દીન' કહી બિરદાવેલો અને શ્રીરંગપટ્ટમમાં બનેલી એક તોપ પણ ભેટ મોકલી હતી.

વીસાપાળાની જમાદારીવાળા જતપુંઆર કોમના કેવળ એક મામુલી આદમીમાંથી આપબળે એણે જે પ્રગતિ સાધી એ પરથી ફત્તેહમહમદ કચ્છનો ક્રૉમવેલ કહેવાયો છે. અને એ ઑલિવર ક્રૉમવેલે પણ રાજાની તાનાશાહી સામે આમ જ સત્તા હાથ કરીને ઇંગ્લૅંડમાં શાંતિ સ્થાપી હતી. આ જ માસની ૩જી તારીખે એ ઈ. ૧૬૫૦માં ડનબરની લડાઈ જીતેલો, આ જ તારીખે ૧૬૫૧માં વૂસ્ટરનું યુદ્ધ જીત્યો ને આ જ તારીખે ૧૬૫૮માં એ અવસાન પામેલો.

તા. ૧૯ (૧૬૭૯): અંગ્રેજો સામે મરાઠાઓનું પહેલું નૌકાયુદ્ધ. વ્યાપારના બહાને હિંદમાં આવી ઉત્તરોત્તર પગ પસારતા જતા અંગ્રેજોએ શિવાજીના વધતા જતા પ્રતાપ સામે પણ પેંતરા ગોઠવવા માંડયા અને એ માટે જંજીરાના સીદીની એમણે પીઠ થાબડવા માંડી. વારંવાર ઉપદ્રવ આપતા એ સીદીને અંગ્રેજોએ આશરો આપવા માંડવાથી શિવાજીએ અંતે વિફરીને એ સીદીને જેર કરવા સમુદ્રકિનારાનો જ કોઈ કિલ્લો સર કરવાનો બેત રચ્યો અને અંગ્રેજોના તાબાના ખંદેરી (ખાંદેરી)ના કિલ્લા પર જલમાર્ગે હલ્લો કરી ત્યાં તટબંધી કરી લીધી. અંગ્રેજો સામેના આ પહેલા જ જલયુદ્ધમાં મરાઠાઓની જીત થઈ અને અંગ્રેજ સેનાપતિ થૉર્પ તથા બે બીજા અમલદારો સાથે અનેક અંગ્રેજો માર્યા ગયા. જે બચ્યા એ કેદ પકડાયા.

હોવું, એ આપણું તત્ત્વ; કહેવું, લોકની રુચિ;
વિસારી મત બીજાનો શ્રેયાર્થે સાધવી ગતિ.


— પારાશર્ય —

મહર્ષિ અણ્ણાસાહેબ પટવર્ધનને ત્યાં પરોણા બનેલા એક ગૃહસ્થે પોતે ટિકિટ વિના મુસાફરી કરી આવ્યાની બડાઈ હાંકતાં તે વેળા તો અણ્ણાસાહેબ કંઈ બોલ્યા નહિ; પણ બિએક કલાકે એક માણસને સ્ટેશને મોકલી પરોણાના ગામ સુધીની ટિકિટ મંગાવીને તે મહેમાનના દેખતાં ફાડી નાખી કહ્યું : 'પરમેશ્વરને ત્યાં આવું મંજૂર હોતું નથી. માટે તે ન કરવું જોઇએ.'

કહેવતોના અર્થ : 'એવાં મળ્યાં સગલાં કે જેમ માછને સાચવે બગલાં.'—પોતે રક્ષક, નિરુપદ્રવી કે ભગત હોય એવા ડોળથી પાણીમાં લાગ જોઈ શાંતિથી માછલાં માટે ટાંપી રહેલા બગલાના દૃષ્ટાંત પર રચાએલી આ કહેવત સુખદુઃખના દિવસોમાં પડખે ચડી ફોલી ખાનાર સ્વાર્થી સગાંઓ માટે વપરાય છે.

અનેકાર્થી શબ્દ: **લૂણી** = ખારાટ જમીનમાં થતી એક જાતની ભાજી; મારવાડ દેશની નદી; આટાપાટાની રમતમાં જીતના ચિહ્નરૂપે પાટ બહાર આવતાં લવાતી ધૂળની ચપટી; આટાપાટામાં કરાતી આડી પાટડી; એક દેવી.

ચોમાસામાં ફૂલી જઈને ચોટી જતાં બારીબારણાંની એવી જગ્યાએ મીણબત્તી ઘસતો, જરા ફેર માલૂમ પડશે.



કલાકણિકા: કાષ્ઠશિલ્પના શોભનથી ખચિત ખંભાતની એક પરખડીનો શિર-ભાગ.



પૃથ્વીમાં ઊંડે દટાએલા લોહચુંબક પથ્થરો પરના પ્રયોગો પરથી જણાયું છે કે સતત ખસતું રહેતું પૃથ્વીનું ચુંબકીય ધ્રુવબિંદુ ૬૦,૦૦,૦૦,૦૦૦ (સાઠ કરોડ) વર્ષ પહેલાં આજના હાવાઈ ટાપુઓના સ્થાને હતું. હાવાઈનું એક દૃશ્ય.

ગણિતગમ્મત : ગમે તે આંકનો ઘડિયો લઇને તેની છેલ્લી હારના પહેલા ચાર આંકડાનો સરવાળો કરીએ તો તેના **એકમમાં** (છેલ્લો આંકડો) હમેશ મીંડું જ આવશે. દા.ત.

૧૨	૧	૧૨	૨૬	૧	૨૬
૧૨	૨	૨૪	૨૬	૨	૫૨
૧૨	૩	૩૬	૨૬	૩	૭૮
૧૨	૪	૪૮	૨૬	૪	૧૦૪
		૧૨૦			૨૬૦

—હર્ષદરાય પ્રે. હીરાકણી

ગરમ સ્વેટર કે બીજાં ઊનનાં કપડાં બદન પર પહેરવાથી આવતી ખરજ દૂર કરવાનો રસ્તો એ છે કે ઊનનાં કપડાં ધોઈ રહ્યા પછી છેલ્લા નિખારવાના પાણીમાં થોડાક ચમચા ગ્લીસરીન નાખવું. તેમાં નિખારેલાં કપડાં મુલાયમ બનશે અને ખરજ નહિ આવે.

પાણીમાં ઓગાળેલા ટંકણખારના દ્રાવણમાં બગડી ગએલા દૂધના ફોદા ઓગાળવાથી સારો ગુંદર (Casin Glue) બનશે. (મ. પ. જ.)

સહરાના રણનો વિસ્તાર ૨૦ લાખ ચોરસ માઈલ—આપણા હિંદ કરતાં ય વધારે છે.

સાચ્ચે!

પૃથ્વીની બે વખત પ્રદક્ષિણા કરનાર સાગરખેડુ કૅપ્ટન કૂકને તરતાં નહોતું આવડતું!

અથાણું

અંગ્રેજ કવિ ગોલ્ડસ્મિથ ઘરગથ્થુ વૈદું પણ કરતો. ડિક્ષનેરી-કર્તા જૉન્સન સાથે એ સંબંધે વાત નીકળતાં એણે ખુલાસો કર્યો કે હું એનો ધંધો નથી કરતો; માત્ર મિત્રોને સલાહ જ આપું છું.

'તો એ સલાહ તમારા મિત્રો કરતાં દુશ્મનોને આપો એ વધારે સારું.' જૉન્સને કટાક્ષ કર્યો.

વર્ષોના સતત વ્યવસાય બાદ એક વૃદ્ધ દાક્તરે હવાફેર માટે જવાનું વિચાર્યું ને તાજા જ ડૉકટર બની આવેલા પોતાના પુત્રને દવાખાનું સોંપી એ બહારગામ ઊપડી ગયો. પાછા ફર્યા બાદ એણે પુત્રને બધું કેમ ચાલે છે તે પૂછ્યું.

'સરસ;' પુત્રે ગર્વથી જણાવ્યું : 'અને પપ્પા, મેં પેલાં મિસિસ ખાંડવાલાનો વીસ વર્ષનો રોગ અઠવાડિયામાં મટાડી દીધો.'

'મૂરખ!' બાપ ગરજી ઊઠયો : 'એ રોગને લીધે તો તું દાક્તર બની શક્યો એ જાણે છે?'

શિક્ષક : વીસ વર્ષ પહેલાં નહોતી એવી અગત્યની કોઈ ચીજનું નામ કહો.

વિદ્યાર્થી : જી, હું પોતે.

હોટેલમાંથી ટૅક્સી કંપની પર એક ફરિયાદ આવી : 'મને એરપોર્ટ પર લઈ જવા મેં ટૅક્સી મંગાવી હતી એ તમે હજી સુધી મોકલી નથી.'

સામેથી નમ્રતાપૂર્વક કારકુને કહ્યું : 'દિલગીર છીએ સાહેબ, પણ એકેય ટૅક્સી હાજર નથી.' ને પછી ઉમેર્યું : 'પણ સાહેબ, આપ ચિંતા કરશો નહિ. અહીંથી લગભગ રોજ પ્લેઈન મોડું જ ઊપડે છે.'

'હા, આજે યે એ ચોક્કસ મોડું ઊપડશે,' ગ્રાહકે કહ્યું : 'કેમ કે હું જ એનો પાયલૉટ છું.'



કેટલું થયું મારું વજન?

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

(પૃ. ૩૩૯ના અનુસંધાને)

છેવટનું છેવટ: વર્ષો પૂર્વે 'બહુરૂપી' સામયિકમાં રહસ્યકથાઓએ વાચકવર્ગને સારા પ્રમાણમાં આકર્ષ્યો હતો. આજે તો અર્લ સ્ટેનલી ગાર્ડનર, આગાથા ક્રિસ્ટી, જેઈમ્સ હેડલી ચેઈઝ, ડેઝમૉન્ડ બેગ્લી વગેરે પશ્ચિમના ડિટેક્ટિવ કથાકારોએ સારું આક્રમણ કર્યું છે. અહીં વર્ષો અડાલજા હીરાના હારની ચોરીને કેન્દ્રમાં રાખી એક સફળ સનસનાટીભરી રહસ્યકથા સર્જે છે. અંગ્રેજી નવલનો ગુજરાતી દેહ કોઈને લાગે તો એમાં અચંબો પામવા જેવું નહિ. (પ્ર. લોકપ્રિય પ્રકાશન, ૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨, પાકું પૂઠું; પૃ. ૨૪૯; રૂ. ૭–૨૫)

હાન્સ ઍન્ડરસન પરીકથાવલિ: સુખ્યાત પરીકથા-લેખક હાન્સ ઍન્ડરસનની જાણીતી દસ વાર્તાઓનો આ કિશોરભોગ્ય અનુવાદ રમણલાલ સોનીએ કર્યો છે, જેના મોટા અક્ષરો ને ચિત્રમયતા કિશોરોને આકર્ષશે. દસ કથાઓ: **જાદુના હંસ, મણિયો ને તડલડિયો, બાદશાહનું બુલબુલ, સિપાઈરાજ, બકરપગા સિંહ, દડેલાલ-ભમરલાલ, કદરૂપું બતકડું, અણનમ કલાઈસૈનિક, લક્કડના લાડુ, દરિયા પરી.** (પ્ર. ઉપર મુજબ; પ્રત્યેક કાચું પૂઠું; સેટના રૂ. ૧૨)

કબરો: એક કલ્પન લઈ એમાંથી નીપજતા ભાવો, કલ્પનાઓ, તરંગોને કાવ્યપંક્તિઓમાં ગૂંથી એક દીર્ઘ કાવ્ય અહીં હસમુખ પટેલ 'શૂન્યમે' રચ્યું છે. એના લયમાં ગઝલની, બાળકથાની અને ગીતની છાંટ વચ્ચે વચ્ચે આવતી જાય છે. ઇતિહાસ-પુરાણના સંદર્ભોથી ફલકવિસ્તારનો આભાસ ઊભો થયો છે, અને તાત્ત્વિક સત્યનાં ઇંગિતો દ્વારા ઊંડાણની અસર અંકિત કરવાના પ્રયાસો પણ જોઈ શકાશે. કબરોનું કલ્પન ઈસ્લામ સંસ્કૃતિ સાથે સુસંગત હોઈ ત્યાંના સંદર્ભોમાં જે ભાવસેતુ સર્જી શકે તે બિન-ઈસ્લામી સંદર્ભોમાં ન થઈ શકે. આ વાત મળી આવેલા કે મેળવી કાઢેલા આ કલ્પનમાં પ્રતીત થતી નથી. આસ્વાદમાં એ મોટો અવરોધ. છતાં પ્રયોગ ખાતર પ્રયોગ તરીકે કાવ્યસિદ્ધિની દિશામાં ઊભતા પ્રથતી આ કૃતિ અલ્પાંશે આસ્વાદ્ય છે. (પ્ર. પોતે પ્રાધ્યાપક: ગુજરાતી વિભાગ, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ખોલવડ (જિ. સૂરત); કાચું પૂઠું; પૃ. ૫૬ રૂ. ૩)

ઘરગથ્થુ તાત્કાલિક સારવાર: આયુર્વેદમાં તાત્કાલિક સારવાર નથી એવી વ્યાપક માન્યતાની સામે જાણે પડકાર રૂપે આ પુસ્તિકામાં વિવિધ પ્રકારનાં શૂળ, રક્તસ્રાવ, અભિઘાત, વિષ, શ્વાસાવરોધ, તાવ, ઝાડા, ઊલટી વગેરેની આયુર્વેદ દ્વારા જ તાત્કાલિક સારવાર જનતાને ઉપયોગી થાય એ આશયથી રજૂ કરાઈ છે. (લે. શ્રી શોભન; પ્રકા. આયુ પ્રકાશન, કૃષ્ણકુંજ-૧, દિલીપ સિનેમા પાસે, અમદાવાદ-૧; કાચું પૂઠું; પૃ. ૯૪; રૂ. ૧–૫૦)

સાચુકલાં માથાં: ઝવેરચંદ મેઘાણીની જયંતી જયંતી પ્રસંગે એમની ચૂંટેલી લોકકથાઓનો ૨૫૦ પૃષ્ઠનો એક સંગ્રહ બહાર પાડવામાં આવેલો. તેમાંથી પણ જીવનમાં ઉચ્ચ ભાવનાઓ પ્રેરે તેવી પાંચ કિશોરભોગ્ય લોકકથાઓનો નાનકડો સંગ્રહ. (પ્ર. લોકમિલાપ ટ્રસ્ટ, પો. બૉ. ૨૩, ૧૫૬૫ સરદારનગર, ભાવનગર-૧; કાચું પૂઠું; પૃ. ૫૨; રૂ. ૦–૩૦)

પંચાયત પોથી: આઝાદી પછી ગ્રામોદ્ધારનો કાર્યક્રમ વેગ પકડે તે માટે છે પંચાયતો. આ પંચાયત કઈ રીતે ઉપયોગી થઈ શકે? તેમાં સરપંચ, તલાટી, સભ્યો વગેરે શો ભાગ ભજવી શકે? ગ્રામયુવકોની શી ફરજ? વગેરે ઉપયોગી પ્રશ્નોનો અહીં સ્પષ્ટ વિચાર કરવામાં આવ્યો છે. (લે. રિખવદાસ જે. શાહ; પ્રકા. સવિતા પ્રકાશનગૃહ, ૪, જવાહર સોસાયટી, મહેસાણા; કાચું પૂઠું; પૃ. ૧૦૭; રૂ. ૧–૨૫)

પૂજાપાત્ર: સંસ્કૃત સાહિત્યના સર્જકો અને સાહિત્યપ્રસંગોને રસમય બનાવવા મથતી આ પ્રસંગકથાઓ દયા, પ્રેમ, અહંકાર વગેરેને ધ્વનિત કરે છે અને એમ જીવનોપયોગી વાચન પૂરું પાડે છે. સંસ્કૃતમય ભાષાશૈલી ને જોડણીદોષો ખૂંચ્યા વગર નહિ રહે. (લે. ગો. વિ. જોશી; પ્રકા. સુરેશ પુસ્તકાલય, ખપાટિયા ચકલા, સૂરત; કાચું પૂઠું; પૃ. ૭૧; રૂ. ૨–૫૦)

શ્રી અરવિંદ જીવનરેખા: મૂળ 'સમર્પણ' પાક્ષિકમાં આવેલી મહર્ષિ અરવિંદના જીવનની રોચક અને સંક્ષિપ્ત આ ચરિત્રરેખાના લેખક છે હરીન્દ્ર દવે. (પ્રકા. વોરા ઍન્ડ કંપની, ગાંધી ચેમ્બર્સ, ગાંધી રોડ, અમદાવાદ-૧; કાચું પૂઠું; પૃ. ૨૦; રૂ. ૦–૭૫)

અર્પણ: ઉપર્યુક્ત લેખકના શ્રી અરવિંદ અને માતાજી પ્રત્યેના ભક્તિભાવથી પ્રેરાએલા હૃદયના ઉદ્‌ગારો અહીં શિષ્ટ બાનીના ૧૨૫ શ્લોકોમાં પ્રાર્થનારૂપે વ્યક્ત થયા છે. (પ્રકા. ઉપર મુજબ; પૃ. ૧૨૭; કાચું પૂઠું; રૂ. ૨–૫૦)

પુષ્પગુચ્છ: વાર્તા, લેખો અને ચાર એકાંકીઓ મળી કુલ ૩૫ પરભાષામાંથી રૂપાંતરિત કૃતિઓ અહીં રંભાબેન ગાંધીએ રજૂ કરી છે. લખાવટ રોચક છે. કૃતિના હાર્દને પકડીને લેખિકાએ રૂપાંતરમાં કૌશલ દાખવવાનો પ્રયાસ કર્યો છે. (પ્ર. ઉપર મુજબ પાકું પૂઠું; પૃ. ૩૧૨; રૂ. ૭)

કુંતલ: કવિ 'પરિમલ'ની ગીત, ગઝલ, રાસ, ગઝલ, મુક્તક આદિ ૬૭ કાવ્યકૃતિઓના આ પ્રથમ સંગ્રહમાં ભાવસચ્ચાઈ સાથે અભિવ્યક્તિની મુશ્કેલીઓનો અનુભવ પણ થાય છે. કાવ્યબાની રોમૅન્ટિક ઝોક દર્શાવે છે પણ કુત્રિમતા ખટકે છે. (પ્રકા. રાષ્ટ્રભાષા પુસ્તક મંદિર, ૪/૭૭૩, ટાવર રોડ, સૂરત; કાચું; પૃ. ૭૬; રૂ. ૩)

ત્રિપુટી કાવ્યસંકલન: ઊંચા કાવ્યતત્ત્વની ખેવના વિના વિવિધ ભાવોને સરળતાથી રજૂ કરતી જયમલભાઈ યાદવની ૨૪, બચુભાઈ કામદારની ૨૮ તેજ જયદેવભાઈ દવેની ૪૧ કાવ્યકૃતિઓનો સંગ્રહ. (પ્ર. પ્રેમશંકર ભટ્ટ, શિશુવિહાર, ભાવનગર; કાચું પૂઠું; પૃ. ૭૫; રૂ. ૨)

પરિચય-પુસ્તિકાઓ: પરિચય ટ્રસ્ટ તરફથી જાણીતી સામાન્ય જ્ઞાન શ્રેણીમાં પ્રગટ થએલી પુસ્તિકાઓ: **કેન્દ્ર-રાજ્ય સંબંધો:** લેખક. નગીનદાસ સંઘવી; **વેપાર-ઉદ્યોગની સામાજિક જવાબદારી:** અરવિન્દ મફતલાલ; **સુગંધવાળાં ફૂલો:** મણિલાલ ગ. શાહ; **સ્વાઇટ્‌ઝરનું જીવનદર્શન:** ચીમનલાલ ચ. શાહ (પ્રકા. પરિચય ટ્રસ્ટ, ૧૭૮, બૅક બે રેક્લેમેશન, પો. બૉ. ૧૧૦૮૨, મુંબઈ-૨૦; પ્રત્યેકના પૃ. ૩૨; પ્રત્યેકની કિંમત રૂ. ૦–૬૦)

શિક્ષાપત્રી: આરંભમાં સરળ ભાષામાં સ્વામી સહજાનંદની સંક્ષિપ્ત જીવનરેખા આપ્યા બાદ સામાન્ય ગુજરાતી ભક્તને સ્વામી સહજાનંદ રચિત 'શિક્ષાપત્રી'નો સમ્યક્ ખ્યાલ આવી રહે તેવી સરળ ભાષામાં તે ગ્રંથની નિત્યાનંદ મુનિલિખિત ટીકાનો આ અનુવાદ પ્રો. હરિપ્રસાદ ત્રિ. ઠક્કરે કર્યો છે. (પ્રકા. વિપિનચંદ્ર ગોવિંદલાલ વસાઈવાળા, ડભોઈ; કાચું પૂઠું; પૃ. ૪૪; કિંમત દર્શાવી નથી.)

હિંદી વ્યાકરણપ્રવેશ: ગુજરાતી વિદ્યાર્થી સાચી હિંદી પ્રયોજી શકે એ આશયથી જોડણી, લિંગભેદ, વચન, નામ, રૂઢિપ્રયોગ, કહેવતો વગેરેનો હિંદી વ્યાકરણની દૃષ્ટિએ અહીં ગુજરાતીમાં ઉપયોગી પરિચય કરાવવામાં આવ્યો છે. (લે. મોહન દાંડીકર; પ્રકા; ધીરજબેન અવરાણી, પો. દાંડી; તા. નવસારી; કાચું પૂઠું; પૃ. ૩૯; રૂ. ૧–૫૦)

રેવાનો યોગી: નર્મદાતીરે નારેશ્વર ખાતે રહી સંતશ્રી રંગ અવધૂતે શિક્ષણ, સંસ્કૃતિ, સમાજ અને ધર્મનાં ક્ષેત્રે જે મૂક કામગીરી બજાવી તે તો બહુજનવિદિત છે. એમની પ્રતિભા કાર્યો તેમજ સાહિત્યને એમના ભક્તો દ્વારા એમના અમૃતમહોત્સવ પ્રસંગે અક્ષર સ્વરૂપે અહીં મૂલવાયું છે. (પ્ર. શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ, નારેશ્વર, પો. સાયર, વાયા અંકલેશ્વર; પાકું પૂઠું; પૃ. ૧૬૪ રૂ. ૪).

આપણી ભીંતો શણગારીએ

આપણાં ઘરો, સંસ્થાઓ અને ઑફિસોની દીવાલોને સુશોભિત કરવાની એક સુંદર સગવડ લલિત કલા અકાદમીએ હમણાં કરી આપી છે. ભારતના જૂના-નવા વિખ્યાત કલાકારોની ઉત્તમ કૃતિઓ બહુરંગી છાપકામવાળાં આકર્ષક ભીંતચિત્રોરૂપે તેણે બહાર પાડી છે. સરેરાશ ચિત્રનું કદ ૬૫×૫૦ સેંટીમીટર છે અને તેને ફ્રેઈમમાં મઢાવીને દીવાલ પર ટાંગવાથી આખા ઓરડામાં રંગોનો ઉજાસ ફેલાય છે, સુરુચિનું વાતાવરણ સરજાય છે.

અકાદમીએ અત્યાર સુધીમાં બહાર પાડેલાં આવાં ૩૦ ભીંતચિત્રો પૈકી લોકમિલાપ ટ્રસ્ટે એવાં ૧૨ પસંદ કર્યાં છે કે જેની હરકોઈ સામાન્ય કલારસિક કદર કરી શકે, અને ગુજરાતમાં તેના વ્યાપક ફેલાવા માટે ઝૂંબેશ ઉપાડી છે. આપણી હાઇસ્કૂલો ને કૉલેજોએ આ બારેય બાર ચિત્રો અવશ્ય વસાવવા જેવાં છે. તેને મઢાવીને સંસ્થાના વર્ગોમાં, સભાખંડમાં કે ગ્રંથાલયમાં ટાંગી શકાય. તત્કાલ ઝાઝી ફ્રેઈમ ન કરાવવી હોય તો એકથી પણ આરંભ કરીને બારેય ચિત્રો મહિને મહિને તેમાં જ બદલાવતાં પણ રહેવાય.


સેંકડો રૂપિયાની કીમતે વેચાયેલી અસલ કલાકૃતિઓ પરથી આબેહૂબ છપાવેલા આ દરેક ભીંતચિત્રની કીમત રૂ. ૮-૮૦ છે. એટલે લોકમિલાપે પસંદ કરેલાં બાર ચિત્રોના કુલ રૂ. ૧૦૫-૬૦ થાય. તેનું ગોળ ભૂંગળું વાળીને મજબૂત પેકિંગ સાથે ટપાલમાં મોકલવાનો ખરચ બીજા રૂ. ૪-૪૦ જેટલો આવે. એ રીતે એકંદરે રૂ. ૧૧૦માં આ બાર અત્યંત આકર્ષક ને મનોહર ભીંતચિત્રો કોઈને પણ ઘેર બેઠાં મળી શકે.


વ્યાપક પ્રચાર માટે લોકમિલાપે પસંદ કરેલાં ૧૨ ભીંતચિત્રો આ કલાકારોએ આલેખેલાં છે: ભુપેન ખખ્ખર, શ્યાવક્ષ ચાવડા, રવીન્દ્રનાથ ટાગોર, બેંદ્રે, નંદલાલ બોઝ, સૈલોઝ મુખરજી, યામીની રોય, ગૌતમ વાઘેલા, અમૃતા શેરગીલ. તે ઉપરાંત આપણી મધ્યકાલીન ચિત્રકલાના ત્રણ નાજુક નમૂનાઓ પણ તેમાં શામેલ છે: કીશનગઢ, જયપુર અને મેવાડ શૈલીના.

કદાચ ખોટ ખાઈને પણ અકાદમીએ આટલી વાજબી કીમતે સામાન્યજનોને સુંદર કલાકૃતિઓ સુલભ કરી આપી તે બદલ એને અભિનંદન ઘટે છે. પણ સરકારી ધોરણે ચાલતી આવી સંસ્થાઓની મર્યાદા એ હોય છે કે એક વાર છપાએલી વસ્તુ ખલાસ થઈ ગયા પછી તેને ફરી છપાવતાં એને બહુ જ વાર લાગે છે. એટલે કલારસિકો વહેલી તકે આ ૧૨ ચિત્રોનો સેટ નીચેને સરનામેથી મગાવી લે તે સલાહભરેલું છે:

લોકમિલાપ ટ્રસ્ટ · ૧૫૬૫ સરદારનગર, ભાવનગર ૩૬૪-૦૦૧











કૈલાસનાં શોભાંકનોના
કલાકૌશલનો પરિચય આપતા
આ અંકમાંના લેખમાં ઉલ્લેખિત
ચિત્રો (ડાબી બાજુ) નં. ૨, ૩ અને
૪ તથા ઉપર અનુક્રમે નં. ૭ અને ૮

ઇલોરાની ટેકરીઓમાં
એક જ ખડકમાંથી કોરી કાઢેલા
કૈલાસપ્રાસાદનાં અંગઉપાંગનાં
પરસ્પર સંતુલિત માન-પ્રમાણ,
વિશાળતા ને ઊંચાઈમાંથી
જે પ્રભાવક ભવ્યતા ઊપસે છે,
તેમાં એ પ્રાસાદની અંદરબહાર પથરાએલાં
શોભાંકનો પણ રસપૂરક તત્ત્વ તરીકે
ઉવેખી શકાય તેમ નથી.
કદાચ એના વિના એ પ્રાસાદ
કેવળ પ્રચંડ અને શુષ્ક બની રહેત.
અહીં તથા આ અંકમાં
એ વિષેના લેખમાં આ અલંકરણો પ્રતિ
લક્ષ દોરવાનો પ્રયાસ છે.